॥ હરિ:ૐ

# શ્રીમોટાવાણી

## ૫-૬



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૫

## સત્‌ચર્ચા પ્રશ્નોત્તરી, અમદાવાદ

ઑગષ્ટ-૮, ૧૯૭૪

## પૂ. શ્રીમોટાની દૃષ્ટિ

### સમાજ લક્ષ્મીથી બેઠો નહિ થાય

આપણા દેશમાં, આપણા સમાજમાં, આ મર્દાનગી, સાહસ, હિંમત એ નહિ હોય તો આપણો દેશ બેઠો કેવી રીતે થવાનો ? દેશ બેઠો એકલી લક્ષ્મીથી કદી થવાનો નથી. સાહેબ, લક્ષ્મી સાધન છે, જરૂરિયાત છે, પણ લક્ષ્મીવાળા પાસે ગુણ અને ભાવ નહિ હોય તો એ સ્વચ્છંદી થઈ જશે, તો એ લક્ષ્મીનો દુરુપયોગ થવાનો છે.

(વસંતપંચમી ઉત્સવ-દિન પ્રવચન, તા. ૩૦-૧-૧૯૭૨, વડોદરા)

### સમાજમાં ગુણભાવનો દુકાળ નિવારો

લોકો અનાજ-પાણીના દુકાળની ચિંતા કરે છે, પણ ખરેખર તો સમાજમાં જે ગુણ અને ભાવનો દુકાળ પડ્યો છે, તે માટે મારે કામ કરવું છે. તે માટે પ્રજાની સહાનુભૂતિ હોતી નથી. તેથી મારું કામ મુશ્કેલ બને છે. *સમાજમાં ગુણ અને ભાવનો દુકાળ પડ્યો છે, તે નિવારવા પ્રયત્ન કરવો એ સમાજની સાચી સેવા છે.*

(‘દુષ્કાળ વેળાના એક પ્રવચનમાંથી’) — શ્રીમોટા

સંપાદક :

શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૧૦૮

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઈનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

આ પુસ્તક બને તેટલી ઓછી કિંમતે સ્વજનોને આ કાળઝાળ મોંઘવારીમાં પ્રાપ્ય થાય તે હેતુથી બને તેટલી સાદગીથી છાપકામ કર્યું છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક
**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## શ્રી મણિકાકા તથા અ.સૌ. શાંતાબાને સસ્નેહ સમર્પણાંજલિ...

નડિયાદ આશ્રમના ભૂતપૂર્વ સંચાલક શ્રી મણિકાકાને પૂ. શ્રીમોટા સાથે સંબંધ આશ્રમની સ્થાપના અગાઉનો સ્વ. શ્રી મૂળજીકાકા તથા સ્વ. શ્રી સોમાકાકા (પૂ. શ્રીમોટાના લઘુબંધુઓ) તેમના (શ્રી મણિકાકાના) મિત્રો હોવાથી થયો હતો.

નડિયાદમાં પૂ. શ્રીમોટાએ આશ્રમની સ્થાપના કરી છે તેવી જાણ સ્વ. શ્રી મૂળજીકાકા દ્વારા થતાં, બીજે જ દિવસે શ્રી મણિકાકા નડિયાદ આશ્રમે ગયા હતા અને પૂ. શ્રીમોટાને મળ્યા હતા અને રાત્રે સ્વ. શ્રી મૂળજીકાકાને ત્યાં મુકામ કર્યો હતો. તે દિવસથી પૂ. શ્રીમોટાની ચેતનાનો વધુ ને વધુ સ્પર્શ તેમને થતો ગયો. બાદમાં પૂ. શ્રીમોટા ૧૯૫૬ની સાલમાં શ્રી મણિકાકાના પિતાશ્રીને લકવાની બીમારી હતી. તે સમયે તેમના ઘરે પધાર્યા હતા. તે વેળા શ્રી મણિકાકાના પિતાશ્રીએ પૂ. શ્રીને પ્રાર્થના કરી હતી કે **મોટા**, હવે લઈ લો તો સારું. જેથી પૂ. શ્રીએ આશીર્વાદ આપતા જણાવેલું કે હવે થોડા દિવસમાં લઈ લઈશું ને પછી દશેક દિવસમાં તેમનું દેહાવસાન હરિસ્મરણ કરતાં કરતાં થયું હતું.

મણિકાકાને સન ૧૯૫૭ની સાલમાં એક દિવસ પૂ. શ્રીમોટાને નડિયાદ રેલવે સ્ટેશનેથી આશ્રમ મૂકવા જવાનું બન્યું ને પૂ. શ્રીની ટકોરથી તે દિવસથી આશ્રમમાં જ કાયમી રહેવાનું થઈ ગયું ને પહેરવાનાં કપડાં પણ પાછળથી ઘરેથી મંગાવ્યાં હતાં.

આશ્રમનિવાસ દરમિયાન આશ્રમનું બધું જ કામ રસોડાનું, સાફસૂફી, ઝાડુ મારવાનું, વાસણ ઊટકવાનું ને પછીથી તો હિસાબ-કિતાબ, પત્રવહેવાર ઉપરાંત, મૌનાર્થીઓની વ્યવસ્થાનું બધું જ

કામકાજ તેમને કરવાનું રહેતું. તે લગભગ ૧૬ થી ૧૮ કલાક કામ પહોંચતું અને આ અંગે પૂ. શ્રીમોટાએ ટ્રસ્ટની ઠરાવબુકમાં જાતે નોંધ કરી છે.

થોડા સમય બાદ તેમનાં પત્ની અ.સૌ. શાંતાબહેન પણ પૂ. શ્રીમોટાની ટકોરથી આશ્રમમાં રહેવા આવી ગયાં ને પૂ. શ્રીએ તેમને શાંતાબા કહેવાનું શરૂ કર્યું ને બધાંના શાંતાબા તેઓ બની ગયાં. આશ્રમમાં રહેવા આવ્યાં તે પહેલાં વાંકા વાંકા લાકડીના ટેકાથી ચાલતાં પણ તે પૂ. શ્રીની કૃપાથી બંધ થઈ ગયું ને ટેકા વિના આશ્રમનું, રસોડાનું ઉપરાંત, અનાજ સાફસૂફીનું તમામ કામકાજ કરતાં. વહેલી સવારે કે બપોરે ચાના સમયે પૂ. શ્રી જ ઉઠાડી દેતા હોય તેવો તેમને અનુભવ થતો. તેમના પુત્ર શ્રી હરિપ્રસાદભાઈને બૅંકમાં નોકરી પણ પૂ. શ્રીએ અપાવી હતી.

પૂ. શ્રીમોટા શ્રી મણિકાકાને કહેતા કે તને શું આપું ? પરંતુ તારા અવસાન વખતે છેલ્લી ઘડીએ તારી સાથે હોઈશ.

શ્રી મણિકાકા અને અ.સૌ. શાંતાબાએ આશ્રમમાં રહીને જે સેવા કરી છે, તે પૂ. શ્રીની કૃપા ને શક્તિથી જ કરી છે, એવો તેમનો સ્પષ્ટ અનુભવ છે.

અ.સૌ. શાંતાબાની તબિયત અસ્વસ્થ રહેતી હોવાથી પૂ. શ્રીને જણાવેલું કે **મોટા** હવે મારાથી કામ થતું નથી તો પૂ. શ્રીમોટાએ જણાવેલું કે હું છું ત્યાં સુધી તો રહેવાનું અને પછી પણ કામ ના થાય તોપણ તમારે બન્ને જણાંએ અહીં જ આશ્રમમાં રહેવાનું.

પૂ. શ્રીમોટાએ શ્રી મણિકાકા પ્રત્યે સ્નેહભાવ પ્રગટ કરતાં તેઓએ સ્વહસ્તે એક પત્ર ટ્રસ્ટીમંડળને તા. ૨૩-૯-૧૯૬૪ના રોજ લખેલો, તે આ પુસ્તકમાં અન્યત્ર પ્રગટ કર્યો છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રેકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરેકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥


# સમર્પણાંજલિ


**(ત્રીજી આવૃત્તિ)**

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ
થનાર સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી અમિતકુમાર મહેશભાઈ પટેલ**
તથા
**શ્રીમતી સેજલબહેન અમિતકુમાર પટેલને**
'શ્રીમોટાવાણી ૫-૬' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત





॥ હરિઃૐ ॥

તા. ૨૩-૯-૧૯૬૪

શ્રી ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ,
નડિયાદ.

# પ્રત્યેક ટ્રસ્ટીને વિજ્ઞપ્તિ પત્ર

મારું શરીર ન હોય ત્યારે,
આપણા આશ્રમનો આંતરિક
વહીવટ ભાઈ મણિભાઈ
પટેલ ચલાવે, તથા
આશ્રમની બીજી બહારની
વ્યવસ્થા તથા આર્થિક
જવાબદારીઓ તથા શ્રી
પ્રભુપ્રીત્યર્થેની સમાજમાં
ગુણ ને ભાવ પ્રગટે તેવી
સેવાભક્તિ—એ બધું
કામકાજ ભાઈ રાવજીભાઈ
આશાભાઈ પટેલ ડભાણ–
વાળા ચલાવે, અલબત્ત
તેમાં ભાઈ નંદલાલ શાહની
સલાહ વગેરે લે—જો જરૂર લાગે
તો લે. એવી મારી સલાહ છે.

ટ્રસ્ટડીડમાં મારી
સલાહ મુજબ આવી
વ્યવસ્થા કરી શકાય એવું
લખાણ છે.
તો અત્રે પ્રત્યેક ટ્રસ્ટી
જો તેમને યોગ્ય લાગે તો સહી
કરે, અથવા પોતાનું મંતવ્ય
લખી શકે છે. જોકે ટ્રસ્ટડીડમાં
તો જેમ મારી સલાહ હોય તેમ
વર્તવાનું લખાણ છે.
આ ઉપર બધાંનું મંતવ્ય
મળી જતાં તે ઉપરનો ઠરાવ
નોંધમાં કરી લેવાશે તે જાણશો.

**એ જ લિ. તમારા બધાના મોટાના સપ્રેમ**

સહી નંદલાલ ભોગીલાલ શાહ સ. દા. પોતે
(તટસ્થ) હેમંતકુમાર નીલકંઠ સ. દા. પોતે
મણિભાઈ ભાઈલાલભાઈ પટેલ સ. દા. પોતે
રાવજીભાઈ આશાભાઈ પટેલ
સોમાભાઈ આશારામ ભાવસાર
ચંદુલાલ ગોરધનદાસ ભાવસાર

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. બધી સમજણ પહેલાં અંદર પડે છે ................. ૨૦

૨. હાલમાં આપણામાં પ્રકૃતિ Predominant છે ....... ૨૧

૩. ભગવાનના માર્ગમાં દંભ નહિ ચાલે ............... ૨૨

૪. ભક્તિ લાગે તો ભગવાનનો ભાવ ટકે ............. ૨૨

૫. જાગતા નરને સેવો ................................ ૨૩

૬. ભગવાનના ભાવથી તમારી જાતને માપો ........... ૨૩

૭. સદ્‌ગુરુ પ્રત્યે ભાવ કેળવો .......................... ૨૪

૮. ચેતનની સભાનતા માટે કોઈ સાધન કરો ........... ૨૫

૯. પદ્ય-રચનાઓ Autobiography of my Sadhana છે ................................ ૨૫

૧૦. સદ્‌ગુરુને વળગેલાં જ સદ્‌ગુરુનું ખૂન કરે છે ......... ૨૬

૧૧. કાં તો સાધના કરો કાં તો સદ્‌ગુરુને વળગો ......... ૨૭

૧૨. ભગવાન પાપપુણ્ય જોતા નથી...................... ૨૮

૧૩. પૈસા કમાવા સહેલા છે, ભક્તિ કરવી અઘરી છે ..... ૨૮

૧૪. ભગવાનને કોઈ લેબલ નથી ....................... ૨૯

૧૫. કર્મ કરતી વેળા ભગવાનની સભાનતા રાખો ........ ૩૦

૧૬. સ્વાર્થમાં કોઈનું Negativeપણું આપણે જોતાં નથી .. ૩૦

૧૭. ભગવાનનું નામ લઈ છેતરનારા કરતાં નાસ્તિક વધુ સારા છે ............................ ૩૧

૧૮. હું પૈસાનો પૂજારી નથી, ભગવાનનો પૂજારી છું ...... ૩૧

૧૯. ભગવાનનો અનુભવ અંદર થાય છે ................ ૩૨
૨૦. સદ્ગુરુ ઘેર બેઠાં શિખવાડે છે...................... ૩૩
૨૧. સદ્ગુરુને આપણામાં જીવતા કરવાની રીત .......... ૩૪
૨૨. ગુજરાત માટે મને પ્રેમ છે......................... ૩૫
૨૩. મનાદિકરણને ભક્તિમાં લગાડો ................... ૩૬
૨૪. ભગવાનને કોઈ આકાર નથી,
આકાર બધાં કલ્પિત છે ........................... ૩૭
૨૫. પ્રેમભક્તિપૂર્વકના હુકમપાલનથી
સાધનામાં વેગ મળે છે ........................... ૩૮
૨૬. ભક્ત, જ્ઞાની પણ હોય છે અને
જ્ઞાની, ભક્ત પણ હોય છે ....................... ૩૯
૨૭. ભગવાનનો ભાવ જગાડવા સાધના ................ ૪૦
૨૮. ભગવાનના માર્ગનાં સાધનો—અભય, નમ્રતા,
મૌન અને એકાંત ................................ ૪૧
૨૯. પહેલાં કડીતોડ સાધના-પછી ભગવત્ કૃપા........... ૪૨
૩૦. ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનનો અનુભવ ............. ૪૩
૩૧. જ્વાળામુખી જેવી ધગધગતી જિજ્ઞાસા પ્રગટાવો ...... ૪૩
૩૨. ભગવાનના નામથી બધું મળે છે ................... ૪૪
૩૩. ભગવાનની સમગ્રતાનો અનુભવ
આપણા માટે અશક્ય છે.......................... ૪૪

• • •

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટાનો અપ્રગટ પત્ર

**શ્રી દોરાસ્વામી જે શ્રીઅરવિંદના અંગત સ્નેહી અને પ્રેમી હતા, તેમના દીકરાનું યુદ્ધમાં અવસાન થયા પછી પૂજ્ય શ્રીમોટાએ તેમને લખેલો પત્ર.**

પ્રભુની રચનામાં જે ભયંકરમાં ભયંકર લાગતું હોય, તે પણ તેના વિકાસના હેતુ અર્થે જ થતું હોય છે. ભારતના સમગ્ર સમાજના ઘોર તામસયુક્ત જીવનને જગાડવા, ઉઠાડવા માટે એવી ભયંકર મુસીબતો, વિઘ્નો, મુશ્કેલી, આફતો, દુઃખ આવું બધું અનિવાર્ય છે. ભગવાન આપણું કલ્યાણ કેવી રીતે કરવા ચાહે છે તેની આપણને કશી જ ગતાગમ નથી હોતી.

પ્રભુ પર ભલેને શ્રદ્ધા, વિશ્વાસ કોઈને જરા પણ ન હોય, તેમ છતાં પ્રભુ કાંઈ થોડો જ તેને છોડી દેતો હોય છે. જીવન કાંઈ હાલ જેટલું ને જેવું છે તેટલું જ હોય છે એવું કશું નથી. જીવન તો પહેલાં પણ હતું, હવે પણ છે ને પછીથી પણ હોવાનું જ. જીવનનાં અનંત પાસાં છે. ને તે પ્રત્યેક પાસામાં એનાં દર્શનનો તેનો અનુભવ થવાની આવશ્યકતા રહેતી જ હોય છે. સોનાનો કે લોઢાનો આકાર ઘડવાને કાજે એને જે ભયંકર ગરમીમાંથી પસાર થવું પડે છે ને એને ભારેમાં ભારે હથોડાના ઘા એરણ પર સહેવા પડે છે. એવી એની સ્થિતિ તે પણ તેને તેના ઘડવાની જ ભૂમિકા હોય છે, પરંતુ તેનું આપણને જીવતુંજાગતું ભાન પ્રકટેલું હોતું નથી. આપણે જીવનની કારમામાં કારમી પરિસ્થિતિમાં જે મુકાઈ જવાનું બને છે ને તેથી જીવન જે ભારે ઝંઝાવાતોથી પછડાઈ પછડાઈને જે દુઃખના

ગર્તમાં પડી જઈને ત્યાં જે એની કારમી નિરાશાવાળી દશા પ્રકટે છે તેવી દશામાં ક્યાંય કોઈપણ દિલાસો દિલને ખપમાં લાગતો હોતો નથી. દિલ દિલથી દિલમાં સાવ નોધારું એકલું એકલું થઈ જતું હોય છે. ને ત્યારે જીવન એક બોજારૂપ પણ કેટલાકને લાગે તે સ્વાભાવિક છે.

પ્રત્યેક જીવને જેને સમજણ તે તે કાળે જે તે પ્રમાણેની પ્રવર્તતી હોય છે, તે તે પ્રકારની સમજણ તેના જીવનના આગળના તબક્કામાં તેવી ને તેવી જ પ્રવર્તતી હોય છે એવું કશું નથી.

કુદરતના કાયદામાં પ્રત્યેક ફેરફાર હોયા જ કરે છે. ફેરફાર એ તો એનો સનાતન અધિમય કાયદો છે. એવા ફેરફાર દ્વારા જ કુદરત જેને તેને ઘડતી હોય છે. જગતમાં કશું પણ ફેરફાર પામ્યા વિના રહી શકતું નથી. અંધકાર ગમે તેવો ગાઢ હોય છે, છતાં પ્રકાશ ફરી પ્રકટવાનો જ હોય છે, એટલું જ નહિ પરંતુ ગાઢ અંધકાર હોય છે જ, પરંતુ જે જે પ્રમાણે તે પરખાતું હોતું નથી. તે પ્રકાશ પરખાતો હોતો નથી. તેમાં કંઈ પ્રકાશનો દોષ હોતો નથી. આપણે પ્રકાશ પરત્વે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર ને સભાનતાની ભૂમિકાવાળાં હોતાં નથી.

પ્રત્યેક જીવની જે જે કાળે જે જે સમજણની સ્થિતિ પ્રકટે તેમાંથી જો મુક્ત થવાની એને અદમ્ય પ્રેરણા જાગે તો તેવી સમજણની દશામાંથી પણ તે પ્રભુકૃપાથી મુક્ત જરૂર થઈ શકે. નહિતર તો માનવી તેવી ને તેવી જ દશામાં પડ્યો જ રહ્યા કરવાનો ને જે ઊઠે જ નહિ, જાગે જ નહિ, જે જાગી ઊઠી મથે જ નહિ તેને તો કોણ ઉઠાડી શકે ને જગાડી શકે! પ્રભુ તો સદાકાળ આપણી સાથે જ રહેલા હોય છે ને આપણા જીવનમાં તે ઓતપ્રોત વણાયેલા જ હોય છે.

સમગ્ર સમાજને તેવી જ રીતે વ્યક્તિને પણ તે તેને ઘડવાની પ્રક્રિયામાં હોય છે.

**સમાજના જીવનમાં જ્યારે જ્યારે ઘોર તામસ પ્રવર્તેલું રહ્યા કરેલું હોય છે, તે તે પોતે જ્યારે આળસ મરડીને બેઠો થઈ શકતો નથી, ત્યારે ત્યારે કુદરત તેવા સમાજને પારાવાર મુશ્કેલીઓ, ઘોર વેદના, દુ:ખો, કોયડાઓ વગેરે જીવનમાં પ્રેરાવી પ્રેરાવી તેને જાગ્રત કરવાને મથે છે. તેવી જ રીતે વ્યક્તિનું છે.**

કોઈપણ શરીરધારી ચેતનાત્મક આત્મા સાથે કોઈ અકળ એવા કારણથી પ્રભુકૃપાથી કોઈપણ રીતે મદદકર્તા થઈ પડ્યા હોઈએ છીએ તો તેવું આપણા જીવનમાં ઊગી નીકળ્યા વગર રહી શકતું નથી. આપણે જ્ઞાનભક્તિપૂર્વકનાં સ્વીકાર ને સભાનતાની ભૂમિકાવાળાં જો નથી હોઈ શકતાં તો તેથી કરીને પણ તે બેઠો નથી રહી શકતો. એ તો જીવનમાં અનેક ઊથલપાથલો કરાવ્યા જ કરવાનો. એની જગાડવાની, બેઠા કરવાની ને મથાવવાની રીત તે એની પોતાની આગવી ને સ્વતંત્ર હોય છે. જે આપણી સમજણના ચોકઠામાં બરાબર બંધબેસતી ના હોય, તેથી કરીને તે કંઈ પણ યથાર્થ નથી એમ તો નહિ જ કહી શકાય. એકવાર આપણાં પાનાં જો એવાની સાથે પડી ચૂક્યાં ને આપણે ગમે તેટલા ભલેને હાલીએ ચાલીએ નહિ ને ભલેને ઘડીવાર એમ માની લ્યો કે એનાથી વિમુખ થયેલાં હોઈએ તોપણ તે તો તેનું કામ કર્યા જ કરવાનો છે. તે તો અનેક પ્રકારના જુદાજુદા આઘાતો પ્રેરાવી પ્રેરાવીને અંતરની ભૂમિકાને જાગ્રત કરવાને મથ્યા કરવાનો જ છે. તે પ્રભુકૃપાથી આપણી અજાણમાં પણ આપણને કોઈ ને કોઈ રીતે મથાવ્યા કરવાનો છે. આવા પ્રકારના અંધકારને સકળ આધારને પણ ઊથલપાથલ કરી મૂકે એવા પ્રસંગો પણ જીવનમાં પ્રકટવાના જ છે. જ્યાં સુધી આપણે તેને જ્ઞાનભક્તિપૂર્વક ભાવથી પ્રત્યુત્તર આપતાં નહિ થઈ

શકીએ, ત્યાં સુધી આવી પ્રકટેલી પ્રક્રિયાને હવે આપણે કોઈ ઉપાયે થોભાવી શકવાનાં નથી. આવું બધું આપણને રુચે કે નહિ તોપણ આપણી રુચિ કે અરુચિનો પ્રશ્ન રહેતો નથી.

ઘણીવાર તો તે માનવીને દુઃખના ગર્તમાં નાખીને પણ ઘડતો હોય છે. ઘણીવાર આઘાતપ્રત્યાઘાત પ્રેરાવીને પણ ઘડી શકે છે. કેટલીકવાર તો કેટલાક ઉચ્ચ કક્ષાએ સાધનાની ભૂમિકામાં પ્રકટેલા જીવને પણ ઘોર તામસની ખીણમાં પ્રવેશાવીને ત્યાં તેને પડ્યો રહેવા દઈ અને તે રીતે પણ તેનું ઘડતર કરે છે. આ વિધાન કદાચ વિરોધવાળું લાગે તેમ છતાં તે અનુભવની હકીકત છે. કોઈક કોઈક જીવોને વૈભવ વિલાસની સ્થિતિમાં પ્રગટાવીને તે તે જીવોનું ઘડતર પણ તે દ્વારા તે કરતો હોય છે. કેટલાક જીવને તો જીવદશાની નકારાત્મક Tendencyમાં પ્રકટાવીને પણ તે તેવા જીવનું ઘડતર કરી શકે છે ખરો. આવા બધા કિસ્સાઓમાં જે કોઈ જીવને મળેલી પરિસ્થિતિ વિશેના હેતુની સભાનતા પ્રકટે છે, તેવા જીવનો ઉઠાવ જલદી થાય છે.

આવા ચેતનાનિષ્ઠ-ચેતન પામેલા શરીરધારી આત્મામાં આપણા હૃદયના જ્ઞાનભક્તિપૂર્વકના હેતુમૂલક શ્રદ્ધા, વિશ્વાસ જો જીવતાં-જાગતાં પ્રકટી ગયાં હોય તો તેવા જીવનું કલ્યાણ નિશ્ચિત છે.

મનુષ્યમાત્રના જીવનમાં ભગવાન પોતે ભાગ લઈ જ રહેલો હોય છે, પરંતુ તે પરત્વેની એ જે (માનવીને) સભાનતા પ્રકટેલી હોતી નથી. તે જ એક માનવીને માટે મોટી ખાટલે ખોડ છે. જડ જેવી વસ્તુઓ પર વનસ્પતિ, પ્રાણીમાત્ર પર શ્રીપ્રભુની—ચેતનની અસર તો હોય છે જ. માનવી ભગવાનને ભજતો નથી હોતો. એટલું જ નહિ પરંતુ શ્રીભગવાનનો જે શત્રુ બનેલો હોય છે કે વિરોધી હોય છે અથવા તો જે એનું અસ્તિત્વ મુદ્દલે સ્વીકારતો હોતો નથી તેવાનામાં પણ શ્રીપ્રભુ ભાગ ભજવી રહેલો હોય છે

જ. જડ પર, વનસ્પતિ પર, પ્રાણી પર, આ બધા પર સૂર્ય, ચંદ્રની અસર છે જ ને વરસાદ પણ તેમના પર પડે છે. આ તો એટલું બધું સ્પષ્ટ છે કે તે માનવીની બુદ્ધિને કબૂલવું પડે તેવું છે. માનવીને પણ પ્રાણીમાત્રને વનસ્પતિ સુધ્ધાંને તેજ, પવન, પાણી વિના ચાલી જ ન શકે, ને તેમના વડે જ તેમનું જીવન ટકે છે. પોષાય છે. જીવનને માટે તે કેટલાં બધાં કીમતી છે, અતિ મહત્ત્વનાં છે. તેમ છતાં માનવીના દિલમાં તેમનું કશું પણ મહત્ત્વ જાગતું જ નથી. એ તો દીવા જેવું ઉઘાડું છે. પવન, તેજ, પાણી, જમીન (પૃથ્વી) વિના તો માનવીને, પ્રાણીને, વનસ્પતિને કદી પણ ચાલી જ ન શકે. પળે પળે તો તે તે બધાંનો ખપ છે. જેના વડે કરીને જે જે બધું જીવતું હોય છે. તેમ છતાં તે બધાંમાં માનવી વધારે અજ્ઞાન છે. તેમ છતાં માનવીનું દિલ તે પરત્વે કદરદાનીભર્યું જ્ઞાન કદી પણ જાગેલું હોતું નથી. બલકે તે પરત્વે, સદા સર્વદા તદ્દન અજ્ઞાન છે. આવું હોવા છતાં ભગવાનની કરુણા તો અપરંપાર છે.

જીવનનો વિકાસ થવા કાજે ચેતન પરત્વેની સભાનતા પ્રકટેલી હોવી એ અત્યંત આવશ્યક પગલું છે. તે વિના વિકાસ કદી પણ શક્ય નથી. **આપણે એના પરત્વે રહ્યા કરીએ છીએ પરંતુ તે રહેતો નથી.** જીવનમાં ચેતનને સક્રિયપણે કામ કરતો જો આપણે અનુભવેલો હોય તો ચેતન પરત્વેનાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહં, એકાગ્રતાથી કેંદ્રિતપણે સતત જીવતાંજાગતાં પરોવાયેલાં હોવાં ઘટે. તો જ જીવનમાં પણ આપણે તેવું જરૂર અનુભવી શકીએ જ.

ઉપર જે વર્ણવેલા એવા શરીરધારી આત્મા છે, તેઓના માથા પર કોઈપણ જાતનું ઋણ તો હોતું નથી. તેમને થયેલી મદદ ભલેને પછીથી તો અજ્ઞાનપણે થયેલી હોય, તે મદદનો તેવા તેવા આત્મા સ્વીકાર કરે છે ને એવી તેમને થયેલી મદદ તેમનો ભગવાન પોતે ભગવાનના ભક્તને થયેલી મદદનું ઋણ વાર્યા વિના રહેતો નથી.

ભક્ત તો કશું જ પાછું વાળી શકે તેમ નથી. એનું તો જે તે બધું એના ભગવાન પર જ છોડી દેતો હોય છે. ભગવાનની ઘડવાની રીત પણ એની પોતાની સ્વતંત્ર તદ્દન નિરાળી, અગમ્ય, આગવી ને અનોખી હોય છે. ભગવાન પોતે અનેક જુદી જુદી રીતે માનવીને ઘડતો હોય છે. એની ઘડતરની ક્રિયા માનવીનાં મન, બુદ્ધિ તો અનેક મડાગાંઠોથી, પૂર્વગ્રહોથી ને ટૂંકી અજ્ઞાનયુક્ત સમજણોથી મર્યાદિત થયેલી હોય છે. એવી બુદ્ધિથી માનવી ભગવાનને કે તેની કૃપાને કે ભગવાનની માનવીની ઘડવાની કળાને કદી સમજી શકવાની શક્યતામાં જ હોતો નથી. આવું હોવા છતાં ભક્તને કે એવા શરીરધારી આત્માને કરાયેલી કોઈપણ જાતની મદદ કદી અફળ જઈ શકતી નથી. ક્યારે કેવી રીતે ઊગે એની રીત તો એની પોતાની જ છે. મદદની રીતે મદદની જાતમાં જ ફળે તેવું પણ હોતું નથી. દરેક વ્યક્તિની બાબતમાં તે જુદી જુદી જ હોયા કરવાની.

— મોટા

॥ હરિ:ૐ ॥

## ઉદ્‌ઘોષક

તા. ૮-૮-૧૯૭૪ના દિને શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબને ત્યાં (અમદાવાદમાં) પૂ. શ્રીમોટાને શ્રી અનુપરામ ભટ્ટ સાહેબે પૂછેલા પ્રશ્નો દ્વારા થયેલા સત્સંગનો આ અહેવાલ હવે પછી આપવામાં આવે છે.

## બધી સમજણ પહેલાં અંદર પડે છે

**શ્રીમોટા :** હા, કહો સાહેબ, કાંઈ સરસ. એ ભઈ, જરા બધા શાંત રહેજો. હવે આ એક સત્સંગનો વિષય ચાલે છે એટલે જરા શાંતિ રાખશો તો જરા મને આ દમમાં અને બોલવામાં મદદ થઈ પડશે. કહો સાહેબ.

**જિજ્ઞાસુ : મોટા,** આપ કહેતા હતા અદ્વૈત અંદર અને દ્વૈત બહાર. એવી આપ વાત કરતા હતા.

**શ્રીમોટા :** ના, હું એમ વાત કરતો હતો કે જે કાંઈ અનુભવ થાય છે. દ્વૈત કે અદ્વૈત ગમે તે કહો. સંસારવહેવારનો કોઈ પણ પ્રસંગનો. કાંઈ પણ જે આપણને જાણ થાય છે, સમજણ થાય છે તે પહેલાં અંદર થાય છે. કારણ કે જેના વડે જે સમજવાનું છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્. એની પાછળની વાત બધી કરવી નકામી છે, પણ આ તો બધાં સમજી શકે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ વડે કરીને આ સંસારની બધી ઘટના આપણને સમજાય છે. એ જે સમજાય છે તે પહેલી અંદર સમજાય છે.

જુઓ ત્યારે, જે તે કાંઈ બધું દશ્યમાન થયું ઇંદ્રિયોથી. જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, એ દસ. અને પછી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્. આ બધાંથી જે કાંઈ થયું તે અંદર થાય છે. બહાર નહિ. અંદર થયા પછી, સ્ફોટ થયા પછી કે આ ફલાણી વ્યક્તિ છે. આ મારા ઠાકોરભાઈ છે. એ મેં વ્યક્ત કર્યું, પણ પહેલું

અંદર થયું. એ જો તમને બુદ્ધિમાં કબૂલ થતું હોય તો એ જ નિયમ આમાં ભગવાનની વાત, ચેતનની બાબતમાં લાગુ પડે છે. એ ચેતનનો અનુભવ પહેલાં અંદર થાય છે.

## હાલ આપણામાં પ્રકૃતિ Predominant છે

હવે જે ચેતનનો અંદર જે અનુભવ થાય છે, તે એક આખો જુદો વિષય માગી લે છે. અંદરનો અનુભવ એમ ને એમ નહિ થાય. આ આપણે અત્યારે આપણામાં પ્રકૃતિ Predominant છે. એ પ્રકૃતિ Predominant છે. તે પ્રકૃતિના ગુણધર્મ છે અને પ્રકૃતિને લગતી જે બધી સમજણ એ સમજણ પ્રમાણે જે તે બધું આપણને લાગે છે. પહેલાં અંદર પછી બહાર વ્યક્ત થાય છે, પણ એ દરેક માણસને જુદું જુદું. એક જ માણસ તમને સારો લાગતો હોય. એ જ માણસ બીજાને ખરાબ લાગે. એ જ માણસ બીજાને પરગજુ લાગે. એક માણસનાં ઘણાં પાસાં એ આપણી બુદ્ધિ કબૂલ કરે. એ ઘણાં પાસાંનો જુદા માણસોને જુદો જુદો અનુભવ થાય છે, કારણ કે એ જ રીતે એ પરિચયમાં આવ્યો.

ત્યારે ચેતન પરત્વે પણ એમ જ છે. ચેતન પરત્વે. ચેતન એવું નથી. ચેતનનો કહો કે આ પેલા સંસારી માણસ જેવા અનેક પાસાં હોય તે વાત નથી. પણ માણસ જે છે. જે એની ભક્તિ કરે છે. તે એના સવાલ નોખા નોખા. એની સમજણ નોખી નોખી. એના ગુણધર્મ નોખા નોખા. એની પ્રકૃતિ નોખી નોખી. એટલે એ એની સાધના કરતાં કરતાં જ્યારે દ્વંદ્વાતીત કે ગુણાતીત થાય. એટલે પ્રકૃતિ મોખરેથી નીકળી જાય, ગૌણત્વ પામી જાય અને ભગવાનનો ભાવ. ભગવાન મોખરે નથી રહેતો. શરૂ શરૂમાં બાહ્ય સાધના કરતાં કરતાં ભગવાનની ભાવના. ભાવના જેને કહીએ. ભાવ મોખરે થાય. અને ભાવ મોખરે થાય તો દિવસમાં કેટલા કલાકમાં કેટલો વખત સુધી તમારામાં એ રહે છે. તમને સમજણ પડેને ?

## ભગવાનના માર્ગમાં દંભ નહિ ચાલે

આ સંસારમાં કોઈ સ્વાર્થમાં હોય તો એ સ્વાર્થ કેટલો વખત તમારા મગજમાં રહે છે એ તમને સમજણ પડે છે. કોઈ તમારો ભણવાનો વિષય સમજણ પડે છે. કોઈ તમારી દુનિયાદારીની સંસારની વાત તમને સમજણ પડે છે કે કેટલા વખત સુધી તમારા મનમાં રહે છે. અને આ ભગવાનનો ભાવ અથવા તો ભગવાન વિશેની હકીકત જો તમારા મનમાં ટકતી ન હોય તો તમે સમજી લેજો કે આ માર્ગના તમે પ્રવાસી નથી. ખોટી વાત છે. નીકળી જાવ વહેલા. દંભ ના કરો. બધું ચાલશે આ ભગવાનના માર્ગમાં. દંભ નહિ ચાલે. Complete transpararent Frankness, Sincerity, Honesty and Devotion આ ચાર વસ્તુ આમાં જોઈશે. નીકર નહિ ચાલે તમારું. બીજું બિલકુલ કાંઈ પણ નહિ ચાલે.

ત્યારે એક સાધનને પકડીને તમે કેટલો વખત રહો છો એ તો પરીક્ષા કરો. આ માર્ગે ચાલવા નીકળેલા મારા બેટા, લઈને મંડેલા. કોઈ કરી નથી શકતા. તમે પ્રયોગ કરો. એક સાધનને લઈને તમે જુઓ કે કેટલા વખત સુધી, કેટલા કાળ સુધી પાંચ, છ, સાત કલાક સુધી—બે કલાક, ચાર કલાક કેટલા કલાક સુધી એક સાધનને લઈને વળગીને તમે રહ્યા કરો છો. અચ્છા, એ છોડી દો.

## ભક્તિ લાગે તો ભગવાનનો ભાવ ટકે

આ તો ભગવાનનો ભાવ કેમ ટકે એના પર બોલું છું. ત્યારે ભગવાનનો ભાવ એની મેળે નહિ ટકે. ભક્તિ લાગશે. હવે ત્યારે ભક્તિ કેમ લાગે ? અનુરાગ થયા સિવાય તો લાગશે નહિ. રાગ જુદો. અનુરાગ જુદો. તમારા સંસ્કૃત શબ્દમાં ડિક્ષનરીમાં ખોળી લેજો. રાગ કરતાં અનુરાગ વધે છે. બીજા સામાન્ય માણસોને સમજણ નહિ પડે આ. પણ રાગ કરતાં અનુરાગ વધે છે. એની માત્રા પણ ભારે. અસરકારક પણ અનુરાગ ભારે. ત્યારે એનો અનુરાગ લાગવો જોઈએ.

## જાગતા નરને સેવો

હવે પેલાં સાધનો તો સાલાં ખટપટિયાં તો આપણાથી નહિ થાય. ત્યારે કોઈ જીવતાજાગતા નર સાધો. જાગતા નર સેવીએ. કબીર સાહેબે કહેલું આ. તે કોને એવી પડી છે ? જાગતા નરને. એના મનમાં કોઈ ઘણાં બધાં મને પગે લાગે છે. ગુરુ કહે છે. બાપા આમ કરો, તેમ કરો. ફલાણું કરો. મને બધાં. આ વેશ બહુરૂપીનો મેં લીધો. તે મને ખબર પડે છે, પણ મારી હાહુના તમે કેટલો કાળ આ ગુરુને રાખો છો તમારા મનમાં ? આ ચોવીસ કલાકની અંદર. આ ચોવીસ કલાકની અંદર કેટલા કલાક રાખ્યો ? કેટલી મિનિટ રાખ્યો ? તેનો હિસાબ તો જરા કાઢો. મને બતાવો.

હું કબૂલ કરીશ અને હું ખોટો હોઈશ તો જગતમાં જાહેર કરીશ કે હું જુઠ્ઠો. દયારામભાઈએ એક વખત ગાયું છે, *'હું જુઠ્ઠો જગદીશ લજ્જા મારી રાખેથી રહીશ.'* એ ગમે તે પ્રસંગમાં એણે કહ્યું હોય, પણ દયારામભાઈએ ગાયું છે ખરું. *'હું જુઠ્ઠો જગદીશ લજ્જા મારી રાખેથી રહીશ.'* હું એવું નહિ કહું. મારા ભગવાન પાસે હું કહીશ કે આજ સુધી મેં તને છેતર્યો છે એમ હું કહીશ. મારા ભગવાનને ખુલ્લો થઈને કહીશ કે આટલા બધાના આ માણસે આ કાળ સુધી મારા વિશે અનન્ય ભાવથી ને તેમ છતાં કશું બન્યું નહિ માટે હું જુઠ્ઠો. અને મારી જાતને હું કોઈ કાળે છાવરીશ નહિ. બિલકુલ નહિ છાવરું. પણ એ મારી વાત સાચી છે. (વચ્ચે એક ભાઈને : ભાઈ, ત્યાં બેસો તમે.)

## ભગવાનના ભાવથી તમારી જાતને માપો

તે કેટલો વખત તમે એક સાધન લઈને પકડી લો છો. એ તો તમે જાતે જુઓ. ઘણા મને કહે **મોટા,** તમે આમ ન કર્યું. આમ ન કર્યું. અરે મૂઓ, સાલા **મોટા**ને જવા દોને. તમે કોણ છો ? તમારી જાતને આમાં, તમારે ભગવાનને માર્ગે જવું હોય તો બીજાનો આશ્રય લેવાનું છોડી દો. તમે પોતે કેટલાક મજબૂત છો ? તમે પોતે કેટલું કરી શકો એમ છો. તમારા પોતાનામાં કેટલી શક્તિ છે ? તમારા પોતાનામાં આગળ

વધવા માટેની તમન્ના જ્વાળામુખીના જેવી કેટલી પ્રકટેલી છે એ તમે જોઈ લો. એ તમને ખબર.

સાલો ક્રોધ આવે તો ખબર પડે. મોહ થાય છે તો ખબર પડે. સ્વાર્થ લાગે તો ખબર પડે. એની સભાનતા તમને રહે છે. સ્વાર્થની કોને સભાનતા નથી રહેતી ? મને કહે આગળ આવીને. જો સ્વાર્થની તમને સભાનતા રહે છે તો ભગવાનના ભાવની ના રહે એવો. એવા તમને એ કેમ બની શકે ? કોઈ પણ સાઇકોલૉજીસ્ટને લાવો મારી પાસે. જો સ્વાર્થની તમને સભાનતા રહે તો ભગવાનનો ભાવ છે. તો કે એ તો **મોટા** ઘડીપળ થોડીકવાર રહે છે. અચ્છા ભઈ, કબૂલ છે. ભલે થોડી પળ. હા, પણ ચોવીસ કલાકની અંદર તેનો સરવાળો તો કાઢો કે પાંચ મિનિટ રહી, બે મિનિટ રહી એમ કરીને આખા દિવસના ચોવીસ કલાકમાં કેટલો વખત રહે છે ? એના ઉપરથી તમે માપ કાઢો કે આ માર્ગના તમે પ્રવાસી છો કે કેમ ?

## સદ્‌ગુરુ પ્રત્યે ભાવ કેળવો

હવે સાધન ના થઈ શકે તો સદ્‌ગુરુને વળગો. સદ્‌ગુરુ એ પાંચ તત્ત્વોનું—શરીરનું ખોખું છે. એ વાત સાચી. પણ *'સંતો જાગતા નર સેવીએ'.* પણ તમારી પાસે કાંઈ પરીક્ષા નથી કે આ જાગતો છે કે મારી હાહુનો ઊંઘતો છે. આ કામી છે કે ક્રોધી છે કે ફલાણો છે. એ તમારી પાસે કોઈ પરીક્ષા થરમૉમિટર એની પાસે છે નહિ. ત્યારે શી રીતે સમજણ પાડવી ? કોઈ નિમિત્ત સંજોગે આપણને આવી મળ્યો. અને પછી તમને તમારી પાસે બુદ્ધિ રાખો. કાંઈક ભાવના રાખો. સમજી લો. એનાં કામ સમજી લો. એને સમજી લો પણ એને એક માણસ તરીકે તમે સમજ્યા. પણ તમારે ભાવ નહિ બેસે એને. તમારે જો એને સદ્‌ગુરુ સ્વીકારવો હોય તો ભાવ રાખવો પડશે. એ કે દહાડે કહીને નીકળ્યો છે, નાળિયેર આપવા લઈને. વરઘોડો કાઢીને નીકળ્યો નથી કે મને સદ્‌ગુરુ કરો ભાઈ. પણ જો તમારે કરવા હોય તો ભાવ તમારે કેળવવો ના હોય તો કેળવવો પડશે. મેલો નીકર માથાકૂટ. આ વાત ચોક્કસ છે.

## ચેતનની સભાનતા માટે કોઈ સાધન કરો

ત્યારે ચેતનની સભાનતા આપણામાં રહેવાને માટે કાં તો એક સાધન કરો અને એ સાધનમાં કેટલા કાળ સુધી તમે ટકી રહો છો એનો અભ્યાસ કરો. તમને જો લાગે કે દિવસના ચોવીસ કલાકમાં ચાર કલાક સુધી પણ એ સાધનમાં તમે ટકી રહો છો. તો એ માણસને માટે શક્યતા છે. આગળ વધારી શકશે પછી. સમય એણે વધાર્યા કરવો જોઈએ. પંદર, સોળ કલાક સુધી તમે લઈ જાવ. પછીનું કામ ભગવાન કરશે કે સદ્‌ગુરુ તમારો કરશે. પછી આગળ શક્તિ નથી આપણી. બીજા કોઈની હશે. મારી નથી.

મેં આ અનુભવપૂર્વક સમજી સમજીને, મગજમાં બુદ્ધિ દોડાવીને મેં કર્યું. પંદર-સોળ કલાક સુધી લઈ ગયો હતો. પછી મારાથી જવાતું ન હતું. બહુ પ્રાર્થના પણ કરી છે. બહુ મથામણ કરી છે. જુદાં જુદાં સાધનો ગુરુમહારાજે બતાવેલાં તે કરી બતાવ્યાં છે. એમ નહિ કે નહિ. કરી બતાવીને એનાં પરિણામ સહિત જાણીને પાકું કરીને આ કર્યું છે.

## પદ્ય-રચનાઓ Autobiography of my Sadhana છે

આ બધાં મારાં જે ગીતો લખું છે. તે આ Autobiography of my Sadhana છે. આજે નહિ એને સમજણ પડે. પણ સો વર્ષ પછી કોઈ માણસ અભ્યાસી નીકળશે. તેને સમજણ પડશે. મેં લખ્યું છે એટલા માટે નહિ. પણ માનવીય હેતુથી લખું છું. અને મને આ ગદ્ય કરતાં પદ્ય મને બહુ સહેલું અને સરળ લાગે છે. એ એક આઠ લીટીમાં એક ભાવ ટકાવી દેવો. બીજી આઠ લીટીમાં બીજો ભાવ. એ પેલામાં મારાથી થતું નથી.

એ ભલેને ના વેચાય. તેની મને ચિંતા નથી. પણ આ કાળમાં હું પૈસા ખરચતો નથી. કોઈક મને પૈસા આપે છે અને હું છપાવે રાખું છું. ઇંદુકાકો (શ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસ, ટાઉન હૉલ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬) એના ઘરમાં ભરી રાખે. ગમે ત્યારે વેચાશે તો વેચાશે. નહિ વેચાશે તો મારા

જીવનની આ એક મોટી વાત છે. તે મારે કહી દેવી છે. મરતાં મરતાં ઘણા લોકો કહી ગયા છે. તે હું તો પારકાંના પૈસાથી કરું છું. મારા ઘરના પૈસા કે આશ્રમના પૈસાય ખરચતો નથી. અને મને પૈસા મળે છે. ભગવાનની કૃપાથી આપે છે. તે હું છપાવ્યા કરું છું. Autobiography of my Sadhana. એ વાંચશે માણસ.

તો હું તો ગમે તેમ લખું છું, કારણ કે મેં ઘણાના જીવનમાં ઘનચક્કર જેવું કામ કર્યું હોય. મૂર્ખામી ભરેલું. ઘનચક્કર જેવું. તે સાલા સાહિત્યની દૃષ્ટિથી યોગ્ય શબ્દ ન હોય, પણ હું એને ગણકારતો નથી. મારે સાહિત્યની સાથે શું ? સાહિત્યમાં મેં ઑનર્સ લીધેલું સાહેબ. બી.એ.માં તો સંસ્કૃતમાં તો પંચાત .... ટકા સુધી માર્ક લાવતો હતો. તો ધારું તો સુંદર સાહિત્ય હું લખી શકું, પણ મારું એ કામ નથી. મારે તો ગુરુમહારાજનો હુકમ પાળવો છે કે સાદામાં સાદું, સરળમાં સરળ, અભણ માણસ પણ સમજી શકે એવું લખવું. તે પરીક્ષા પણ કરું છું. એટલે આ બધું લખું છું.

## સદ્‌ગુરુને વળગેલાં જ સદ્‌ગુરુનું ખૂન કરે છે

પણ મૂળ વાત તો આ છે કે ભગવાનનો ભાવ આપણા અંતરમાં પ્રગટ્યા સિવાય એ ભગવાનની Awareness, ભગવાનની સભાનતા કદી આવી શકવાની Impossible. કાં તો તમે સાધન કરો અને સાધનને ચૌદપંદર કલાક સુધી લઈ જાવ. તે એક માર્ગ. બીજો માર્ગ છે. કાં તો સદ્‌ગુરુ કરો, તો એનામાં પ્રેમભક્તિપૂર્વક કરો. **આ તો જોઈએ તેટલાં ખૂન કરી નાખે છે. આ મારી સાથે વળગેલાંને હું જોઉં છું. કે જોઈએ તેટલાં ખૂન કરી દે. એવું વિચારે છે. ભવિષ્યમાં હું તો એની સામેય ના જોઉં. મને અનુભવ છે, પણ મેં એવું કર્યું નથી. મારો ધર્મ ચાહવાનો છે. કે જેને તેને બધાંને ચાહું છું.**

હું એમ નથી કહેતો કે જેને અનુભવ કરી લેવો હોય તે કરી લે. જીવતાં જીવતાં. એવા માણસો પાસે ગયેલો છું કે જેણે મારા માટે ઘણું ઊંધું વિચાર્યું છે. અન્યથાપણે તો કેટલુંક કહી શકાય નહિ. આજે હું તો

મને કોઈ સંકોચ નથી. હું તો કહી બતાવું. પણ પેલા વ્યક્તિને માટે કહેવું ઠીક નહિ. અવિવેક કહેવાયને! એને માટે, કોકને માટે કહેવું બધાંમાં, જાહેરમાં, અવિવેક કહેવાય. મારો ધર્મ મારા શરીરનો ધર્મ ગૃહસ્થાશ્રમી છે. એટલે મારે પાળવો જોઈએ. તોપણ કેટલીક વખત એ મર્યાદા ઓળંગી જઉં છું. અને મને પરવા પણ નથી. અને **કોઈ ગમે તે શું ધારે! સાલાને ધારવા દેને. મારા બાપનું શું જવાનું છે ? એના બાપનું જશે.**

## કાં તો સાધના કરો કાં તો સદ્‌ગુરુને વળગો

એટલે મૂળ વાત હું કહેતો હતો કે ભગવાનનો ભાવ આપણામાં ટકે તો બે વાત. કાં તો તમે સાધના કરો, અને સાધના કરતાં કરતાં સદ્‌ગુરુને ધારણ કરો. **ભગવાનને માર્ગે જવું હોય કે સદ્‌ગુરુ ના હોય અને સાધના કરવી હોય તો પ્રત્યેક કર્મ થતાં થતાં હરિની સભાનતા મોખરે તમારામાં રહેવી જોઈએ. તો જ એ યોગ. તો જ એ ભક્તિ. તો જ એ જ્ઞાન. નીકર નહિ સાહેબ. સભાનતા એની પહેલી. કર્મ પછી.**

ત્યારે એ સભાનતા રહેતાં રહેતાં આ બધાં કર્મ થાય અને સમર્પણ થાય તો સહજમેળે સમર્પણ થાય. એને કરવા નહિ પડે. જેમ આપણી પાસે કોઈક માગતું હોય અને પૈસા આપીએ. એ તો આપણો ધર્મ છે. આપવા જ જોઈએ. ત્યારે આપણને આપમેળે સૂઝી જાય છે. આ તો બધું એનું જ છે. ને એને જ આપવાનું છે. ત્યારે ભગવાનની સભાનતા એ એમ ને એમ નહિ રહે સાહેબ.

જેમ મોટા થયા અને પરિચયમાં આવતાં આવતાં બાળક પરિચયમાં આવતાં આવતાં બધાંના સંબંધમાં આવે છે. પરિચય વિના નહિ આવે. ગાંડો થયેલો માણસ બધાંના પરિચયમાં નહિ આવે, કારણ કે મનની એવી સ્થિતિ નથી. ત્યારે આપણે પણ એવો પરિચય થવો જોઈશે. સાધના પરત્વેનો. એનો અભ્યાસ લાગવો જોઈશે. અભ્યાસમાં ઘણો સમય જવો જોઈશે. ત્યારે એ થયા સિવાય કંઈ કશું બનવું શક્ય નથી.

કાં તો સદ્‌ગુરુમાં રાખો, પણ સદ્‌ગુરુમાં મન રાખો તો તે પા કલાક, અડધો કલાક નહિ સાહેબ. એય નહિ ચાલે. સતત જોઈશે. ગીતાજીનો મૂળ... ગીતાજીની મૂળ... સાતત્ય છે. સાતત્ય વિના નહિ ચાલે આમાં. જેને જવું હોય તે જાય. અને ના જવું હોય તો ભગવાન કહેતો નથી કે મારી સાથે તમે આવો.

## ભગવાન પાપપુણ્ય જોતો નથી

एणे તો આપણને છુટ્ટા મૂકી દીધા છે. સ્વતંત્ર છો. પાપ કરવાનેય અને પુણ્ય કરવાને. અને એ ભૂલી જાવ. આટલા બધા લોકોએ ગપ્પાં માર્યાં છે. શાસ્ત્રોએ માર્યાં હોય તો ભલે ને સંન્યાસીઓએ માર્યાં. ભગવાન પાપપુણ્ય જોતો જ નથી. કર્મનાં પરિણામ છે એ વાત સાચી. પણ એ ભગવાનને લીધે છે એ વાત ખોટી. ભગવાન પાપપુણ્ય બિલકુલ જોતો નથી સાહેબ. આ હું તમને મારી હકીકત કહું છું. નીકર આપણે કેટલાંય જન્મમાં કેવાં કર્મ કર્યાં હોય કે જેને આજે જાણીએ તો થથરી જઈએ. એવાં કર્મ. એ કર્મનું ફળ જુઓ તો એક ક્ષણવાર આપણે જીવી ન શકીએ. એ ભગવાનની કરુણા છે. અને એ પાપપુણ્ય જોતો નથી. નીકર તો એ સ્વીકારી જ ના શકે. અનેક પાપીઓને સ્વીકાર્યા છે ભગવાને અને કેવા પાવન થઈ ગયા છે! ભક્તોમાં શિરોમણિ થઈ ગયા છે. ભગવાન પાપપુણ્ય જોતો નથી. એ ભૂલી જાવ તમે. તો એની ભક્તિ તો કરો ભઈ!

## પૈસા કમાવા સહેલા છે ભક્તિ કરવી અઘરી છે

પણ કોણ કરે ? રામ તારી માયા. તે કરવી સહેલી નથી. આ દુનિયામાં પૈસા કમાવા હજુ સહેલા છે, પણ ભગવાનની ભક્તિ કરવી સહેલી નથી. અઘરી છે. એ નહિ થાય. સ્વાર્થ થશે. ધણીને ચાહવાશે. દીકરાને ચાહવાશે, માને, બાપને, આ સંસારને ચાહશે લોકો. ગળા સુધી, માથા સુધી ને પગ સુધી. નસેનસ, રગે રગમાં છે એ. પણ ભગવાન તો કહે માળા હાળા છોને પડી રહ્યો. ભગવાનને માટે એવું કોઈને છે નહિ સાહેબ.

ભગવાનને માટે એવો ભાવ નથી. જેટલો સંસારને માટે છે. પ્રતિષ્ઠાને માટે, આબરૂને માટે. આ જે છે તેવું ભગવાનને માટે કોઈને છે નહિ. અને ભગવાનને પછી મેળવવાને માટે અનુભવવાને માટે આપણે વાતો કરીએ તે મિથ્યા છે. એ ભગવાનને આપણે છેતરવા જેવો છે. એ નહિ થાય. એ નહિ બની શકે. કોઈ કાળે નહિ બની શકે. જીવતોજાગતો હોત તો ડંડા ઠોકત. મારા ગુરુમહારાજ ઘણાંને કહેતા હતા. મારા ગુરુમહારાજ ઘણાંને ડંડા મારતા હતા. સાલાને ન મારે તો કરે શું એને ? એને તો ગળું દબાવીને મારી નાખું. કહે છે આવું આવું કરે છે. તો એનાં કર્મ એ જોતો હતો.

## ભગવાનને કોઈ લેબલ નથી

એટલે ભગવાન તો બહુ દયાળુ છે. બહુ કૃપાળુ. એનાં નામ બધાં આપ્યાં છે. આ સહસ્રનામ કે જે કહે તે. એ કાંઈ ભગવાને આપ્યાં નથી. એ તો લોકોને કોઈને દયાળુ લાગ્યો. કોઈને કરુણાળુ લાગ્યો. કોકને સમત્વવાળો લાગ્યો. કોકને સાક્ષીભાવવાળો લાગ્યો એટલે જેને જેવા લાગ્યા તેવા એણે લખ્યા. આવાં એનાં નામ પડ્યાં. તે ભગવાનને નામ નથી. કોઈ એને સહસ્રનામ કહે. ભલે કહે બધાં. અને આપણામાં ચોપડી પણ છે. આજે જ મને કોકે ભેટ આપી. વિનોબાજીએ લખેલી વિષ્ણુસહસ્રનામ તે કાંઈ ભગવાને કાંઈ પોતાનાં આ નામ મારાં છે. હું આ છું. આ છું. એમ ભગવાને કહ્યું નથી. એ તો લોકોએ એને ઠઠારી માર્યો છે. મેં કહ્યું માળા હાળા, તમે લેબલ શું કરવા લગાડો છો એને ? એને કોઈ લેબલ નથી, પણ કોણ સમજે ભઈ ? તોયે ઠોકે લેબલ. ભગવાનને કોઈ લેબલ નથી.

પણ **એને અંદર અનુભવવાને માટે બે જ સાધન. કે સાધના અને કાં તો સદ્‌ગુરુ. સાધના સદ્‌ગુરુ વગર થઈ શકે છે, પણ ત્યાં ભગવાનને મોખરે રાખવો જોઈએ.** તે ધીરે ધીરે રખાશે. જેમ જેમ ગરજ લાગતી જાયને. સાધનામાં જ્યાં સુધી તમને સ્વાર્થ નહિ જાગે ત્યાં સુધી નહિ થાય. ગમે તેટલો અભ્યાસ પાડશો. આજે અઢી કલાક, પછી પાંચ મિનિટ ઉમેરી, દશ મિનિટ, પંદર મિનિટ.

## કર્મ કરતી વેળા ભગવાનની સભાનતા રાખો

કર્મ Essential છે સાહેબ. સાધના પણ કરવી હોય. ગમે તેટલા મહાત્મા લોકોની હું વાત જાણતો નથી. હું તો મારી વાત જાણું છું કે કર્મ Essential છે. કર્મ કરતાં કરતાં ભગવાનની Awareness તમને રહેવી જોઈએ. ભગવાનની સ્મરણભાવના રહેવી જોઈએ. કર્મ કરતાં કરતાં, કારણ કે આ સંસાર જ કર્મથી—કર્મનું પ્રાધાન્ય છે. આ સંસારમાં ગમે તે ક્ષેત્રે જ્ઞાનનાં ક્ષેત્રે પણ કર્મનું પ્રાધાન્ય છે, પણ ત્યારે એને કર્મ નથી રહેતું. ત્યારે એને ભક્તિ રહે છે ભગવાનની. પણ કર્મ છે એને. કર્મ નથી એમ નથી. ત્યારે એ કર્મ જે છે એ કર્મને, કર્મ કરતાં કરતાં થવું જોઈએ. હું કાંઈ આ ગપ્પાં મારતો નથી. આ સંસારમાં રહીને કર્યું છે. મારા કલીગ્સ હજુ બધા જીવતા છે. ત્યારે એ કર્મ કરતાં કરતાં વસ્તુ બનવી જોઈએ. એ Essential. પણ એ કર્મ તે કર્મ ખાલી નહિ. પણ કર્મ કરતી વખતે ભગવાનની ભાવના આપણામાં છતી રહે. જીવતીજાગતી રહે. આ એક ત્રીજો રસ્તો. સરળતાવાળો. પણ એ તો થાય નહિ એમ.

## સ્વાર્થમાં કોઈનું Negativeપણું આપણે જોતાં નથી

જેમ આપણને સ્વાર્થ લાગ્યો હોય ત્યારે સ્વાર્થનું કર્મ કરતાં કરતાં સ્વાર્થની સભાનતા તમને ત્યારે રહે છે. એવી રીતે ભગવાન પરત્વેનો તમને સ્વાર્થ લાગી જાય તો બનશે. તો એ સ્વાર્થ લાગવાને માટે જ સાધના. નિત્યનો પરિચય આપણે સાધના વડે જ થઈ શકે અને રહી શકે છે. એટલે તમે સાધના કરો. જે કોઈ તમને પ્રકૃતિને સાનુકૂળ હોય તે. સાધના થયા સિવાય સદ્‌ગુરુ પણ નહિ કરી શકે, કારણ કે સદ્‌ગુરુને ચોવીસે કલાક તમારા મનમાં તમે રાખી શકવાના નથી. તમારો સંસાર છે. વહેવાર છે. આ છે. તે છે. એટલે સદ્‌ગુરુ તમારામાં જીવવાનો નથી. સદ્‌ગુરુને માટે એવી ભક્તિ પ્રગટી નથી. ભક્તિ પ્રગટે તો જીવે છે આપણામાં. આપમેળે આવે છે. મારો પોતાનો અનુભવ છે. ભક્તિ એની પ્રગટાવવી જોઈએ. ગરજ હોય તો ગધેડાને બાપ નથી કહેતા ?

એ વાત કાંઈ ખોટી નથી. Psychological truth છે. તે વખતે ગરજ લાગી છે. સાહેબ તમે જોવા જાવ છો ? તે સાલો આવો છે ? એ તો આમાં આવું છે અને તેવું છે. એવું વિચારો છો ? તમે વિચારો બધાંય આટલા બેઠા છો. પૂછો કે તમારે જ્યારે ખરેખરી એની ગરજ લાગી હોય એનો સ્વાર્થ લાગ્યો હોય ત્યારે કોઈ દિવસ એનું વિચારો છો Negativeપણું ? કોઈ દહાડોય વિચારી જુઓ તમે.

## ભગવાનનું નામ લઈ છેતરનારા કરતાં નાસ્તિક વધુ સારા છે

**આ મારું જોઈએ તો કેટલાંયે ખૂન કર્યું છે. ભયંકરમાં ભયંકર રીતે. તોય હું એમને ચાહ્યા કરું છું. અલ્યા પણ વગર લેવેદેવે મેં તમને કશું કર્યું નથી. તમારા બોલાવ્યે આવ્યો છું. મારી મેળે પધાર્યો નથી તમારે ઘેર. કે આવો માબાપ, મને રોટલા આપો, પૈસા આપો. તમે બોલાવ્યો છો તો માળા હાળા મારું ખૂન શું કામ કરો છો ?** ત્યારે પછી શી રીતે થાય ? બને ? હું તો જોઉં છું કે આ સંસારમાં કોઈને ભગવાનની પડી જ નથી. બિલકુલ ભગવાનની પડી નથી. અમસ્તા ભગવાનને છેતરે છે. બીજું બધું કરવું હોય તો કરો, પણ આ ભગવાનને છેતરો નહિ. અમસ્તા મૌખિક રીતે કે અમસ્તી રીતે ભગવાનનું નામ છોડી દો. એ વધારે રાજી છે. આપણા કરતાં વધારે જે ભગવાનને નાસ્તિક છે—ભગવાનને માનતો નથી કે સાલા, હમ્બગ છે, એ વધારે સારો છે. હું એને સ્વીકારું છું. પણ ભગવાનનું નામ લેવાવાળાને લખ્યું છે

*બહુ વિધ કામનાવાળા, બહુ લોલુપતાવાળા,*
*હરિ ભજવા શું નીકળ્યા છો ! હરિનું નામ લજવો છો.*

મેં લખ્યું છે. કોક ઠેકાણે ભજનમાં લખ્યું છે. તે આ હું તમને અનુભવથી કહું છું. આ અમસ્તાં ગપ્પાં મારતો નથી.

## હું પૈસાનો પૂજારી નથી, હું ભગવાનનો પૂજારી છું

હું તો સાચું જ કહેવાવાળો. મૂઆ હાળા, મને નહિ બોલાવે તો. હજાર હાથવાળો મારો ભગવાન છે. તે મદદ કરશે. આ સાહેબને

મેં કાગળ લખ્યો. મને તમે મદદ ના કરશો. ભગવાન કરશે. તમને અનુભવ તો થશેને! ઘણાંને અનુભવ થાય છે. અને એ પણ મને ભગવાને મોકલેલો હોય છે. એમની મેળે કાંઈ એ ખેંચાઈને આવ્યા નથી. મારો ભગવાન મદદ કરવાને મોકલ્યા જ કરે છે. કોઈ ને કોઈ. આજ હું આ આટલાં વર્ષ જીવ્યો કોઈ ને કોઈ એવો મોકલ્યા કરે છે. મને એવો મને ભેટાડી દે છે કે મને મદદ કર્યા જ કરે છે. આ મારે જવું ન હતું. મારું શરીર ચાલે એવું નથી. હવે મેં ના પાડી દીધી. ઈંદુકાકો આવ્યો. **મોટા,** આ તો જવું પડે એવું છે. મેં કહ્યું ભઈ, મારાથી નહિ બને. માટે હું નહિ આવું. મને આ દમ ચઢે છે ને મારે. **હું કાંઈ પૈસાનો પૂજારી નથી. હું ભગવાનનો પૂજારી છું.** તો મારા ભગવાનને માટે મેં કર્યું છે. આવો તણખલા જેવો હતો, પણ મારાથી થયું તેવું બધું કર્યું છે. મેં કોઈ આળસ-પ્રમાદ સેવ્યાં નથી. અને માંદો હોવા છતાં બેઠો બેઠો હું મારા ભગવાનનું નામ લખ્યા કરું છું. ભગવાનનું ભજન બેઠાં બેઠાં પણ કરું છું. મરતાં મરતાં પણ આવી માંદગીમાં પણ મેં ભગવાનને છોડ્યો નથી. લખ્યા કરું છું. એટલું બધું પ્રત્યક્ષ છે કે એને મારે સાબિત કરવાની જરૂર નથી. સતત મારી સાથે હોય છે પેન. ને આ લખ્યા જ કરું છું. આશ્રમમાં રહેનારાય જુએ છે. એટલે મારે, મારે માટે કશું કહેવાનું નથી.

## ભગવાનનો અનુભવ અંદર થાય છે

પણ તમારે જો ભગવાનને અનુભવવો હોય તો એ ભગવાન તો પહેલા અંદર જ થાય છે. એ અંદર સાધનાભ્યાસ વિના થશે નહિ. સાધના ૧૪-૧૫ કલાક સુધી લઈ જાવ. આવી જાવ. મારા બેટા મેદાનમાં તમે પડો. આ મોઢાની વાત નથી. આ કરવાની વાત. એ શાસ્ત્રથી નહિ મળે. પ્રવચનથી નહિ મળે. ઉપદેશોથી નહિ મળે. કદી કાળ નહિ મળે. ભૂલી જાવ લોકો બધાં. પ્રયત્નથી જ મળશે. પુરુષાર્થથી જ મળશે. એ પુરુષાર્થમાં ભાવના તમારો સ્વાર્થ તેમાં લાગ્યા સિવાય થશે નહિ.

તો કહે સ્વાર્થ શી રીતે લગાડવો ? કે અભ્યાસ કરો. બુદ્ધિથી સમજી લો કે કરવા જેવું આ જ છે. આના સિવાય બીજું કરવા જેવું નથી. ઉત્તમમાં ઉત્તમ આ જ કરો. **આ સંસાર-બંસાર કરો તમે. એ ભગવાનનો સમજીને કરો.** પણ એમાંથી આ નિષ્કામ થતા જાવ. આસક્તિ કાઢતા જાવ. મોહ કાઢતા જાવ. લોભ કાઢતા જાવ. ધીરે ધીરે કરીને અને આવા બધા તમે થાવ. પછી તમને તમારા સાધનમાં પણ જોર આવશે.

અત્યારે આપણે સાધન કરીએ છીએ ખરાં પણ એ સાધનમાં પ્રાણ પ્રવર્તતા નથી. એનું કારણ કે આપણું મન તો સંસારમાં રહેલું છે. નર્યા સ્વાર્થમાં ભર્યું પડેલું છે અને પછી આપણે બોલીએ તે બધું નકામું છે. કેવી રીતે ભગવાનમાં આવે ? એ તમારો સ્વાર્થ સંસારમાં કેટલો ઘટ્યો છે એ તમને સમજણ પડશેને! વારંવાર તમારું મન જ તમને કહી આપે. મન જ્યાં જ્યાં જેમ જેમ જેવી રીતે સ્પર્શે છે. તેવી રીતે તમારો સંસાર છે. એટલે તમે સદ્ગુરુને—કાં તો સાધનના અભ્યાસમાં દટાઈ જાવ. કાં તો સદ્ગુરુને પકડો, પણ સદ્ગુરુને પા-અડધો કલાક તમે વાત કરો. એને રાખો. અરે તેય નથી રહેતું સાહેબ. પા-અડધો કલાકની વાત છોડી દો. કાંઈક ઝલક લાગે. મિનિટ-અડધી મિનિટ, કાંઈક થોડીક વાર લાગે. ઝલક લાગે, પણ તે ઝલક લાગે ત્યારે. એવી જ્યારે ભક્તિ હોય. એવી. આ પણ તમને કહું છું અનુભવની વાત. એવી ભક્તિ, જ્ઞાન એના પરત્વે પ્રગટેલાં હોય તો એ ઝલકમાં પણ તમને કાંઈક મળી આવે છે.

## સદ્ગુરુ ઘેર બેઠાં શિખવાડે છે

મને સાધનો ઘેર બેઠાં હું કાંઈ ગયો નથી. મારા ગુરુમહારાજ પાસે. ઘેર બેઠે એણે મને શિખવાડ્યાં છે. મને એમ લાગ્યું. એ પહેલાં સ્વપ્નમાં શિખવાડે. સ્વપ્ન તો હું સમજું મિથ્યા સાલાં આ તો. સ્વપ્ન તો મિથ્યા. બીજે દિવસે એનું એ જ આવ્યું. Detailવાર. સ્વપ્ન તો મિથ્યા. ત્રીજીવાર આવ્યું. મિથ્યા. ચોથીવાર આવ્યું. મિથ્યા.

પાંચમીવાર. મિથ્યા. એ કેટલો સંસ્કાર આપણામાં દૃઢ થઈ ગયો છે. પછી મેં ધાર્યું કે સાલું કરી તો જોવા દો. છઠ્ઠે દિવસે જ્ઞાન પ્રગટ્યું કે સાલું રોજનું રોજ આમ આવે છે સ્વપ્નમાં તો આપણે કરી જોવામાં ભલેને મિથ્યા હોય પણ કરી જોવામાં આ ખોટું શું જાય છે ? કરી તો જુઓ. એટલી સભાનતા આવી. ભગવાનની કૃપાથી. તો કર્યું તો સારું લાગ્યું. સાલું, આ તો સારું છે.

## સદ્ગુરુને આપણામાં જીવતા કરવાની રીત

પછી મને એમ થયું કે આ બરોબર નહિ સાલું. બે-ચાર વખત એ સ્વપ્નમાં પછી એણે મને. પછી તો હું કાંઈ એમ માનતો ન હતો કે આ મિથ્યા છે. સાચું જ માનતો. Reality તે પછી એને મેં જાગ્રત કર્યા. મારા પોતાનામાં. પ્રયત્નથી સાહેબ. એમ ને એમ નહિ. મને કાંઈ ભક્તિ લાગી ગઈ ન હતી. આ તો પેલું સાધન તમારાથી ના થઈ શકે તો પ્રત્યક્ષ સાધન કેવી રીતે થઈ શકે. **સદ્ગુરુમાં જીવ કેવી રીતે તમે દાખલ કરી શકો. એ સાધનાની રીત મેં કરેલી તે બતાવું છું. આ પ્રશ્ન એવો છે કે આ મારે ખુલ્લું થવું જ પડે.**

એટલે વારંવાર દિવસમાં એને મારી સામે લાવું. પચાસવાર, સાઠવાર, સિત્તેરવાર, સોવાર, બસોવાર એમ કરતાં કરતાં દોઢ વર્ષમાં continuity થઈ. પછી બધી વાત કરું એને. જે તે બધી વાત કરું. સાધનાનું પૂછું. બધું બતાવે. બધું કહે. કાને સાંભળી શકાય. કોઈ વખત પ્રત્યક્ષ દેખાય નહિ પણ કાને સંભળાય. બધી વાત સંભળાય. અને સાહેબ તે વખતે જે ઓથ આપણને મળે છે. જે પ્રાણ પ્રગટે છે આપણામાં. જે ચેતન પ્રગટે છે. કોઈ નવા પ્રકારનું છે. પણ અનુભવે જે સમજણ પડે. એવી રીતે ગુરુમાં ચિત્ત લગાડી જુઓ. હું તૈયાર છું હજુ. મરતો મરતો. **આ** શરીરને ભલે છોત્તેર થઈ ગયાં. આ સિત્યોતેરમું બેસશે. પણ હજુ હું તૈયાર છું. કોઈ આવે મરદ બચ્ચો સામે મેદાનમાં. મારી તૈયારી છે. પણ મારી

શક્તિ નહિ ભગવાનની શક્તિથી. ભગવાનની શક્તિથી મારી તૈયારી છે. **પણ હજુ સુધી કોઈ જીવ એવો મળ્યો નથી, કે મારામાં જેણે ચોવીસે કલાક મન રાખ્યું હોય.** કામ કોઈ મારું કરે છે. એ હું કબૂલ કરું છું. પણ એ તો હથિયાર છે. એને ખબર નથી. એ ભલે એમ મનથી માનતો હોય કે હું ભગત. **મોટા**નું આટલું બધું કામ કરું છું. પણ એ માત્ર મારા ભગવાનનું હથિયાર છે. એ તો mechanical હથિયાર છે. **તે વખતે એને મનમાં કામ કરતી વખતે મોટાની કે ભગવાનની કાંઈ કશાની સદ્‌ગુરુની સભાનતા ક્યાં છે ?** તો કામ કરે છે. ને કામ તો પ્રકૃતિવશાત્ થઈને સ્વભાવવશાત્ થઈને કર્યા કરે છે. આ નહિ કરશે તો બીજો કરશે. તમે બુદ્ધિથી વિચારજો. મારું ખોટું હોય તો મને કહેજો. મને મદદ કરે છે, એનો હું આભાર માનું છું ને મારા ભગવાનને હું પ્રાર્થના કરું છું એને કલ્યાણની ગતિ આપે. એને ભગવાન તરફ પ્રેરે. કોઈ કર્મ કરે છે તેથી હું એક જ્ઞાનીની માફક **ઉસમેં ક્યા હૈ ? ઉસકા ધર્મ હૈ. વહ કરતા હૈ** એમ નથી કહેતો. હું કહું છું ખરો.

## ગુજરાત માટે મને પ્રેમ છે

મારાં કામ બધાં ગુજરાતને માટે. મારાં અંગત નથી. મને આજે કોઈ અંગત આપે છે. તે લઉં છું. મારે એની જરૂર પણ છે. મારા આશ્રમને તો મળ્યા કરશે. હવે એની મને નિશ્ચિંતતા થઈ ગઈ છે. કરોડ સુધીયે થઈ જશે. અને મને પાકી નિશ્ચિંતતા છે. એટલી બધી ગળા સુધીની. પણ અંગત મારે જોઈએ છે પૈસા. કેમ જોઈએ એ મને કોઈ પૂછશો નહિ. તમારે આપવા હોય તો આપજો. અને ના આપવા હોય તો મને એની કોઈ પરવા નથી. મેં તપ કર્યું છે ગુજરાતને માટે. તે કોઈ ના પાડી શકે એમ નથી સાહેબ. આટલાં બધાં વર્ષો સુધી મેં તપ કર્યું છે. તપનું ફળ હું માગતો નથી. પણ ગુજરાતને માટે મને પ્રેમ છે. તો ગુજરાતે મને પોષવો જોઈએ. સાલા તમારા કુટુંબને કોઈ રળી આપે. ઘણા તમને માતબર કરે. તો તમે એને આપો કે ના આપો ?

તો ગુજરાતનો ધર્મ છે કે મને આપે. મારા આશ્રમને તો મળ્યું છે અને હવે મળ્યા કરશે.

આ કાલે આવ્યા ભાઈ. મને હું ગદ્ગદ થઈ ગયો કે આ માણસને મેં ના પાડી બેઠો. આટલી બધી જેણે મને મદદ કરી. મારું શરીર ચાલે એવું નથી. હા પણ ભગવાન મને મદદ કરશે. ચાલ આવીશ પણ ભાઈ, તું દશ હજાર આપજે. જાવ જરૂર આપીશ **મોટા**. આ કાળમાં એકદમ કહી દેવું અને એક હજાર ઉપર આપ્યા. અગિયાર હજાર આપ્યા. તો હું જોઉં છું. ભગવાન કેવો છે. ઘણે ઠેકાણે આ દોઢ-બે વર્ષમાં સાહેબ મારો અનુભવ છે કે મેં ધાર્યા હોય ત્રણ હજાર ને મળે અગિયાર હજાર. ધાર્યા હોય સાત હજાર ને મળે પંદર હજાર. આ મારી પેઢી છે તે દર વર્ષે ૪૦-૪૫ હજાર. આ વર્ષે એક લાખ રૂપિયા આપી દીધા. એવા મુંબઈમાં પણ મને અનુભવ મળ્યા છે. ભગવાન તો મને આપ્યા કરે છે કે આ છોકરો આવા શરીરે રખડે છે અને પાછો ભજન કર્યા સિવાય હું જીવતો નથી. રોજ લખ્યા કરું છું ભજન અને ભગવાનની કૃપાથી છપાવનાર પણ મળે છે. એટલે મને આનંદ છે.

## મનાદિકરણને ભક્તિમાં લગાડો

એટલે હું જે રીતે વર્ત્યો છું અને જેમ કરું છું તેમ હું બધાંને કહું છું કે ભગવાન અંદર છતો થવાને માટે તમારે મનાદિકરણને ટેવવાં પડે. એ જાણે છે મનાદિકરણ જ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ એ એનાં સાધન છે. એ જાણશે. સંસારવહેવારનું પણ બધું એ જ જાણે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્—બીજા કોઈ જાણતા નથી... બીજા કોઈને જાણવાની તાકાત નથી. એ જાણે છે અંદર. તેવી રીતે આ પણ એ જાણશે. ક્યારે ? આ મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણ. આ સંસારની બધી સમજણ છે. એને સમજણ પડી ગયેલી છે. એનો અભ્યાસ થઈ ગયેલો છે પાકો. તેવી રીતે જ્યારે ચેતનનો મન, બુદ્ધિ, ચિત્તને એવો પાકો અભ્યાસ પડે છે ત્યારે આપમેળે બધું જાણે છે. સાધન તો એના એ જ છે, પણ એને ભક્તિ લાગવી જોઈશે. ભક્તિ લાગ્યા સિવાય જ્ઞાનમાં

કોઈ જ્ઞાન કહે, જ્ઞાન એ શુષ્ક નથી. કહેનારા મૂર્ખા માણસો છે.

જ્ઞાનમાં જે અનુરાગ છે, જ્ઞાનમાં અનુરાગ છે. જ્ઞાન એ જેટલું ચોંટે છે. જ્ઞાન એ ચોંટી જાય છે. સ્પષ્ટ દર્શન એનું. ભક્તિનું તેથી ધૂંધળું હોય છે એવું મારું નથી કહેવું. પણ ભક્તિનો પ્રદેશ જુદો છે. જ્ઞાનનો પ્રદેશ જુદો છે. બન્ને પરસ્પર ભળેલાં છે. એકબીજાથી નોખાં છે તદ્દન એવું નથી. બન્ને પરસ્પર ભળેલાં છે, પણ જ્ઞાનમાં જ અનુરાગ છે.

એક માણસને તો તમે જાણો છો. સંસારવહેવારમાં કુટિલમાં કુટિલ, લુચ્ચામાં લુચ્ચો. પણ કોઈ રીતે આપણો સંસારવહેવારમાં એનો સંગ થયો હોય. પણ તમારું મન એમાં નહિ ચોંટે. હકીકતની વાત છે. તમારી Psychology, બુદ્ધિ કબૂલ કરે. પણ એક માણસ એવો હોય કે જેનો તમને ઘણો પ્રેમ હોય. જેનામાં સદ્‌ગુણો છે, નીતિ છે, સારું કામ કરવાવાળો છે. એ વખણાય છે બધે. અને એવાનો સંગ હોય છે. એની સાથે બહુ પ્રેમ લાગે છે તમને. એ દેખીતી વાત છે. ઉઘાડી વાત છે. તેવી રીતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ એ બધાં જ્યારે ભગવાનમાં લાગે, ત્યારે ભગવાન તો દેખીતો તો છે નહિ. આપણી સામે કોઈ એવો ખુલ્લો તો છે નહિ.

## ભગવાનને કોઈ આકાર નથી આકાર બધાં કલ્પિત છે

કોઈ એને આકાર નથી. બધા આકાર દોરેલા છે તે કાલ્પનિક છે. સાચાં તો કોઈ છે જ નહિ. હું તો કહું છું કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ પણ કાલ્પનિક છે. એ ભગવાનનાં ત્રણ Functions. ત્રણ Functionsના deity આપણે કલ્પ્યાં. માત્ર લોકોની સમજણને માટે. ખરેખરાં એ છે નહિ. બિલકુલ નથી સાહેબ. મારી સમજણ. I may be right or wrong. પણ હું એમને કદાચ કદીયે સ્વતંત્ર રીતે દેવ તરીકે મેં માનેલા નથી એમને.

પણ મૂળ મારી વાત એવી છે કે આપણા અંતરમાં ભગવાનને ઉતારવાને માટે બે વસ્તુ જોઈશે. સાધના. કડી સાધના. કાં તો સદ્ગુરુ માટે એવી ભક્તિ. એ ભક્તિ કલાક, બે કલાકની નહિ ચાલે અને ચોવીસે કલાક તમારા મનમાં એ રમે પછી જુઓ ખૂબી.

## પ્રેમપૂર્વકના હુકમપાલનથી સાધનામાં વેગ મળે છે

અને તમારામાં શક્તિ જોઈએ. ગમે તેવો હુકમ આપે તમને. એ હુકમ પાળ્યા વગર. વગર વિચાર્યે સંકલ્પવિકલ્પ વગર કોઈ વિચાર ન થવો જોઈએ. વૃત્તિ નહિ.

આજે આપણે હું મારા સાહેબને કાંટાવાળા કે અહીંથી બસમાં નડિયાદ આવજો. પણ ના અવાય એમનાથી. એ તો મોટર લઈને જ આવે કે ના, ના, એ તે અવાતું હશે **મોટા** ? અલ્યા, ગમે તેમ થાય. ના શું ? ચાલીને આવવાનું કહે તો ચાલીને અવાય. ભક્તિ લાગે તોને! એટલે મને સમજણ પડશે કે હજુ સાહેબને ભક્તિ લાગી નથી. એમને મોઢે જ મારે કહેવું પડે. **ગુરુમહારાજ કહે કોઈને મોઢે કહેવું, પાછળ નહિ. અલ્યા એમાં શું છે ? બસમાં બેસીને આવવું. સાલા પ્રતિષ્ઠાને તો આપણે ધૂળમાં નાખી દેવાની છે. પ્રતિષ્ઠાને તો ખૂન કરી દેવાની છે. ઉખાડીને મૂળમાંથી. આ સંસારના મૂળમાંથી પ્રતિષ્ઠાને તો તોડીફોડીને ભૂકા કરી દેવાના છે, પણ કોનાથી થાય એ ? સાહેબ ના થાય. બહુ અઘરું છે સાહેબ.**

આ તમને કહે કે આ કોટ-બોટ કાઢીને ઉઘાડા શરીરે જાવ. ના જવાય તમારાથી. જવાય ભટ્ટ સાહેબ ? હિંમત રાખજો જરા. નાનકડું કામ છે. હુકમ પાળવાનું છે. હુકમ પાળવાનું કામ બહુ નાનકડું છે. પણ એ પ્રેમભક્તિપૂર્વક જો પાલન કરો એમાંથી ઘણો વેગ મળી જાય છે. મેં પોતે અનુભવ્યું છે. અને મેં હુકમ પાળ્યા છે. એક પણ સંકલ્પ-વિકલ્પ કર્યા વગર. કેટલા બધા છે. એટલે તમે અત્યારે તો બોલો છો પણ ત્યારે તમને નહિ થયું હોય એની શી ખાતરી ? ત્યારે એ તો મારી પાસે છે નહિ. એ સાબિત કરી આપવાની વાત નથી, પણ એક વાત

કહું. Psychologyનો મને થોડો ઘણો અભ્યાસ છે. મેં કાંઈ શાસ્ત્ર વાંચ્યાં નથી, Pscyhologyનાં.પણ તમને હુકમ મળે ને જો સગડગ થાય તો એ જે પ્રેમભક્તિપૂર્વક એકદમ નાસવાનું જે થાય, ઝંપલાવાનું થાય તે કદી થાય નહિ. એ સાહેબ તમે કોઈ પણ Pscychology વાળાને પૂછી લો. એ રીતે મેં કરેલું છે. અને સાક્ષી છે આજે. સિંહોની સાથે રહેલો છું. સાત દિવસ મારો મિત્ર વજુ સાથે હતો. ત્યારે એ સગડગ થાય તો કેવી રીતે ત્યાં રહેવાય ? પેલાને તો ઝાડા થઈ ગયેલા. ને પેશાબ થઈ ગયેલો બે દિવસ સુધી. ત્રીજા દિવસથી મટી ગયા, સાહેબ.

ત્યારે હું જે કહું છું તે અનુભવની વાત કહું છું. અને આટલી સમજણ એટલા માટે આપું છું કે તમે ભણેલા લોકોને મારી વાત સમજાય કે વાત સાચી છે. **મોટા**ની વાત. એવી રીતે મેં હુકમો પાળેલા છે.

મૂળ વાત પર હવે ફરીથી આવી જઉં. હવે સમાપન કરી લઉં. કે ભગવાનનો ભાવ અંદર ઊગે છે. સંસારની વૃત્તિ પણ અંદર ઊગે છે. તમે મારું ખોટું હોય તો મને કહેજો. સંસારના સંસ્કારો પણ અંદર ઊગે છે. વૃત્તિઓ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ બધી વૃત્તિઓ પણ મારામાં અંદર ઊગે છે. મારામાં શું બધાંનામાં. એકેએકમાં. એ અંદર ઊગે છે. અંદરથી બહાર વ્યક્ત થાય છે. એની કોઈ ના નહિ પાડી શકે.

તેવી રીતે આ ભગવાનનો ભાવ અંદર વ્યક્ત થાય છે. અને અંદર વ્યક્ત થાય છે ત્યારે એ એક ઈશ્વર છે. જે વખતે વ્યક્ત થયો ત્યારે એક છે અને અંદર ને અંદર પાછો દ્વૈત પણ થાય છે. અંદર જ દ્વૈત થાય છે અને બહાર પછી આવે ત્યારે દ્વૈત રૂપે જ હોય છે, પણ અંદર બે સ્વરૂપ છે.

## ભક્ત, જ્ઞાની પણ હોય છે અને જ્ઞાની, ભક્ત પણ હોય છે

પહેલવહેલો ભક્ત હોય, મીરાંબાઈ હોય. નરસિંહ મહેતા હોય. નરસિંહ મહેતા ભક્ત અને બન્ને છે. મીરાંનું પણ છે. મીરાંનાં એવાં

ભજનો છે કે જે એના જ્ઞાનને વ્યક્ત કરે છે. એક જ દાખલો આપું કે ભજન છે એનું. અત્યારે યાદ ના આવે પણ

*ઊંચ ઊંચ મહલ બનાવું.*
*બીચ બીચ રાખું બારી.*
*સાઁવરિયાં કા દર્શન પાવું, પહેર કસુંબી સાડી.*

એટલે ભક્તિ પહેર્યા વગર.

(વચમાં એક ભક્ત. મને ચાકર રાખોજી. પૂ. શ્રી કહે હા એ વાત સાચી, પણ એનું કામ નથી.

પણ અહીં કસુંબી સાડી પહેરી એટલે ભક્તિ. ભક્તિ પહેરીને પછી ઊંચા ઊંચા મહેલ બનાવું એટલે જ્ઞાન. એ જ્ઞાન છે. એ જ્ઞાનની દશામાં માણસને ગમે તેટલો જ્ઞાની હોય પણ આ બધું સેળભેળ છે, જેમ આપણામાં પણ સેળભેળ છે. જે એવી રીતે પેલામાં પણ ભક્તિ ભળેલી છે, તો કે *બીચ બીચ રાખું બારી.* આવા જ્ઞાનના મહેલ તો બનાવું છું પણ બારી વચ્ચે રાખું છું. તે એનાં દર્શન પાવું. પહેર કસુંબી સાડી એની ભક્તિ. એની ભક્તિરૂપી બારીઓ દ્વારા હું દર્શન કરું છું. એટલે મીરાં પણ જ્ઞાની હતી અને ભક્ત પણ હતી. નરસિંહ મહેતાય ભક્ત ને જ્ઞાની.

પણ એનો અર્થ એટલો જ છે કે તમે ભક્ત હોવ કે જ્ઞાની હોવ પણ એ બન્ને છો. કોઈ જ્ઞાની હોય તો ભક્ત છે. ગીતામાં એનું પ્રમાણ છે. કે મારા ભક્તને હું બુદ્ધિયોગ આપું છું. એ તો બોલવાની રીતે લખ્યું છે, પણ પરિણામ એ છે.

## ભગવાનનો ભાવ જગાડવા સાધના

ત્યારે મૂળ વાત હતી કે ભગવાનનો કે જે તે કાંઈ સંસારવહેવાર જે તે કાંઈ બધું અંદર જ વ્યક્ત થાય છે. પછી બહાર વ્યક્ત થાય છે. પહેલું અંદર વ્યક્ત થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં. એ વ્યક્ત થાય છે. બધાં સાથે છે. એક નામ આપ્યું છે. ખરી રીતે તો એ બધાં અંદર વ્યક્ત થાય છે. ભગવાનેય અંદર વ્યક્ત થાય છે. અને બહાર પછી આવે છે. એ જેમ વાત સાચી છે, તેવી જ આ છે.

પણ એને માટે સંસારવહેવારમાં તો રોજબરોજનો આપણો અભ્યાસ જાગ્યા—જન્મ્યા ત્યાંથી જ. નિત્યનો ચોવીસ કલાકનો. તો ચોવીસ કલાકનો વ્યવસાય ક્યાં છે તમારો ભગવાન વિશેનો ? એ થઈ જવા દો. પછી જુઓ. ત્યારે એને માટે સાધના.

સાધના મેં કરેલી છે. હજુ મારો ભાઈ જીવે છે. મારાં ઘરડાં ભાભી છે. મારાથી ૪ વર્ષ મોટાં એને પૂછી જુઓ. એક દિવસ ઘરમાં સૂતો નથી. આ શરીરને તાવ આવેલો ભયંકર. પાંચ પાંચ ડિગ્રી તાવ તોય હું ઘરમાં સૂતો નથી. મારી માને કેવું થયું હશે ? વિચારો. મા છે તેને. પણ એ મેં રાખ્યું નથી. કે એને ભાવ માનો છે. એ સારી વાત છે, માને થાય એ સાચું છે. મેં ત્યારે માની અવગણના નથી કરેલી. જતી વખતે મેં મારા ધર્મની વાત મોખરે રાખી છે. એની અવગણના મેં કદી કરી નહિ. એને લાગતું હતું એ વાત સાચી છે, પણ મારા મનમાં એ ભાવ ન હતો. ધર્મનો ભાવ મારા મનમાં મુખ્ય હતો. પણ એક દિવસ એવી કેટલીય માંદગીઓ મને આવી છે, પણ ઘરમાં હું સૂતો નથી.

## ભગવાનના માર્ગનાં સાધનો—
## અભય, નમ્રતા, મૌન, એકાંત

અભય કેળવાયા વિના, અભય, નમ્રતા, મૌન અને એકાંત. અભય ને નમ્રતા એ એવાં છે કે Introvert કરે. તમે કોઈ પણ psychologistને, તમારા શાસ્ત્રને તપાસી લો. મૌન અને એકાંત Introvert. અને મૌન અને એકાંત એ બહિર્મુખતા ઘટાડે. તે આ ચાર સાધન કર્યા સિવાય તમે ભગવાનને માર્ગે જાવ એ મને કોઈ કાળે શક્ય લાગતું નથી. એ આવવાં જ જોઈએ. તમારામાં એ શક્તિ નહિ હોય તો નહિ ચાલે. ભયંકર જગાએ જાવ. ભયંકરતાનો સામનો કરો. મુશ્કેલી આવે તો સામનો કરો. મુશ્કેલી વખતે તમે કેવા ટટાર રહો છો. સ્વસ્થ રહો છો. એ બધું તમે તપાસો. નહિ તો નહિ ચાલે.

## પહેલાં કડીતોડ સાધના પછી ભગવત્કૃપા

આ એક જ્ઞાનમાર્ગ છે. ભક્તિમાં પણ. ત્યારે પહેલાં અંદર આપણને અનુભવ થવાને માટે સાધના કડીતોડ અને ચૌદ-પંદર કલાક સુધી લઈ જાવ. પછી the Grace of the Lord will work with you. Not till then. પંદર સોળ કલાક કામ કરો છો. એ પણ ભગવાનની કૃપા તો છે જ. એની Grace ત્યાં છે જ. નીકર એ શક્ય જ ના થાત. પણ એ તમે લઈ જાવ ત્યાં સુધી. પછી આગળ ભગવાન તમને લઈ જશે. એ તમને સમજણ પડશે. પણ ત્યાં સુધી પત્તો નહિ ખાય. કલાક અડધો કલાક કરશો એના સંસ્કાર પડશે. પણ એ **સંસ્કાર પડવાની વાત જે આ વિદ્વાનો ને શાસ્ત્રકારો ને આ સંન્યાસીઓ લઈ મંડ્યા છે તે પણ ખોટી છે. એ સંસ્કારો કેવી તમારી પ્રકૃતિ છે ? એ પ્રકૃતિ ઉપર જ છાપ પડવાનાને !**

તમારા સંસ્કાર જે કરશો તમે એ સંસ્કાર કરાવનાર તમારી પ્રકૃતિ છે ને અત્યારે તો. ત્યારે એ પ્રકૃતિ કેવી છે ? ત્યારે પ્રકૃતિ પ્રકારના સંસ્કાર પડશેને ? એ ઘેલછા જાગે. પ્રકૃતિમાં ભક્તિની ઘેલછા જાગે અને તે વખતે જે થાય એના સંસ્કાર કોઈ ન્યારા છે. એ ઘેલછા જાગવી જોઈએ. એ ઘેલછા જાગ્યા સિવાય કામ નહિ થાય આમાં અને ભગવાનની કૃપાથી મારાથી એવું થયેલું છે.

હવે અત્યારે કહેવી વાત નકામી છે. પણ કોઈને નડિયાદમાં જઈને સગાંવહાલાં ઘણાં છે. તપાસ કરવી હોય તો કોઈ કરી આવે. મારી તૈયારી છે, અને આ કહું છું તે મારા અનુભવની વાત બધી કહું છું.

ત્યારે પહેલું અંદર વ્યક્ત થાય છે. સંસાર કે ભગવાન. એ અંદર વ્યક્ત થાય છે. સંસાર વ્યક્ત થાય છે, કારણ કે ચોવીસે કલાકનો એની સાથે આપણો પરિચય છે. એક ઘડી પણ એનાથી વિખૂટાં નથી.

## ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનનો અનુભવ

સ્થળ, સંજોગ કાંઈ પણ નથી અનુભવીને. એટલે પણ પહેલવહેલું થાય છે એને અદ્વૈત. એનો ભક્ત હોવાથી. એની પ્રકૃતિ હોવાથી. એ કૃષ્ણનો ભક્ત હોય તો એને કૃષ્ણ જેવાં દર્શન થાય છે. પણ એ કૃષ્ણ જે દર્શન થાય છે એ કોઈ આ છબીના જેવો. એ કૃષ્ણ કોઈ ન્યારો છે. એ કોઈ એવા સૂક્ષ્મ પ્રકારનો છે કે એ વર્ણનાતીત છે. એ શબ્દથી કહ્યો જાય એવો નથી. એ સ્વરૂપ કોઈ એટલું બધું સુંદર છે કે તેજ તેજનો અંબાર પણ ગરમી નહિ બિલકુલ. એટલો બધો આહ્‌લાદક... એટલો બધો આહ્‌લાદક અને આગળ પાછળનું વાતાવરણ ને આપણે પોતે એવા સુગંધીમય થઈ જઈએ છીએ અને એટલું બધું એ સ્વરૂપ દેખાય છે. દેદીપ્યમાન કે આપણે અંજાઈ જઈએ છીએ સાહેબ.

મેં ‘જીવનદર્શન’માં લખ્યું છે. કોઈક ઠેકાણે. લખત નહિ હું તો આવી બાબત. પણ આ નંદલાલે સવાલો પૂછેલા. હવે એને જવાબ હું બરોબર ન આપું તો એને બરોબર ના લાગે. એટલે મેં જવાબ એને આપેલા. તે પછી છપાયા છે તો ભલે છપાયા, કારણ કે મારા દિલની એ સાચી વાત છે.

ત્યારે મૂળ આપણે રાતે વાત થયેલી કે અંદર જ પહેલું જે તે વ્યક્ત થાય છે. જે તે કંઈ વ્યક્ત એ ભગવાન હોય કે સંસાર હોય. એ બધું અંદર. પહેલું અંદર જ વ્યક્ત થાય છે. અને આ સંસારનો નિત્ય નિત્યનો ચોવીસે કલાકનો આપણને પરિચય છે. તે પરિચય હોવાથી સહજમેળે બને છે.

## જ્વાળામુખી જેવી ધગધગતી જિજ્ઞાસા પ્રગટાવો

જ્યારે ભગવાનનો આપણને પરિચય નથી. એને માટે કડી સાધના નથી. કોઈ સાધન પકડીને આપણે કેટલા કલાક સુધી રાખી શકીએ છીએ તે પણ પરીક્ષા આપણે કરી નથી. સદ્‌ગુરુમાં આપણી ભક્તિ નથી. એટલે આ બનવું શક્ય નથી. બહુ બહુ તો તમે સંસ્કાર કેળવી શકો, પણ એ સંસ્કાર પણ નરી પ્રકૃતિના જ હશે, કારણ કે પ્રકૃતિની-

છાયા ઉપર—પ્રકૃતિની ભૂમિકા ઉપર આ તમે સાધન કરો છો. એ સાધનમાં કોઈ ઘેલછા નથી. કોઈ પ્રકારનો કોઈ ટેમ્પો (tempo) નથી. કોઈ જાતનો પ્રકૃતિમાં પણ.

પ્રકૃતિ તો દરેકની. ભક્ત, જ્ઞાની. આ બધાં થઈ ગયા જે. એ બધાં મૂળ તો પ્રકૃતિમાં જ હતાંને! પણ એને જે ઉછાળો હતો. Volcanic aspiration હતી. એ ઉછાળો આપણો હોય તો આપણા સંસ્કાર જુદા પડે. પણ એવા ઉછાળા ન હોય ને તમે કર્મ કરો તો એ સંસ્કાર પ્રકૃતિના જ પડવાના. ઊંચા પ્રકારના પડશે એ વાત સાચી. એટલે બહુ બહુ તો આમાં તમે સંસ્કાર કેળવી શકશો. એ સિવાય કાંઈ કશું કરી શકશો નહિ. આ સાધનાની વાત તો બધી ખોટી છે.

## ભગવાનના નામથી બધું મળે છે

તમે કરો જાતે. તમને પોતાને આત્મવિશ્વાસ આવવો જોઈએ. એ આત્મવિશ્વાસ જો તમને ના આવે તો નકામું છે. હું તો કહું છું કે ગુરુનેય છોડી દેજો. સાલા ખોટા છે. ગપાટીઆ છે મારા બેટા.

હું તો ગુરુ નથી. હું કોઈને ચેલા બનાવતો નથી, પણ હું કહું છું ખરો કે ભઈ, ભગવાનનું નામ બહુ ઉપયોગી છે અને સંસારમાં ખપમાં લાગે છે. (પધારો સાહેબ!) આ બધાં મને મળ્યાં છે, તે ભગવાનના નામથીને! (કેમ બહેન ?) મને કંઈથી મળે નીકર ?

મારો ભગવાન તો ખરેખરો! આજે મને અગિયાર હજાર રૂપિયા આપ્યા. મને આપે કોઈ ? રામ, રામ કરો બાપા. પાંચ હજારના માટે તૈયાર થયેલા. તે પણ બધાં સંબંધીઓને લીધે. સંબંધીઓ એવા હતા.

## ભગવાનની સમગ્રતાનો અનુભવ આપણે માટે અશક્ય છે

આ બધી વાત હવે બંધ કરી દઉં છું. ભક્તિ જાગી હોય તોય એના સમગ્ર પાસાને નહિ સમજી શકો. ભગવાનના પણ. ભગવાનના આપણે સંપૂર્ણ ભક્ત થઈ જઈએ. સંપૂર્ણ કહું છું. તોયે એના સમગ્ર પાસાને આપણે ભગવાનને અનુભવમાં નહિ લાવી શકીએ. Impossible. અનંત પાસાં. એનાં પાસાં જ નથી હું તો કહું છું. એ તો ખોટી વાત

બોલીએ છીએ. આપણે એને પાસાં કેવાં વળી ? પણ એને સમગ્રપણે આપણે નહિ અનુભવી શકીએ ભગવાનને પણ. ભક્તિ જાગી હોય તોપણ. સંપૂર્ણપણે.

કારણ એ તો એવો ન્યારો છે, એટલી બધી કળા-લીલાવાળો છે કે એને, એની સમગ્રતા આપણામાં સમાઈ નહિ શકે. એનું કારણ આપણે છીએ. આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એટલાં સમગ્રતાવાળાં થયાં નથી. આપણું શરીર પણ એવી સમગ્રતાવાળું થયું નથી. શરીર તો પછી આવે છે, પણ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પણ એવી સમગ્રતાવાળાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનાં એની પરત્વેનાં થયેલાં નથી. માટે એની સમગ્રતા આપણને સ્પર્શતી નથી. અમુક ભાગ સ્પર્શે છે. એનું કારણ નથી. કારણ આપણે છીએ. કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એવાં સમગ્રતાવાળાં થયાં નથી. જ્ઞાનભક્તિપૂર્વકનાં. માટે એની સમગ્રતા આપણને સ્પર્શતી નથી. અમુક ભાગ જ સ્પર્શે છે.

**જિજ્ઞાસુ :** અનુભવીને હોય જ નહિને!

**શ્રીમોટા :** જો પાછી ભૂલ કરી! અનુભવી છે કે કોણ છે ? અનુભવી હું કહું છું કે એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ રંગાયાં છે ખરાં. પણ એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એની સમગ્રતા ભગવાનની સમગ્રતા એનામાં હજુ પ્રગટી નથી. અનુભવી થયો ખરો. ચોવીસે કલાક એ ભગવાનમાં જ છે. પણ એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જે ભગવાનની સમગ્રતા છે એવી સમગ્રતાવાળાં થયાં નથી.

આ મારી હકીકત. એ સમગ્રતાવાળાં હોત તો ભગવાન પણ સમગ્ર. આ જે સમગ્રતા, **ભગવાનની સમગ્રતા હું નથી અનુભવી શકતો. હું અનુભવું છું ખરો ભગવાનને. અનેક રીતે, અનેક વિચારમાં, અનેક કર્મમાં, અનેક રીતે અનુભવું છું ખરો. પણ એ સમગ્રતા નથી અનુભવતો. એ હું કબૂલ કરું છું. મને જેવો ગણવો હોય તેવો ગણે.**

**જિજ્ઞાસુ :** એવી કોઈ વ્યક્તિ હોય ખરી જેણે સમગ્રતા અનુભવી હોય ?

**શ્રીમોટા :** એ મને ખ્યાલમાં નથી. એ ખ્યાલ શ્રીઅરવિંદે પણ જાતે હા પાડી, પણ એમણે અનુભવ્યું હોય તો એ જાણે. પણ મને ખ્યાલમાં નથી. મને પોતાને. તે આપણાં જ્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એવાં સમગ્રતાવાળાં થઈ જશે તે પળે જ. વાર નથી એમાં. ક્ષણવાર નથી. પણ આમ બધું પૂરેપૂરું જાણું. કર્મમાં, વહેવારમાં, કોઈને કહેતો કરતો નથી હું. કે બોલતો પણ નથી. હું તો બધી સામાન્ય જ વાત કરું છું. આ જ્ઞાનની વાત તો આજે આપ આવ્યા ને તે દિવસે હું જાતે બોલેલો એટલે આ બધું કહ્યું.

**જિજ્ઞાસુ :** નાશ પામેલો છે એમ તો કહેવામાં આવે છે કે દ્વૈતભાવ નાશ પામે પછી કોણ કોને ઉદ્દેશીને જુએ ? કોણ કોને ઉદ્દેશીને સ્પર્શે ? એ અનુભવી કર્મ કરે છે એ કોને ઉદ્દેશીને કરે છે ?

**શ્રીમોટા :** જે અનુભવી છે તે અદ્વૈતના ને અદ્વૈતના અનુભવમાં ટકતો નથી. રહેતો નથી. તે દ્વૈતનો જ અનુભવ હોય છે. દ્વૈતમાં જ આનંદ છે અને તમે કે ચૌહાણ સાહેબને, અમે કે કાંટાવાળા સાહેબ હોઈએ ને છૂટા હોઈએ અને આનંદ થાય અને એક જ હોઈએ. આનંદ આનંદમાં ફરક પડી જાય છે.

દ્વૈતનો આનંદ કોઈ અનુપમ હોય છે અને જાણ્યેઅજાણ્યે જગત સાકારને જ ભજે છે. બારમો અધ્યાય તમે ગીતાનો લ્યો. જાણ્યે-અજાણ્યે લોકો સાકારને જ સ્તવન કરતાં હોય છે.

એટલે અદ્વૈતનો અનુભવ થયા પછી અદ્વૈતમાં જ પડ્યો રહે છે એવું નથી હોતું. ઘણા ખરા મારા હિસાબે તો 99.99% દ્વૈતમાં જ આવી જાય છે.

તો અદ્વૈતનો અનુભવ ભગવાનની સભાનતાનો તૂટે નહિ એની— અખંડ અખંડકાર ભગવાનને હું જુદો નથી એમ પણ એને છે. પણ ભગવાન જેમ પોતે સ્વતંત્રપણે બધાંમાં રમી રહેલો છે. પેલામાં એકલો હોવા છતાં. એવી એની સ્થિતિ થાય છે.

**જિજ્ઞાસુ :** તો એવું હશે કે બે Difference પડે. *સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ* । (ગીતા ૨/૫૪) એમ કહ્યું એટલે એ સમાધિ અવસ્થામાં હોય ત્યાં સુધી એ તદ્દન અદ્વૈતની અવસ્થા હોય અને વ્યુત્થાન દશામાં આપ કહો છો એવી દશામાં એવું બને એ ?

**શ્રીમોટા :** નહિ. નહિ. આ બધી શબ્દની ખરી રીતે તો બધે અદ્વૈત જ છે. એ તો આપણે બોલવામાં લાગે છે. જેને અદ્વૈતનો અનુભવ થઈ ગયો અને દેખીતી રીતે તે દ્વૈતમાં રમતો લાગે પણ એને તો અદ્વૈત જ છે બધું. કારણ કે જે તે બધું કરતો હોય તે ભગવાન જ છે બધું એને. નિમિત્તમાં પરોવાય છે ખરો.

હું આ હરિને ઘણીવાર દિવસમાં પચાસવાર યાદ કરું, પણ હરિ આ શરીર ભલે રહ્યું પણ એ ભગવાન સિવાય વાત નહિ. ભગવાન જ જેમાં અને તેમાં. આરોપણ એનું ભગવાનનું જ છે. આરોપણ કરવાનું નહિ. સહજમેળે થઈ જાય એને. એટલે આમ દેખાય ભલે જુદું પણ એને મનમાંથી કાંઈ અદ્વૈત જ રહે છે એ પોતે.

નીકર શું થાય? ધારો કે જો એ ના હોય તો એ સંપૂર્ણ તદ્રૂપ ના થાય પેલા સાથે. નિમિત્તની સાથે તદ્રૂપ નહિ થઈ શકે. જેમ ચેતન ઝાડ સાથે ઝાડરૂપ, આકાશમાં આકાશરૂપ, તેજમાં તેજ, હવામાં હવા, પૃથ્વીમાં પૃથ્વી તદ્રૂપ છે અને તેવી રીતે અનુભવી પણ તે તે નિમિત્તમાં તદ્રૂપ. એ જો સંપૂર્ણ અદ્વૈતની સ્થિતિ એની ના હોય તો નહિ થાય. સાહેબ.

મેં એવા ભક્તોને જાણ્યા છે. સારી રીતે. વાતચીતથી, પ્રસંગથી, કે એ આ નિમિત્તની વાત બરોબર સ્વીકારતા ન હતા. પણ અનુભવ થયા પછીથી જ નિમિત્ત આવે અને નિમિત્તની સાથે એ તદ્રૂપ થાય છે. એ ઐક્ય હોવાથી જ. અદ્વૈત હોવાથી જ. પણ એકલું માત્ર કાંઈ જ કશું નહિ. શૂન્યાવસ્થા. Nothing Exist. કંઈ પણ બનતું હોવા છતાં કાંઈ કશાની એને બિલકુલ સભાનતા નહિ. પોતાના એકલાની જ. એ પણ એક કાળે એવી પળ આવે છે કે એ પણ ચાલી જાય છે.

**જિજ્ઞાસુ :** પોતાની ઇચ્છા હોય જ નહિ.

**શ્રીમોટા :** ઇચ્છાનો સવાલ જ નહિ. ઇચ્છા તો રહે જ નહિ અહીં આગળ. પણ એવી એક સ્થિતિ આવે છે કે કંઈ જ કશું નહિ. શૂન્યાવસ્થા. એ શૂન્યાવસ્થા જે છે તે મારે હિસાબે ઉત્તમમાં ઉત્તમ અવસ્થા છે.

એમના કોઈ કહેશે કે ભઈ ફલાણાં લોકોએ ઈશ્વરને નકાર્યો છે. તો ઈશ્વર જ નથી ને એનું પોતાનું જ અસ્તિત્વ નથી. એ અવસ્થામાં એને પોતાનું પણ અસ્તિત્વ નથી. ઈશ્વરનુંય નથી ને કાંઈ કશાનું નહિ ને કાંઈ જ નહિ ..... Complete oblivious. એવી સ્થિતિ રહે છે. એ પછી ટકે નહિ લાંબો ગાળો. પણ પછી અવતરણ થયા પછી અદ્વૈત એ નિમિત્તની સાથે તદ્રૂપ થાય છે. એ સાબિત કરવાને પૂરતું છે કે એ અદ્વૈત છે.

નીકર દ્વૈતનો અનુભવ થયેલો હોય, કોઈ ભક્ત હોય તો એને અદ્વૈતનો અનુભવ થયો અને એક અદ્વૈતનો અનુભવી છે ને દ્વૈતનોય અનુભવી છે. બે ભેગો. તે તદ્રૂપ થાય અને પેલો તદ્રૂપ થાય. બન્ને પ્રકારમાં ફરક છે.

હવે એ તો મારે તો મોઢેથી બોલવાનું..અનુભવીની વાત કરું છું.

**શ્રીમોટા :** (એક ભક્તને) ત્યાં બેસો પ્રભુ, હવે જગા નથી. આગળ, ત્યાંથી રામ રામ કરો.

**જિજ્ઞાસુ :** જ્ઞાન અને ધ્યાન એ બેમાં Difference છે એમ માનું છું.

**શ્રીમોટા : ધ્યાન તો સાધન છે. જ્ઞાન સાધન નહિ. જ્ઞાન તો આંબાનું પરિપક્વ થયેલું ફળ. અનુભવની સ્થિતિથી જ્ઞાન. બીજું જ્ઞાન નહિ. ધ્યાન તો સાધન.**

**જિજ્ઞાસુ :** હવે મારું એમ કહેવું હતું. એટલે કર્મની વાત. મારી એવી સમજણ, એવી રીતની છે કે સુષુપ્તિ અવસ્થામાં માણસ કર્મ કરતો નથી.

**શ્રીમોટા :** આ બધું ઊડી જાય છે.

**જિજ્ઞાસુ :** જતું રહે છે.

**શ્રીમોટા :** હા. સાધક પણ.

**જિજ્ઞાસુ :** એવી રીતે જ્ઞાન થયા પછી કર્મ એને છોડી દે છે, કર્મને એ છોડી દેતો નથી. એવી મારી માન્યતા છે.

**શ્રીમોટા :** કર્મ જતું રહેને. બિલકુલ જતું રહે એને. Mastery છે એની. એ કર્મ કરેય ખરો ને નાયે કરે. કરવું હોય તો કરે. નાયે કરે. અને એ સ્થૂળનો આધાર લે છે, પણ સ્થૂળનો આધાર પણ લેવાની એને જરૂર નહિ, પણ શા માટે લે છે અનુભવી કે એને પેલા નિમિત્તની સાથે કામ પાર પાડવું છે. અને ખરો નિમિત્તનો એક જ હેતુ કે કોઈ પણ ઉપાયે એનામાં અભિમુખતા પ્રગટે. ભગવાન માટેની અભિમુખતા એને પ્રગટે. ત્યારે આ સામાન્ય જીવોથી એ બનવાનું નથી. કોઈ કાળે. એમની મેળે એમને અભિમુખતા ભગવાનની પ્રગટે એ બનવાનું નથી.

ત્યારે એના કોષોમાં એને (અનુભવીને) ઊતરવું પડે. અને કોષોમાં ઊતરે છે. તોપણ ત્યાં ઈન્કાર છે એને માટેનો. એટલે જેમ નિમ્ન કોટિ નિમિત્તની તેમ એને (અનુભવીને) વધારે ને વધારે ઊંડા ઊતરવું પડે છે. એટલું જ નહિ શરીરથીય સહન કરવું પડે છે અનુભવીને. પણ એ બધું કહેવાય એવું નથી. પણ એ તો બધું **મોટા**ને પોતાની જાતને મોટા બતાવવા આ બધી વાત કરે છે. કેટલીક વાત ખુલ્લી કહેવાતી નથી. એકલા હોઈએ તો કહેવાય. ખુલ્લામાં કહેવાય નહિ આપણાથી.

**જિજ્ઞાસુ :** બીજાનાં વૃત્તિ, વલણો પણ.

**શ્રીમોટા :** આવે... આવે જ.

**જિજ્ઞાસુ :** પણ એ રીતે જે નિમિત્ત સાથે સંકળાવાનું કારણ થાય છે, તેમાં પૂર્વનાં કારણ છે ?

**શ્રીમોટા :** એ ખરાં. જાણે કે અનુભવી થયા પછી કાળ જતો રહે છે એને. કાળ નથી રહેતો. એ કાળ જતો રહે છે. કાળની ગણના નથી રહેતી. બીજું બધું જતું રહે છે. સંબંધો એની સાથેના. આમ આમ થયેલું. એ બધું જતું રહે છે. માત્ર એક જ નિમિત્તને કોઈ કારણે પૂર્વ જન્મોનાં અનેક કર્મોનાં કારણે આ નિમિત્ત મળ્યું છે. એ એને જ્ઞાનપૂર્વકની સમજણ છે. એટલે એક જ ધર્મ એનો કે **એનામાં કોઈ**

**પણ રીતે ભગવાનની અભિમુખતા પ્રગટે. એ જ મુખ્ય એનો Idea. એ Idea ઉતારવાને માટે એને નિમિત્તને લીધે જેમ નિમ્ન કોટિ તેમ એને વધારે ને વધારે ઊંડા ઊતરવું પડે.**

**જિજ્ઞાસુ :** તો પછી અનુભવીનું પણ એક પ્રકારનું અવતરણ ન કહી શકાય ?

**શ્રીમોટા :** અવતરણ તો કહેવાય. પણ એને સ્વીકારે ત્યારે.

**જિજ્ઞાસુ :** અવતારોની વાત છે આપણે ત્યાં.

**શ્રીમોટા :** હા તે થાય છે જ. **અનુભવી એટલાં બધાં હજારો નિમિત્તની સાથે અવતરણ થયા કરતો હોય છે. અને એકીપળે પાછું એકી વખતે હું અહીં બોલ્યા કરતો હોઉં ને ક્યાંનો ક્યાં આવું ? કેટલે બધે ઠેકાણે આવું ? પણ એ તો બોલવું નકામુંને. એ બધું બોલવાનો અર્થ શો ?**

**જિજ્ઞાસુ :** એટલે **અમુક જ અવતારો થાય છે કે પેલું રામ, કૃષ્ણ વગેરે. જે કહે છે એવું આમ અનેક અવતારો થતા હોય છે.**

**શ્રીમોટા : અનેક અવતારો થયા જ કરે છે.**

**જિજ્ઞાસુ :** એવું જ ને!

**શ્રીમોટા :** ભાઈ, જરા જગા દેજો જયંતીભાઈને.

**જિજ્ઞાસુ :** મને ઘેર જતાં જતાં જરા આવો વિચાર આવ્યો. मा शुचः सम्पदं दैवीभिजातोऽसि भारत(पाण्डव) (ગીતા ૧૬/૫). એમ આપે Explanation આપ્યું હતું કે તું શોક ન કરીશ. તું દૈવી સંપત્તિ લઈને જન્મ્યો છે. તો એમાં પછી મને વિચાર થયો કે અભિજાત શબ્દ વાપર્યો છે એટલે મને એમ થયું કે તું એક રસની predominant tendencies લઈને જન્મ્યો છું. એવો એક Idea આવ્યો.

**શ્રીમોટા :** અભિ એટલે પહેલાં.

**જિજ્ઞાસુ :** અથવા પ્રત્યે. એના પ્રત્યે.

**શ્રીમોટા :** ખરું છે.

**જિજ્ઞાસુ :** એટલે pre-tendencies....

**શ્રીમોટા :** મારી સાથે દોસ્તી એટલે જ થઈ છે.

**જિજ્ઞાસુ :** તે એમાં એમ કહે છે શ્રીકૃષ્ણ કે જે જે રીતે મને ભજે છે તેને તે રીતે હું ભજું છું. ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् (ગીતા ૪/૧૧).

**શ્રીમોટા :** આ મુખ્ય મહત્ત્વ શબ્દ यथा ઉપર છે. કાંઈ કશા પર નથી. यथा ઉપર મહત્ત્વ છે. 'ये यथा'ના ઘણા અર્થ થાય.

એક यथाનો અર્થ જેટલા જેટલા ધર્મ છે. એ ધર્મની ભાવના પ્રમાણે જે રીતે ભજે મને. તે ધર્મની તે ભાવના પ્રમાણે તેની સામે હાજર થાઉં છું. તેની સામે તે રીતે સાકાર થાઉં છું. ઈશુ ખ્રિસ્ત ખ્રિસ્તી છે. ખ્રિસ્તીની ભાવના પ્રમાણે મને ભજે એની સામે ખ્રિસ્તરૂપે હું હાજર થાઉં છું.

મીરાં છે તે કૃષ્ણને ભજતી હતી. તે કૃષ્ણરૂપે ભજે છે એટલે કૃષ્ણરૂપે હાજર થાઉં છું. તેવી રીતે यथा એટલે કે જેટલા જેટલા ધર્મો છે. એ ધર્મોની ભાવના પ્રમાણે જે કોઈ મને ભજે છે, તે રીતે હું વ્યક્ત થાઉં છું. એમ ए કહે છે.

બીજો અર્થ यथाનો. તે અનેક પ્રકારની ભક્તિનાં સાધનો. જ્ઞાનનાં સાધનો, યોગનાં સાધનો. કર્મયોગ, લયયોગ, ધ્યાનયોગ, એ બધાં સાધનો. જેના વડે કરીને हरिને આપણે પામી શકીએ. તે બધાં સાધનો બીજા વર્ગમાં આવે. તે સાધનો પ્રમાણે જે સાધન આપણે લઈએ તે પ્રમાણે આપણા આગળ ए વ્યક્ત થયા. यथा... यथाનો બીજો અર્થ આ. એટલે આટલાં બધાં સાધનો છે.

**શ્રીમોટા :** (એક બહેન જે દૂર બેઠાં છે તેમને સંબોધીને) **દીકરી! કેમ ? એમ.સી.માં છે ? તે આના પર આવીને બેસને. હોં જગા ઘણી છે પણ...**

**વચ્ચે ભક્તોને સંબોધતાં પૂજ્યશ્રી કહે છે કે, હું તો ઘણી વખત કહું લોકોને. મને આ દર્દ ગણાય નહિ પણ આ જે કેટલાક લોકો મને સ્પર્શ કરે છે તે મને બિલકુલ ગમતું નથી. એનાથી મને શરીરને નુકસાન થાય છે. પણ એ તો કોઈના માનવામાં આવે એવી વાત નથી. તે ઘણી વખત**

**કહું છું ભાઈ, અડકો નહિ. હું તો એમ.સી.માં છું! ઘણી વખત સાહેબ કહું છું. ઘણી વખત એક બે વખત નહિ.**

यथा ઉપર પહેલું તો ધર્મ બધા આવી ગયા. આપણી પૃથ્વી ઉપર જેટલા ધર્મો છે તે ધર્મો પ્રમાણે જેને यथा ત્યાં અર્થ એક આવ્યો. બીજો यथा સાધન. જે સાધનને મહત્ત્વ આપીને આપણે એને ભજવાનું કર્યું. તે સાધન પ્રમાણે એ સાધનમાં જે હેતુ ને ભાવ છે તે પ્રમાણે यथा.

तांस्तथैव भजाम्यहम् તે રીતે જ એમાંથી તમે જો એની સમગ્રતા તમે પોતે લાવો તો એ સમગ્રતામાં આવે કે બધું થઈને મને ભગવાનના સમગ્રતામાં નહિ આવે એ ખ્યાલ રાખવાનો છે આપણે.

यथा मां प्रपद्यन्ते.

यथा જો તમે સમગ્રતા લાવી શક્યા હોવ તો સમગ્રતા—નીકર નહિ સાહેબ. એટલે બીજો પ્રકાર સાધનો આવ્યાં. એ સાધનો સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે છે. પણ આ કળિયુગમાં અથવા આ કાળમાં ભક્તિ સિવાય બીજો કોઈ સરળ માર્ગ નથી.

જ્ઞાનની પણ ના પાડી છે કે જ્ઞાનમાં સાધના રહેલી નથી એમ નથી. હા. એ જેમ માનતા કે મનની સાથે સંબંધ છે. મનાદિકરણ સાથે આ બધાંને સંબંધ છે એ વાત સાચી. પણ એમાં સાધના રહેલી છે. જ્ઞાનમાં કહે છે સાધના નથી એમ નથી. Complete એની સાથે awareness રાખવાને માટે કોઈ ને કોઈ સાધન રહેલું છે. એમાં પણ **એ બધાં સાધનો માગી લે છે અંતઃકરણની શુદ્ધિ.**

**જ્ઞાનને માર્ગે જો જવું હોય તમારે. તો શુદ્ધિ અનિવાર્ય. એના સિવાય નહિ ચાલી શકે, હું તો બતાવતો જ નથી કોઈને. કે ભઈ, મને તો આવડતું જ નથી. ભગવાનનું નામ જ આવડે છે.**

પણ હું તો આ જે કહે છેને શ્વાસના... જે કહે છેને. પ્રાણ. તે પણ ના જ પાડું છું. કે અમારા આ જે અસલ તો અમારો ધર્મ. પ્રાણાયામનો મૂળ જે હેતુ છે. કે **જેણે બિલકુલ સંસાર સેવ્યો નથી. જેના ફેફસાં એવી જાતનાં મજબૂત છે તેને જ માટે. બ્રહ્મચારીને માટે પ્રાણાયામ છે. કોઈ પણ સંસારીનાં ફેફસાં એને માટે લાયક જ નથી.** પણ આજે તો બધાં

લઈ મંડેલા છે. સંસારીઓને માટે. સાધુ-સંન્યાસીઓ પ્રાણાયામ કરવા મંડી પડ્યા છે.

પણ એનો મૂળ સિદ્ધાંત જ આ છે કે સંપૂર્ણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય છે. ભગવાન મળી ગયા છે તો ખોટી વાત. સર્વગુણસંપન્ન હોય તોપણ એને ભગવાન નથી મળેલા હોતા. એને સાધના કરતાં વાર ના લાગે. એને ભક્તિ, જ્ઞાન જલદી થઈ જાય. પણ એને સાધના તો કરવી જ પડે. **ને બ્રહ્મચર્ય હોય તો ઝપાટાભેર કરી શકે. પણ એને (બ્રહ્મચારીને) માટે પ્રાણાયામ. બીજાંને માટે આ ફેફસાં લાયક જ નથી.**

**જિજ્ઞાસુ : એટલે બ્રહ્મચર્ય અનિવાર્ય ?**

**શ્રીમોટા : અનિવાર્ય!**

**જિજ્ઞાસુ : Condition ખરી ?**

**શ્રીમોટા : Condition ખરી પણ સંસારીને માટે નથી. એ ભગવાનની ભક્તિ કરી શકે. પણ એ મહિનામાં એકવાર કે બેવાર જ. કે એ પતિ-પત્નીનું કર્મ કરી શકે. પણ એને જો ઝંખના થયા કરતી હોય તો એ નાલાયક છે ભક્તિ કરવાને માટે,** કારણ કે સંબંધ થયોને માણસને. કે ના પડ્યો ? **તો એ નાલાયક છે એમ સમજી લેવું. કારણ કે એ ઝંખના ઉંમરની સાથે રહેલી નથી. ભલેને ગમે તેટલી ઉંમર થઈ હોય તોયે એ ઝંખના રહે છે.** ઘડપણમાં વિશેષ થાય છે. એવું મેં કેટલાકને મારી સાથે એકરાર કરતાં મેં અનુભવેલા છે. એકરાર કરે છે.

ત્યારે મૂળ વાત સમાપન કરી લઉં. યથા... ત્યારે સમગ્રતા એમાં છે નહિ સાધનમાં. તો કે સમગ્રપણે ખ્યાલ નહિ આવે.

**જિજ્ઞાસુ :** मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः (ગીતા ૪/૧૧). હે પાર્થ, સર્વ પ્રકારે મનુષ્યો મારા જ માર્ગને અનુસરે છે. તો પેલી કડી સાથે એ કેવી રીતે જોડાય છે ?

**શ્રીમોટા :** તે પેલા અર્જુનને સંબોધીને કહ્યું છે. તે એને લલચાવવાને માટે. કે બધાં જ મને અનુસરે. અને તું એકલો બાજુએ રહ્યો ? મારો

ભાઈબંધ થઈને! હું એમ કહું કે મારા ઈશ્વરભાઈ છે. મારા ભાઈબંધ. ઘણાં વર્ષો અમે સાથે રહેલા આશ્રમમાં. અલા, ઈશ્વરભાઈ, મને હજારો લોકો મદદ કરે ને તું મને મદદ નથી કરતો એમ કહુંને એને ? તેવી રીતે ભગવાન કહે છે આ.

કે બે જણાની વાતચીત મૂકેલી છે આ. ભગવાનને અર્જુનને પોતાને ખેંચવો છે. દોસ્તી તો ન હતી. સાધારણ હતી. પણ એવી જબરજસ્ત ન હતી કે એકબીજાને એવી પળેપળ મનમાં આકર્ષણ જીવતું જાગતું સભાનતાવાળું રહ્યા કરેલું હોય ચેતનાત્મક એવું ન હતું. આટલી મિત્રતા હતી ખરી. એની ના નહિ. પણ જે એનો પાછલો ભાગ આવે છે કે બધાં જ લોકો તમે જ વિચારોને આપણે અનુસરીએ છીએ ? એ પ્રમાણે કરીએ છીએ ?

**શ્રીમોટા :** બીજો શ્લોક બોલો તમે.

**જિજ્ઞાસુ :** ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः (ગીતા ૪/૧૧).

**શ્રીમોટા :** તે આવું થાય ત્યારેને! આવું સાધન કરીને મને મેં એને જે રીતે જે કોઈ મને ભજે છે તેને હું તે રીતે ભજું છું. ત્યારે એવા લોકો મને જાણે છે. એમ કરીને એને બેસાડાય. જે લોકો જે રીતે મને ભજે છે તે રીતે તેને હું ભજું છું. એવું પેલા માણસને અનુભવ થઈ જાય. સામા માણસને. ત્યારે એ ભગવાનને અનુસરતો થઈ જાય. સંસારમાં, વહેવારમાં, કર્મમાં બધાંમાં. કર્મ કર્યા વગર શી રીતે તમને સમજણ પડવાની છે ? કર્મ કર્યા વગર.

**જિજ્ઞાસુ :** આપે યથાનો જે પહેલો અર્થ કર્યો છે તે બહુ મજાનો લાગ્યો અને એની સાથે. એની સંગતિ મને અત્યારે આ રીતે લાગે છે. સાચું કે ખોટું આપ કહેશો કે ક્રાઈસ્ટ એટલે આ ક્રિશ્ચાનિટીવાળા. આપણે ગમે તે ધર્મના હોય જે રીતે આવે છે તેને હું તે રીતે ભજું છું. એ બધા માર્ગો એ મને જ મળવાના માર્ગો છે.

**શ્રીમોટા :** ચોક્કસ.

**જિજ્ઞાસુ :** એવું ફલિત નહિ હોય આમાંથી ?

**શ્રીમોટા :** આમાં થાય છે જ. બધા જ માર્ગો મને જ મળવાના છે. અનેક નદીઓ.

**જિજ્ઞાસુ :** હા, એવું જ લાગે છે.

**શ્રીમોટા :** સમુદ્રમાં જ મળે છે.

**જિજ્ઞાસુ :** અત્યારે આ સ્ફુરણ થાય છે.

**શ્રીમોટા :** અનેક નદીઓ સમુદ્રમાં જ મળે છે. તેવી રીતે જુદા જુદા ધર્મો જે થયા એના કારણે જ, કારણ કે તે તે કાળમાં તે તે લોકો જે હતા તેમના જે તે વાતાવરણમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ એ જેટલી શક્યતા હતી. ગ્રહવાની મર્યાદા હતી. તેટલા જ પ્રમાણમાં તે લોકોએ કહ્યું.

તેનો અર્થ એમ નહિ કે આપણા ધર્મમાં જે જ્ઞાન છે તેટલું જ્ઞાન તેમનામાં ન હતું. પણ પૂરેપૂરા જ્ઞાની. પણ જેમ આપણા સંસાર-વહેવારમાં કોઈકને પાંચ જોઈતા હોય તો પાંચ જ આપીએ. એમને કાંઈ પાંચ લાખ નહિ આપી દઈએ. જેને જેટલું જોઈતું હોય ને પચી શકે તેટલું જ આપણે આપી શકીએ. તેવી રીતે આ જ્ઞાની પુરુષોએ એ દેશના લોકોને તે કાળની એની જે મર્યાદા તે જે હતી તે પ્રમાણે લોકોને જ્ઞાન આપ્યું.

મહંમદ પયગંબર સાહેબ થઈ ગયા. તે રીતે વ્યવસ્થા કરી. તો જે તે કર્યું. તો તે કાળના સંજોગો, તે કાળના સમાજના વર્તમાન માનસ જે એની ટેવો, અભ્યાસો, એના સંજોગો, એનાં રીતરિવાજો અને એનું માનસ કેટલું ગ્રહણ કરી શકે તેટલા પ્રમાણમાં કહ્યું. એ વધારે તો ગ્રહણ ના કરી શકે.

અને મને આટલા બધા ધર્મોનો અભ્યાસ નથી. પણ સાધારણ સરખો એવો અભ્યાસ છે. એના પરથી કહું છું કે આપણા દેશનું માનસ બહુ ઊંચા પ્રકારનું. ઘણા ઊંચા પ્રકારનું. આજે પણ આંતરિક રીતે આપણે જેટલું સમજવાની આપણી પ્રેમભક્તિપૂર્વકની તત્પરતા છે એવી આજે કોઈ દેશમાં નથી.

ઊંચામાં ઊંચું જ્ઞાન આજે ભલે આપણે અનુભવતાં ના હોઈએ. આપણે એનો અભ્યાસ કરતાં હોઈએ. સાધનો ના કરતાં હોઈએ પણ એને સમજી શકવાની આપણી તૈયારી છે. એવા ઘણા માણસો છે આપણા દેશમાં. બીજા દેશોમાં એવા માણસો કોક. પ્રમાણ તો ઘણું જ ઓછું. ને એ પ્રમાણ પણ આપણા પ્રમાણની સાથે સરખાવી નહિ શકાય એવા પ્રકારનું. એ મારા મનમાં એના વિશે બેમત નથી. પણ મને પોતાને એમ લાગે છે કે મારા દેશની આવી પરિસ્થિતિ છે. એનું કારણ કે ધર્મની ભાવના જીવતી નથી. સુષુપ્ત છે. મરી ગઈ નથી સાહેબ. સુષુપ્ત છે. ધર્મ મરી જતો નથી.

પછી યથા પર આવીએ. એટલે બધા ધર્મોની વાત કરી. બીજું સાધન આવે. અને ત્રીજું ભઈ, બધાં તો એવાં સાધનો કરી શકે નહિ કંઈ. ત્રીજું સંસાર આવે. તો સંસારમાં પુત્ર, મિત્ર, પત્ની, પરિવાર, દાદા, મામા, કાકા જે સગપણ હોય તો સાલું એ રીતેય ભગવાનને ભજાશે. કોઈ કહે કે મારી બૈરી, કોઈ કહે મારો પિતા, કોઈ કહે મારો મિત્ર, કોઈ કહે કે મારો દીકરો. જેને જે સમજણ તેવું કરેને! તે રીતે કરે. તો એને એ રીતે સમજણ પડે. માટે એ એટલો છે ને એવો જ છે એમ નહિ. (કૅસેટ પૂરી)

• • •

**જિજ્ઞાસુ :** વિચારની કડીઓ થઈ જાય તેને Trace back કરવી કે નહિ ? જુદા જુદા સમયે જુદાં જુદાં સ્થળે પડેલાં સંસ્કારો બધા એક સાંકળમાં જોડાઈ જાય છે.

**શ્રીમોટા :** આમાં બને તેટલી સ્વસ્થતા આપણે રાખવાની છે. જે આવે, ઊગે એને સળંગ આકાર આપ્યા વિના કે એમાં આવેલા કે ઊગેલા વિચારને બીજો એનો જાતિય વિચારનો આંકડો આપણે આપણાથી ઉમેરવો નહિ. અલબત્ત, આવું થવું અઘરું છે પણ એવો જીવતો પ્રયાસ કેળવવાનો છે.

વિચારોને Trace back કરવાની તો જીવનની એક કળા છે. ને એ જ પદ્ધતિને અંગે બૌદ્ધ માર્ગમાં પૂર્વજન્મો જાણવાની યોગની પદ્ધતિ ખોળી કાઢેલી છે.

**જિજ્ઞાસુ :** રાત્રે ગુરુની ભાવાત્મક ચેતનાશક્તિમાં લક્ષ હૃદયથી પ્રેરાવતા રહી સૂઈ જવું. આના concrete અનુભવ માટે વધારે સ્પષ્ટતા મને જોઈએ છે.

**શ્રીમોટા :** રાત્રે સૂતી વખતે હૃદયે ગુરુની ચેતનાશક્તિ ભાવાત્મકપણે રહે એટલે હૃદયે એનો સંનિવાસ છે તે જીવનમાં જાગો, ચેતો, પ્રગટો. સર્વકર્મ અંતરબાહિરમાં ચેતનારૂપે શક્તિના આવિર્ભાવરૂપે ને ભાવના વહનાત્મકરૂપે કે ગતિરૂપે અનુભવાય એવું બનો. ને તેનું ચેતનાત્મક પ્રેરણાત્મક બની શકે એવું સૂક્ષ્મ ચેતના દેહનો અનુભવ થવાવા પ્રાર્થનાભાવમાં સૂવું. એમની ભાવચેતનાશક્તિ આપણા આધારમાં જ્યાં જ્યાં અશુદ્ધિ હોય ત્યાં સ્પર્શો. જ્યાં જ્યાં જે જે ભાગમાં અશુદ્ધિનું સ્પષ્ટ ભાન હોય ત્યાં ત્યાં ધ્યાન દ્વારા તે શક્તિનો સ્પર્શ અનુભવવા ત્યાં લક્ષ એકાગ્રતાથી—કેંદ્રિતપણે તે જગાએ પ્રાર્થનાભાવમાં રાખ્યા કરવું. એમ અનેક રીતે એનો જ્ઞાનભક્તિભાવે ઉપયોગ કર્યા કરવો.

સૂક્ષ્મ ચેતનાદેહથી પણ બરાબર સ્પષ્ટતા ન આવી શકે તો એના સ્થૂળ પણ માત્ર સ્થૂળ નાતે પણ તેનામાં રહેલી જે ચેતનાશક્તિ છે ને જે ભાવમય છે એના સાથે સ્થૂળ સ્વરૂપને રાત્રે સૂતી વખતે અથવા કોઈ પણ પળે નકારાત્મક વિચારોની પળે તેને હૃદય સમક્ષ પ્રગટાવવું.

**જિજ્ઞાસુ :** તમારી સાથેના સંબંધે મને શીખવ્યું છે કે અખંડ, અવિરતપણે, અનન્યભાવે, અવ્યભિચારીપણે અને સર્વભાવે પરમાત્માનું સ્મરણ થતું થાય એ પ્રથમ પગથિયું છે, તેમાં સંકલ્પ-વિકલ્પ ઊઠતા બંધ થઈ જતા હશેને ?

**શ્રીમોટા :** તેમાં તો પછી એવી સ્થિતિ ઊપજે કે શબ્દમાત્રમાં હરિઃૐ સંભળાયા કરે એવી સહજ સ્થિતિ બને.

• • •

**“હું સર્વત્ર વિદ્યમાન છું.”**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧ - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૬

## (તા. ૩-૫-૧૯૭૪ને દિને પંચશીલ સોસાયટી, અમદાવાદમાં શ્રી જયંતીભાઈ પટેલના ઘરે પૂ. શ્રીમોટા સાથે શ્રી અનુપરામભાઈ ભટ્ટે કરેલ સત્-ચર્ચાની ટેપ-વાણીનો અહેવાલ)

### શ્રીમોટા આદેશ

ચીલે ચીલે મત ચલો. સમાજમાં જે ચીલેચલુ કામો થાય છે તેવાં કામો નહિ પણ મૌલિક કામો કરવાં જોઈએ.

જ્યાં સુધી સમાજમાં ગુણ અને ભાવ નહિ પ્રગટે ત્યાં સુધી સમાજ બેઠો નહિ થાય. માટે આપણે તો ગુણ અને ભાવ—ના ઉત્કર્ષ માટે જ મથવું જોઈએ.

અનાજ-પાણીના દુકાળો માટે સમાજમાં પડેલી દયાવૃત્તિથી લોકો મદદ કરશે જ. પણ ગુણ અને ભાવ—ના દુકાળને સમાજ સમજી શકતો નથી. તો ગુણ અને ભાવ—ના દુકાળના નિવારણ માટેની પ્રવૃત્તિઓ જ આદરવી જોઈએ.

(પૂ. શ્રીમોટા સાથેની વાતચીતમાંથી...)

સંપાદક :
શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ‘‘મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.’’ આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

આ પુસ્તક બને તેટલી ઓછી કિંમતે સ્વજનોને આ કાળઝાળ મોંઘવારીમાં પ્રાપ્ય થાય તે હેતુથી બને તેટલી સાદગીથી છાપ્યું છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# નમ્ર વિનંતી

**મોટા**નાં સર્વ સ્વજનોને નમ્રપણે જણાવવાનું છે કે શ્રી યશવંતભાઈ પટેલ, જેઓ શ્રીમોટાવાણીની શ્રેણી પ્રકાશિત કરે છે તે પૂ. શ્રીમોટાએ જુદેજુદે ઠેકાણે કરેલ પ્રવચનો અને સત્-ચર્ચાની પ્રશ્નોત્તરીની કૅસેટોને ગ્રંથસ્થ કરાવવાનું કાર્ય કરે છે.

આ એક ઉમદા કાર્ય છે, કારણ કે આવી કૅસેટો જે કોઈ સ્વજન પાસે હોય તે તેમના એકલા પાસે રહે અને કાળક્રમે એવી કૅસેટો કદાચ નાશ પણ પામે. આવી કૅસેટો ગ્રંથસ્થ થઈ જાય તો પૂ. શ્રીમોટાની વાણીનો **મોટા**ના વિશાળ ચાહક વર્ગને લાભ મળે.

આથી, હું **મોટા**નાં સર્વ સ્વજનોને આગ્રહભરી વિનંતી કરું છું કે જો તેઓ પાસે પૂ. **મોટા**ની કોઈ પણ કૅસેટ હોય તો તેઓ શ્રી યશવંતભાઈ પટેલને અમદાવાદ પહોંચતી કરે.

તેમના વતી હું સૌ સ્વજનોને ખાતરી આપું છું કે તેઓ સદર કૅસેટની ડુપ્લીકેટ કરાવીને મૂળ કૅસેટ જે-તે વ્યક્તિને પરત કરશે.

તેમનું સરનામું નીચે મુજબ છે :

**શ્રી યશવંતભાઈ એ. પટેલ** (ફોન : ૦૭૯-૨૫૪૬૧૫૨૪)
૨, મણિનગર સોસાયટી,
મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**– લિ. નંદુભાઈના જય શ્રીહરિ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## સ્વ. શ્રી ગોરધનકાકા (હરિઃૐ આશ્રમ, નડિયાદના અંતેવાસી)ને સસ્નેહ સમર્પણાંજલિ

સ્વ. શ્રી ગોરધનકાકાના વતનનું ગામ નડિયાદ. તેઓ ઍન્જિનિયર થઈ સરકારી નોકરીમાં વાયરલેસ ખાતામાં જોડાઈને પૂના, દિલ્હી, કલકત્તા વગેરે સ્થળોએ નોકરી કરી હતી અને તે દરમિયાન છેવટે ભારત સરકારના ડાયરેક્ટર ઑફ ઓવરસીઝ કૉમ્યુનિકેશન સર્વિસ જેવા જવાબદારીભર્યા હોદ્દા પર નવી દિલ્હીમાં નિમાયા હતા. સન ૧૯૫૭માં રિટાયર્ડ થઈ નડિયાદમાં વસવાટ માટે આવી ગયા હતા. ત્યાર બાદ તેઓ હરિઃૐ આશ્રમમાં અવાર-નવાર આવતા.

એક વેળા પૂ. શ્રીમોટા તેમના ઘરે ભોજન માટે ગયા હતા. ત્યારે તેઓશ્રીએ સ્વ. શ્રી ગોરધનભાઈનાં પત્ની શ્રી કાશીબાને ટકોર કરી કે ગોરધનકાકાને મને આપી દો. ત્યાર બાદ સ્વ. શ્રી ગોરધનકાકા આશ્રમમાં રહેવા આવી ગયા હતા. અને તેમણે તેમનો બંગલો જે સંતરામ સોસાયટીમાં હતો તે શ્રીઅરવિંદ આશ્રમ, પોંડિચેરીને સમર્પણ કરી દીધો. જે પૂ. માતાજીએ સ્વીકારી લીધેલ. હાલ તે બંગલામાં શ્રીઅરવિંદાશ્રમની પ્રવૃત્તિઓ ચાલે છે.

સ્વ. શ્રી ગોરધનકાકા આવી જઈફ ઉંમરે પણ આશ્રમ જીવનમાં ખૂબ નમ્રતાથી આશ્રમનાં દરેક કાર્ય પ્રેમભક્તિભાવથી કરતા. સવારમાં મૌનરૂમોમાં ચા આપવા જવું, ત્યાર બાદ ભોજનના થાળ પહોંચાડવા, મૌનાર્થીઓનાં ચા-ભોજનનાં એંઠાં વાસણો લઈ આવવાં, વાસણો ઘસવાં, ઉપરાંત, આશ્રમમાં ભક્તોને ચા-નાસ્તાની ડિશો આપવી, તે બધી સાફ કરવી, ધોયેલાં કપડાંની ગડી વાળવી, રસોડામાં શાક સમારવું, આશ્રમમાં ઝાડુ મારીને કચરાના ઢગલા

કરી ફેંકવા, આશ્રમના બાગ-બગીચામાં ગુલાબ, આંબા, ચીકુ વગેરેનું રોપાણ, ખોદાણ અને નિંદામણનાં કામો જાતે જ કરતા. 'ઓ ઈશ્વર ભજીએ તને' એ ભજન પણ તેમણે જ શરૂ કરાવ્યું હતું. આશ્રમમાં વીજળીને લગતું દરેક કામ તેઓ જાતે જ કરતા. વાયરો નાખવા-બદલવા, સ્વિચો ફીટ કરવી વગેરે. આટલાં બધાં કામો ઉપરાંત, પૂ. શ્રીમોટાને ગાડીમાં રોડ પર રોજ ફરવા લઈ જવાનો તેમનો કાર્યક્રમ હતો.

પૂ. શ્રીમોટા દેહત્યાગ અગાઉ નડિયાદ આશ્રમેથી તારીખ ૨૨-૭-૧૯૭૬ની વહેલી સવારે ધોધમાર વરસાદમાં ફાજલપુર જવા નીકળ્યા હતા, ત્યારે પૂ. શ્રીમોટાની મોટર દરવાજા બહાર નીકળી કે તરત જ દરવાજાની લાઈટ એકદમ બંધ થઈ ગઈ અને સ્વ. શ્રી ગોરધનકાકા બોલી ઊઠ્યા હતા કે, ''આશ્રમનો દીવો બુઝાઈ ગયો.'' અને પાછી લાઈટ તરત આવી ગઈ.

ઘણા સમયથી તેમની ઇચ્છા હતી કે ભિષ્મ પિતામહની માફક ઉત્તરાયણના દિવસે તેમનું મૃત્યુ આવે તો કેવું! તેઓ તેમની આંખના ઑપેરશન માટે આણંદ જઈ તારીખ લઈ આવ્યા હતા. ત્યાર પછી તેમના પુત્ર ભગુભાઈ અને પુત્રવધૂ અ.સૌ. જશુબહેન કલકત્તાથી આવીને આણંદ બે-ત્રણ દિવસ રહ્યાં હતાં અને તા. ૧૪-૧-૧૯૮૩ (ઉત્તરાયણ) ના રોજ સવારે ઊઠ્યા. દાતણપાણી કર્યા પછી શ્વાસ ચઢવા મંડ્યો. એટલે અ.સૌ. જશુબહેને કહ્યું કે તમને શ્વાસનું દર્દ તો નથી અને શ્વાસ ક્યાંથી ચઢ્યો ? તરત ડૉક્ટર કાંતાબહેનને બોલાવવા ભગુભાઈ ગયા અને અહીં ગોરધનકાકા કહે કે, ''પૂ.શ્રી પાસે જઉં છું. હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ.'' એમ બોલીને દેહ છોડી દીધો.

પૂ. શ્રીમોટાએ તેમને ઇચ્છામૃત્યુ આપ્યું, નામસ્મરણ કરતાં કરતાં દેહ છૂટ્યો. ધન્ય જીવન અને ધન્ય મૃત્યુ.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. પૂ. શ્રીમોટા સાથે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબની પ્રશ્નોત્તરી ........ ૬૫

૨. જળ અને પૃથ્વીતત્ત્વમાં ચેતનનું અવતરણ થતું નથી .... ૮૭

૩. યોગની ભાષામાં સંયમ ........ ૮૮

૪. સ્વાર્થની સભાનતાની જેમ સદ્‌ગુરુની સભાનતા દરેક કર્મમાં રાખો ........ ૮૯

૫. સદ્‌ગુરુનું સ્મરણ રાખવા માટેના ઉપાય ........ ૯૦

૬. નકારાત્મક વૃત્તિઓ ઊઠતાં તે વેળા પ્રાર્થના, ભજન, સ્મરણ કરો ........ ૯૦

૭. **મોટા**ને પગે લાગનારા **મોટા**નું કામ કરે તો સાચા પગે લાગ્યા ........ ૯૧

૮. **મોટા**નું કામ **મોટા**ને પોતાનામાં જીવતા કરવા માટે કરો ........ ૯૨

૯. **મોટા**નું કામ **મોટા**ની ભાવના જગાડવા કરો ....... ૯૩

૧૦. ગીતાના શ્લોકની સમજણ ........ ૯૪

૧૧. ભગવાન સાથે સંબંધ બાંધવા સાધન કરો ........ ૯૫

૧૨. બીજા વિશે વિચારવાનું છોડો, પોતાના વિશે વિચારો ... ૯૭

૧૩. અભ્યાસ અને વૈરાગ્ય ........ ૯૭

૧૪. સર્વારંભપરિત્યાગીનો અર્થ ........ ૯૮

૧૫. ગીતાના શ્લોકની સમજણ ........ ૧૦૧

॥ હરિઃૐ ॥

**ઉદ્‌ઘોષક :** તા. ૩-૫-૧૯૭૪ને દિને પૂ. શ્રીમોટાએ શ્રી ઇંદુકુમાર દેસાઈ મારફતે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબને સંદેશો મોકલી સત્‌ચર્ચા માટે બોલાવ્યા હતા. ત્યારે પંચશીલ સોસાયટી, અમદાવાદમાં શ્રી જયંતીભાઈ પટેલના ઘરે શ્રી ભટ્ટ સાહેબે પૂછેલા પ્રશ્નો દ્વારા થયેલ સત્‌ચર્ચાનો આ અહેવાલ છે.

**જિજ્ઞાસુ :** અનુભવીને શરીરનાં સુખદુઃખ ભોગવવાનાં હોય છે ખરાં ?

**શ્રીમોટા :** રામાનુજાચાર્ય કે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો એમ કહે છે કે દેહ છે, ત્યાં સુધી સુખદુઃખ છે. એટલે એને મુક્તિ નથી. શેનાથી મુક્તિ નથી ? સુખદુઃખથી. એનો અર્થ એમ નથી કે કામ, ક્રોધાદિ કે પ્રકૃતિ નથી. એમ અર્થ નહિ લઈ શકાય અને શંકરાચાર્યે કોક ઠેકાણે લખાણમાં એમ નહિ હોય. હું તો માનું છું શંકરાચાર્ય પણ દેહ છે. પોતે દેહાવસ્થા છે એની અને વિદેહાવસ્થા કહે છે એ વાત પછી આપણે કરીએ.

પણ દેહાવસ્થા છે ત્યાં સુધી પ્રકૃતિ છે અને પ્રકૃતિના ગુણધર્મ એને છે. માત્ર બહુ બહુ શું કે લેપાઈ ના જાય. એમાં ડૂબી ના જાય. મધની અંદર માખીઓ ડૂબી જાય તેમ ડૂબી ના જાય. એનામય ના થઈ જાય. તદ્રૂપ ના થઈ જાય અને ધારો કે તદ્રૂપ થાય, તો અનુભવી પુરુષ તદ્રૂપ ના થાય તો અનુભવી નહિ.

સંસારી માણસ એટલો તદ્રૂપ નહિ થાય. સંસારી માણસની તદ્રૂપ થવાની શક્તિ, તાકાત નથી. અનુભવીની એ શક્તિ છે. જેમ ચેતન ઝાડની સાથે ઝાડરૂપ થઈ જાય છે. જળની સાથે જળરૂપ, પશુની સાથે પશુ. એવી રીતે અનુભવી પુરુષ સંપૂર્ણ તદ્રૂપ થઈ જાય પેલાની સાથે. તેમ છતાં નોખો રહે છે.

તેવી રીતે અનુભવી તદ્રૂપ થઈ જાય. કોઈ સાથે. તો તદ્રૂપ થઈએ આપણે કોઈ સાથે ત્યારે બીજું શું બને છે ? કે એક સંસારી

માણસ તદ્રૂપ થાય અને પેલો અનુભવી તદ્રૂપ થયા તો બન્નેના તદ્રૂપ થવામાં ક્રિયા એકની એક છે. કોઈને કાંઈ ફેરફાર તો લાગવો જોઈએ. જબરજસ્ત મોટો પ્રખ્યાતમાં પ્રખ્યાત સટોડિયો હોય ને ધંધો લે હાથમાં પણ કહી દે છે અથવા તો વહેવારમાં એવી રીતે અનુભવી પુરુષ તદ્રૂપ થાય છે.

પ્રકૃતિમાં દ્વંદ્વ ને ગુણ આવ્યા. હવે દ્વંદ્વ ને ગુણ જો આવ્યા તો પછી સુખદુઃખ આવ્યાં કે નહિ ? નીતિ-અનીતિ. આ બધાં જોડકાં. દ્વંદ્વનાં જોડકાં આવ્યાં કે નહિ ? ત્યારે હવે શંકરાચાર્ય શું કહે છે તે જાણતો નથી. એ વિદેહમુક્તિ શેને કહે છે તે હું નથી જાણતો.

વિદેહમુક્તિ એટલે જીવતાંજાગતાં ચેતનના જેવો અનુભવ પોતે કરવો. થાય છે એને. પણ વિદેહમુક્તિ એટલે હું તો ત્યાં સુધી કહું કે વિદેહમુક્તિ એટલે શરીરનું કોઈ પણ પ્રકૃતિનું લક્ષણ એનામાં હોય નહિ. એ જો વિદેહમુક્તિ કહેવાતી હોય તો માત્ર એ કાલ્પનિક છે. Reality એમાં કોઈ દિવસ આવી શકે નહિ અને **શંકરાચાર્યની મુક્તિનો અર્થ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્, રાગદ્વેષમાંથી મુક્તિ. એટલે કે પ્રકૃતિની પકડમાંથી મુક્તિ,** પણ એનો અર્થ એમાંથી પ્રકૃતિ જતી જ રહે એવું મને તો લાગતું નથી, કારણ કે શક્ય જ નથી. અનુભવીને શરીર છે.

શરીરનો એ ગુલામ નથી પાછો એનું શરીર હોવા છતાં શરીરનો ગુલામ નથી. ત્યાં સુધી બરોબર છે, પણ એમ કે અનુભવી થયો.

શંકરાચાર્ય ભગવાન એમ કહે છે કે અનુભવી થાય એને સુખ-દુઃખ જ ના હોય. સુખદુઃખમાં હોય પણ એમાં પરોવાય નહિ એ બને. એમાં એને ઝાઝો લાગે નહિ. લાગે નહિ એટલે કે એને દુઃખાદિ હોય તેથી હાયવોય ના કરે, બૂમો ના પાડે. ઓ બાપરે મરી ગયા. મરી ગયા એમ બૂમો ના પાડે. એ બધું ખરું પણ એ જો મોક્ષને એમ કહેતા હોય કે એમાં સુખદુઃખ જ નહિ શરીરનાં કારણ કે આખરે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જે છે તે મનાદિ એ આધારને પણ વળગેલાં છે. આધારને વળગેલાં ના હોય તો કાંઈ કશું કર્મ થાય જ

નહિને! એ આધારને વળગેલાં છે. ઊર્ધ્વમાં પણ વળગેલાં છે અને અનુભવ હોવાથી સમત્વ ધારણ કરેલું છે.

*સમત્વ જીવતું રાખી ઉભયને સિંચાડે છે.*

એટલે શંકરાચાર્ય ભગવાને અનુભવની કક્ષામાં સુખદુઃખાદિ જ ન હોય. મારા મનમાં કે એને માનસ છે. એનાં મનાદિકરણ છે. અનુભવીનાં. તે સુખદુઃખ હોવા છતાં સુખદુઃખથી લેપાતાં નથી. એનું એને બંધન નથી. અથવા તો બીજી રીતે આપણે વિચારીએ. ગીતાનો આધાર લઈએ કે એ દ્રષ્ટા છે. સાક્ષી છે. કે શાનો સાક્ષી હોય એ ? કાંઈ કશું હોય તો સાક્ષી કે એમ ને એમ સાક્ષી ? કાંઈ કશું હોવું જોઈએને ? તો એ સાક્ષી.

ત્યારે હવે તમે જો આખો concept કહો કે શંકરાચાર્ય ભગવાન આમ કહે છે. મને એ વાત યાદ આવે છે તેમની. શરીર છે ત્યાં સુધી સુખદુઃખાદિ રહેવાનાં. એમ અમારા ભક્તિ સંપ્રદાયના આચાર્યો કહે છે. એ સો ટકાની વાત સાચી. ગમે તેવા મોટામાં મોટા અનુભવી અત્યાર સુધી થઈ ગયા છે. બધાને છે. રામકૃષ્ણને તો જાતેજાત જોયેલું કૅન્સર. **રમણ મહર્ષિને દર્દ થતું હતું તે મોં પરના ફેરફાર મેં જોયા છે. દર્શન કરવાં ગયો હતો.** એક સાધુ લઈ ગયેલા. નારાયણ સ્વામી હિમાલયના હતા. તમે બરાબર નથી કરતા. આપણે નહિ જઈએ એવા લોકોનાં દર્શને બીજા લોકો કેવી રીતે જશે ? તો આપણે દાખલો બેસાડવો જોઈએ કે તમે તો પાંચ-દશ મોટર લઈને નીકળો ને મને કોઈ મોટર-બોટર આપે નહિ. આજની વાત જુદી. આજ વળી માગું તો કોક આપે પણ. એટલે મને ફાવે નહિ પ્રભુ. ને કામ મારું મનમાં પહેલું. અમે એમાં શીખેલા કે **ભગવાન પણ કર્મ કરે છે. ત્યારે એમને પણ દર્દ થતું મેં જાતે જોયેલું. મોઢા પર ફેરફારો દર્દથી. પણ એ ફેરફારો થાય શરીરને કારણે, પણ એથી કરીને મન એમનું.... સભાનતાથી છૂટું છે એમ નહિ ગણાય.**

આજે મને ભયંકરમાં ભયંકર દર્દ થતું હોય તો હું ભજન લખી નાખું. પછી મેં ઘણા આના પ્રયોગો કર્યા. કે આ હું ગપ્પાં મારું છું કે

ખરેખર આ હકીકત છે ? હું લખી નાખું. બે-ચાર-પાંચ લખી નાખું. એ મારો પોતાનો અનુભવ છે. સખતમાં સખત દર્દ થતું હોય. આ સાહેબને હું ધન્યવાદ આપું છું. એણે મારી કદર કરી. મારું ઑપરેશન કરવાનું હતું ત્યારે સાહેબને મેં લખાવ્યું. ત્યારે હું સદ્‌ગુરુ પર લખતો હતો. એટલે કે સભાનતા એની હરિ સાથે કદી કાળ પેલાં સુખદુઃખાદિને લીધે તૂટતી નથી, પણ તેથી સુખદુઃખાદિ હોય જ નહિ એમ પ્રશ્ન શંકરાચાર્ય ભગવાન કહેતા હોય.

**જિજ્ઞાસુ :** હું આપને એ કહેતો હતો કે શ્રી રામાનુજાચાર્ય એમ કહે છે કે જીવન્મુક્તિ જે શંકરાચાર્ય માને છે તે છે જ નહિ, કારણ કે કર્મને નિમિત્તે જે શરીર ધારણ કરવું પડે છે, એ શરીર ધારણ એણે કરેલું હોય છે અનુભવીએ પણ. એટલે સુખદુઃખ એને અનિવાર્યપણે હોય જ છે એમ રામાનુજાચાર્ય કહે છે અને એ હોવાને કારણે જીવન્મુક્તિ નથી એની. કેમ નથી ? એ પછી એમ ઉપનિષદો વગેરેના ક્‌વોટેશન આમ કરે છે. તો એ કહે છે

अशरीरम् वावसंतम् नप्रियाप्रिय पुषतः

જે અશરીર બને છે તે તો મુક્ત બને છે અને પ્રિય અને અપ્રિય, સુખ અને દુઃખનો સ્પર્શ થતો નથી. એ ક્‌વોટેશન લે છે.

ઉપનિષદનું વાક્ય હું બોલું છું. આ ઉપનિષદનું ઉપર છે તે ક્‌વોટેશન આપી પછી વાત કરે છે. મુક્તાવસ્થા શું ? તો ઉપનિષદનું ક્‌વોટેશન આપ્યું.

अशरीरम् वा वसंतम् नप्रियाप्रिय पुषतः

જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી પ્રિય અને અપ્રિયનો નાશ થતો નથી. એટલે સુખદુઃખની sensation નાશ પામતી નથી. તે પ્રમાણે બીજું કહ્યું કે,

अशरीरम् वावसंतम् नप्रियाप्रिय पुषतः

જે અશરીર બને છે તેને પ્રિય અને અપ્રિય એટલે સુખ અને દુઃખનો સ્પર્શ થતો નથી. આ પ્રમાણે કહ્યું.

હવે જ્યારે અશરીર અવસ્થાનું લક્ષ્ય આવું છે તેમ રામાનુજાચાર્ય કહે છે. ત્યારે જીવન્મુક્ત દશા એ સંભવતી જ નથી, કારણ કે

શરીર તો હોય જ છે. અને શરીર હોવાને કારણે એને સુખદુઃખ હોય જ છે. માટે વિદેહમુક્તિ સંભવે છે. વિદેહ- મુક્તાવસ્થા સંભવે છે, પણ આ અવસ્થા જીવન્મુક્તિની સંભવિત નથી એવું રામાનુજાચાર્ય કહે છે.

હવે શંકરાચાર્ય એમ કહે છે કે ના. જીવન્મુક્તિની અવસ્થા સંભવે છે. **જીવન્મુક્તિ એટલે શું ? એટલે એ એમ કહે છે કે દેહાભિમાનનો નાશ. એમ શંકરાચાર્ય કહે છે. એટલે દેહ છે ખરો, પણ તેમાં દેહ હું છું. દેહ મારો છે એ પ્રકારનો ધ્યાસ કે અભિમાન એનો નાશ થયેલો હોય છે.**

**શ્રીમોટા :** બરોબર છે સાહેબ.

**જિજ્ઞાસુ :** તે શંકરાચાર્યનો stand છે. પછી એ કહે છે. દાખલા તરીકે કોઈ વ્યક્તિ છે. તે પુષ્કળ પૈસાદાર છે. હવે એણે સંન્યાસ લઈ લીધો. પૈસાદાર છે પુષ્કળ. અને એનું ધન ચોરાઈ ગયું, લૂંટાઈ ગયું. એટલે એને દુઃખ થાય છે, કારણ કે ધનમાં એનું અભિમાન છે. મમત્વ વગેરે છે. પણ જ્યારે પ્રવજ્ઞા લે છે. સંન્યાસ લે છે ત્યાર પછી એને એ ધનાપહાર... ધન જતું રહે એને કારણે દુઃખ થતું નથી, કારણ કે એમાં એનું અભિમાન એ બાબતમાં રહેતું નથી. એવી રીતે કોઈ પણ વસ્તુ કોઈપણ વ્યક્તિએ કુંડલ પહેરેલાં છે. કુંડલો પહેરેલાં છે એણે. હવે હું કુંડલી છું. હું કુંડલવાલો છું. એવું એને અભિમાન રહ્યા કરે છે. અને એનું સુખ રહ્યા કરે છે. તો કુંડલ એનાં જતાં રહ્યાં અને ત્યાર પછી એને એ પ્રકારનું દુઃખ થતું નથી. એટલે સુખદુઃખ એ દેહાભિમાનને કારણે છે એમ એ કહે છે. એટલે દેહાભિમાન જતું રહે છે જીવન્મુક્તને. ત્યાર પછી એ સુખદુઃખરહિત એટલે અશરીરાવસ્થા જ છે. શરીર હોય એ જ શરીરાવસ્થા નહિ પણ **શરીર હોય છતાં પણ દેહાભિમાન જતું રહ્યું હોય એ માણસ અશરીરાવસ્થાવાળો છે એટલે મુક્ત જ છે એમ શ્રીશંકરાચાર્યનું કહેવું છે.**

**શ્રીમોટા :** એ બરોબર.

**જિજ્ઞાસુ :** અને એને એ જીવન્મુક્ત દશા કહે છે.

**શ્રીમોટા :** એ એમ શંકરાચાર્ય નથી કહેતા એને સુખદુઃખ ના હોય.

**જિજ્ઞાસુ :** એટલે આ વાત એટલે સ્પર્શ થતું નથી.

**શ્રીમોટા :** સ્પર્શ ના થાય, પણ સુખદુઃખ તો થાય જ.

બીજી એક વાત જે કહું કે કદાચ એણે ના કરી હોય. શંકરાચાર્યે જાહેરમાં ના કરી હોય, કારણ કે અનુભવી પુરુષ થાય. સંપૂર્ણ અદ્વૈતનો જેને અનુભવ છે, તેને આકાશતત્ત્વ મોખરે હોય છે હંમેશાં. અને આકાશતત્ત્વને લીધે જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં જાય પોતપોતાનું શરીર લઈને પણ જાય છે, પણ એ જે શરીરને લઈને જાય છે તેને સુખદુઃખાદિ નથી. દા.ત., મારું શરીર અહીં જયંતીભાઈ સાહેબને ઘેર છે. ને અહીંથી મારા આશ્રમમાં કામ પડ્યું ને ગયો તો એને કશું જ નહિ. બિલકુલ નહિ. અને ઑપરેશન કરાવું તેનો પેલો એ પણ રહી જાય. ડાઘ બાઘ-ચિહ્ન રહી જાય. પણ આને કશું જ નહિ.

**જિજ્ઞાસુ :** આ તો સમજાય છે.

**શ્રીમોટા :** ના આ તો છે. બનેલી હકીકત. સાચી હકીકત. આ કાંઈ જાહેરમાં મુકાય નહિ આપણાંથી. ગપ્પાં ઠોકો છો. લાવ. સાબિત કરો. તે કંઈ એમના માટે આ કંઈ સિનેમાનો ખેલ નથી કે સાબિત કરાય, પણ હકીકતની વાત છે આ. કે આકાશતત્ત્વવાળા હોવાથી એ શરીરને ગમે ત્યાં લઈ જઈ શકે છે. હાજર કરી શકે છે. પોતે. ને એવા કેટલાય મહાત્માઓ ગુજરી ગયેલા. પછી હાજર થયેલા છે. એવા કેટલાયના અનુભવ છે. ત્યારે એ અશરીરી. એને હું અશરીરી કહું છું. આમ ખરું. શરીર હોવા છતાં જેનો દેહાધ્યાસ બિલકુલ ચાલ્યો ગયો છે. શરીર, પણ એને સુખદુઃખાદિ ના હોય. હંમેશાં સુખદુઃખાદિમાં લેપાય પણ નહિ.

દા.ત., મારા જેવો માણસ. હું તો દવા કરાવવામાં માનું પહેલેથી. દવા કરું. શરીર છે. અત્યારે તો દેખીતી રીતે પ્રવૃત્તિ તો શરીરથી જ થાય છે. મારા આત્માને અને મનને કોણ કાકો જાણે છે ? હું જાણતો

નથી. એટલે દા.ત., આટલાં બધાં કામ ભગવાનની કૃપાથી તોત્તેરેક લાખનાં થયાં. તો કોઈક આપણને જાણે. કામને લીધે જાણે છે. કામને લીધે નામ છે. તો તેવી રીતે શરીર છે અનુભવીનું. પ્રકૃતિ fully transform થઈ નથી. એ જ્યારે થશે. **જળ અને પૃથ્વી તત્ત્વમાં ચેતનનું અવતરણ સંપૂર્ણપણે થશે ત્યારે રોગ પણ નહિ હોય.**

**જિજ્ઞાસુ :** આમાંથી એક પ્રશ્ન એવો ઉદ્‌ભવે છે કે જે શરીરધારી અનુભવી છે. જે શરીર છે. જે શરીરમાંથી નીકળી નથી ગયો. એવો અનુભવી છે તો એની.... હું એમ પૂછતો હતો કે એ ઇતર જીવથી કઈ રીતે જુદો પડે છે ? એને મન, બુદ્ધિ વગેરે હોય છે કે નહિ ? આ પ્રશ્ન ઊભો થાય છે.

**શ્રીમોટા :** એને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિ બધું જ છે. પેલા જીવથી અને આ જીવથી કંઈ જુદો પાડી શકાય નહિ. સરખાવી ના શકાય. પણ દરેકને ભોગવવાની રીતમાં ફરક. સંસારી માણસ સુખદુ:ખાદિ ભોગવે અને આ ભોગવે મન, બુદ્ધિ, ચિત્ત, દ્વારા જ. પણ પેલા સંસારી માણસનાં મન, બુદ્ધિ, ભગવાનમાં લય પામ્યાં નથી. આનાં લય પામ્યાં છે. લય પામ્યાં છે અને એની સાથે તદ્રૂપ થાય છે. ભગવાનની સાથે. બ્રહ્મની સાથે. જે શબ્દ કહેવો હોય તે. પોતાનો અંતરાત્મા કહો. આત્મા કહો. તે આત્માની સાથે સંલગ્ન છે અને સંલગ્ન થઈને ભોગવે છે.

હું કરોડાધિપતિ હોઉં અને પાંચ-પચાસ લાખનું દેવું થયું તો મને કાંઈ હિસાબ નહિ. અને સામાન્ય માણસ હોય અને પચાસ લાખનું દેવું થાય તો ખલાસ! તેવી રીતે સામાન્ય માણસ ભોગવે અને એક અનુભવી ભોગવે. બન્નેની ભોગવવાની રીતમાં આસમાન જમીનનો ફરક છે. એ જો ખ્યાલમાં ના રાખીએ તો તો અનુભવીને બિલકુલ આપણે નહિ સમજી શકીએ. અનુભવી ભોગવે છે ખરો, પણ બીજી એક સમજવા જેવી વાત છે કે જીવદશાવાળો માણસ શરીરથી ભોગવે છે. એની અંદર આશા, ઇચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, અનેક

પ્રકારની ઝંખનાઓ, કામક્રોધાદિક એનામાં મૂળમાં છે અને જે તે ભોગવવાની પાછળ એના હેતુની એની સમજણ છે. જ્યારે અનુભવી પાસે એવું નથી.

ત્યારે કેમ શું કરવા ભોગવે છે માળો હાળો ? અનુભવી મન કે ચિત્તનો ગુલામ નથી. આપણે ગુલામ છીએ. સંસારી માણસ ભોગવે છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ વડે કરીને ભોગવે છે. ગુલામ તરીકે. દાસ તરીકે. જ્યારે પેલો જે અનુભવી છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એનામાંથી જતાં નથી રહ્યાં. Sublimation થયાં છે, અને એ એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો પણ એ ગુલામ નથી. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ વગેરે એવી જે કોઈ સ્થિતિ છે પણ એ બધું લાંબું થાય. આ બધા સમજે નહિ એમાં. પણ આ તમે લખજો. તો **કોક વખતે હું કહીશ તમને, કે એવી સ્થિતિ છે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ સિવાય પણ કર્મ થઈ શકે છે.** કરે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો બિલકુલ આશ્રય નહિ. પણ આ જે અનુભવી એ તો આશ્રય લે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો અને પેલો (જીવદશાવાળો) પણ આશ્રય લે છે. પણ પેલો ગુલામ તરીકે. આ (અનુભવી) એક સ્વામી તરીકે.

પોતાને ઍંજિન ડ્રાઈવર હોય ત્યારે ઍંજિનને ૪૦ માઈલ, ૫૦ માઈલ, ૬૦ માઈલ, ૭૦ માઈલ સ્પીડે હાંકવાની એ બધી કળા જાણતો હોય છે. એ માસ્તર છે એનો. એવી રીતે આ માસ્તર તરીકે કામ. એને વાપરે છે. વાપરે છે હું કહું છું અને પેલો (જીવદશાવાળો) તો વપરાઈ જાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ બધામાં ખરાં. પ્રકૃતિ છે અને જ્યાં સુધી શરીર છે અને પ્રકૃતિ છે ત્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ખરાં ને ખરાં અને **સંસારીનું માનસ અખંડકાળ સંસારમાં અને અનુભવીનું માનસ અખંડકાળ ભગવાનમાં.**

**જિજ્ઞાસુ :** હવે આ તો એક બહુ સરસ જુદી રીતે તાળો મળ્યો. આપે કહ્યું એમાં. શંકરાચાર્ય એમ કહે છે. જીવન્મુક્તદશાની વાત કરે છે, કે જે અનુભવી છે જીવન્મુક્ત દશામાં તે બુદ્ધિમાં પ્રતિબિંબિત હું ચૈતન્ય છું એવું એ જાણે છે. જ્યારે જે જીવભાવમાં છે તે હું પ્રતિબિંબ

તેનું પ્રતિબિંબ છું એમ જાણતો નથી. આ એનો મોટો Difference એણે મૂકેલો છે. તે આ રીતે એટલે એ ઉપાધિ એને હોય છે. બુદ્ધિ વગર તે હોય જ કેમ એમ શંકરાચાર્ય સ્વીકારે છે અને વિદેહમુક્ત થયા પછી એટલે આ દેહ પડી ગયા પછી એ લય પામે છે એમ કહે છે.

**શ્રીમોટા :** એ બરોબર છે.

**જિજ્ઞાસુ :** બુદ્ધિ વગેરે એવું એ કહે છે.

**શ્રીમોટા :** પોતે એ જાતે પણ લય પામી જાય છે. એ ભગવાનના એક અખંડકાળ એક આખા બ્રહ્માંડની અંદર એનો જે લેયર છે એનું બોલવામાં એની અંદર લય થઈ જાય છે, પણ તેમ છતાં એનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે. શાથી રહે છે ? કે જે એના આગળપાછળનાં બધાં હોય, ભક્ત લોકો એને ચિંતવતા હોય, ચિંતવતા હોય એને લીધે સ્વતંત્ર અસ્તિત્વ એનું છે. બાકી છે નહિ. બાકી સ્વતંત્ર નથી.

એમનું સ્વતંત્ર અસ્તિત્વ છે નહિ. ભગવાન સિવાય. एनी સાથે ભળી ગયા તે ભળી ગયા. પણ તે ભક્ત લોકો છે. જે-જે એને પ્રેમભક્તિથી યાદ કરે છે અને એનું પણ છે કે ગમે તેટલા જ્ઞાની, અનુભવી થયા હોય દરેકના કાળના તબક્કા જુદા તે આપણે નક્કી ના કરી શકીએ. કરી શકાય ખરું. હવે બધી માથાકૂટમાં શું કરવા એમાં આપણે આ ચૂંથણા ચૂંથવાથી આપણને કંઈ લાભ નહિ ભઈ પણ એવું છે.

સ્વામીનારાયણ સંપ્રદાય લગભગ ચારસો, સવા ચારસો વર્ષ ચાલે. રામ તારી માયા. પછી એનું નૂર ઊતરી જવાનું. અમારા વૈષ્ણવ ધર્મનું નૂર ઊતરી ગયું. સમર્થ પુરુષો, અનુભવી પુરુષો હતા. વિઠ્ઠલ નાયકજી સુધી હતા. પછી નથી. એવી રીતે આ જે પુરુષો થાય તે લય પામવા છતાં એમનું (એક ભાઈને : બેસોને ભઈ ત્યાં. તે પાછળે બેસાશે.) લય પામવા છતાં સ્વતંત્ર Existence હોય એવું લાગે છે. પણ એ ભક્તોને લીધે. હાજર પણ થયેલા છે એવા દાખલા છે. રામકૃષ્ણ પરમહંસ શરીર મરી ગયા પછી દેખાયા છે. રમણ મહર્ષિ દેખાયા છે. મારા ગુરુમહારાજ તો મને પ્રત્યક્ષ અનુભવ એટલો બધો કે કહ્યે કસર નહિ કે છોકરાંઓને પણ સાક્ષી થાય એટલો બધો અનુભવ.

એટલે એવા લોકો અશરીરી છે તે સાચી વાત. આ તો શરીર સાથે હોવા છતાં અશરીરી. છતાં કેટલીકવાર મેં મારી સાધનામાં મુશ્કેલીમાં જોયેલા છે. મળેલો છું. જાતોજાત. એ શરીર લઈને આવે છે તેમાં એને સ્પર્શમાત્રા નહિ. સ્પર્શની માત્રા નહિ એને. સ્પર્શમાત્રા જેમ કહીએ ને જેમ ગીતામાં છે તે પણ નહિ. અલૌકિક. શરીર પણ અલૌકિક. આપણા જેવું દેખાય પણ તેજથી આલોકિત. સૂક્ષ્મદર્શક, આરપારદર્શક અને ઓર પ્રકારનું શરીર પેલું શરીર ત્યાં પડ્યું હોય. આવે એ બીજા શરીરે. એ જે શરીર લાવે તે દૈવી શરીર. એ તમને બરોબર એને નહિ. પણ આ જે શરીરમાં રહ્યો. જન્મ્યો. અનુભવ હોય તોપણ એ ખરું.

**જિજ્ઞાસુ :** મોક્ષ એ તો નિત્ય પ્રાપ્ત અવસ્થા છે દરેક વ્યક્તિને. એ કાંઈ પ્રાપ્ત કરવાની અવસ્થા નથી.

**શ્રીમોટા : સામાન્ય જનમાનસમાં જે પ્રચલિત વાત છે કે જન્મ-મરણ નહિ એ ખોટી વાત. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગદ્વેષ, અહમ્ આદિથી મુક્તિ. એમ હું સમજું છું.**

**જિજ્ઞાસુ :** આત્માનુસંધાન એ મોક્ષ કહેવાય કે નહિ ?

**શ્રીમોટા :** તે સિવાય તો થાય કેવી રીતે મોક્ષ ?

**જિજ્ઞાસુ :** હું એ પ્રશ્ન કરું છું કે આત્માનુસંધાન એટલે આત્મસ્વરૂપની ઓળખાણ જેને કહીએ. જે નથી. એને કારણ બંધનની અવસ્થા છે. તો એમાં કર્મનો શો ઉપયોગ છે ? આત્માનુસંધાનની બાબતમાં એ કર્મની ઉપાસના એ કેટલે અંશે useful છે આમાં ?

**શ્રીમોટા :** આમ જેને આત્મા કહીએ. આપણે બોલીએ તે કોઈ એક સ્થળ કે કાંઈ નહિ જણાય કે આકાર નથી, પણ એવી એક જે પરિસ્થિતિ કે જેમાં મનાદિ અમુક રીતે બધાંમાં ભળેલાં હોવાં છતાં સ્વતંત્ર રીતે બધાંનો સાથ લીધા વગર સ્વતંત્ર રીતે જીવી શકે છે અને એને પોતાને એમ થાય છે કે હાલ જે હું છું તે હું નથી. મારું સ્વરૂપ જુદું છે. ને આ બધાંની સાથે પ્રકૃતિ, પૃથ્વી, મનુષ્ય, કર્મવહેવાર બધાંની સાથે સંકળાયેલો છું. બધાંથી નોખો છું.

આમેય આપણે વહેવારમાં જ વિચારો બધાંની સાથે હળો છો, ભળો છો. બધાંથી નોખા છો ખરા. એમ તમને લાગે. બધાંથી નોખા છો એમ તમને લાગશે જ. પણ જીવદશાથી લાગે છે. એવી રીતે એને અનુભવ થાય. તો અનુભવીનું કર્મ એ સાથે શું લેવા દેવા ?

**જિજ્ઞાસુ :** મારો પ્રશ્ન એવો છે કે જીવદશાવાળી વ્યક્તિ છે એણે એ પ્રાપ્ત કરવું છે. એમાં એને કર્મની ઉપાસના કેટલે અંશે ઉપયોગી બને છે ? તે ક્યાં સુધી બને છે ? એટલે આત્માનુસંધાન કરવામાં જીવદશાવાળા મનુષ્યને કર્મ કઈ રીતે ઉપયોગી બને છે ? કર્મનો શો ફાળો છે ?

**શ્રીમોટા :** હું તો શાસ્ત્ર ભણ્યો નથી. સામાન્ય ગામડિયાની વાત કરું છું. એક તમને Tendency થઈ. વૃત્તિ. કંઈ કશું ભોગવવાની. એ Tendency થઈ તે બેસી રહેશે ? કે એ દિશામાં જ ગતિ રહે છેને! તે તમારે એ ખાશો ત્યારે જંપશે એ. સામાન્ય જીવદશામાં આ હોય છે. તો તેવી રીતે આપણે જો સામાન્ય રીતે દરેક માણસને આમ જ હોય છે કે વૃત્તિ જાગે તે સ્વરૂપવાળી થાય—સાકાર થાય. ભોગવીએ. ત્યાર પછી બીજું. તેમાં પરોવાઈએ. એમ અનંત કાળ ચાલ્યા જ કરે છે. એને બદલવાની આપણી તાકાત નથી.

ત્યારે હવે આ કર્મ રહ્યાં. કેવી રીતે આને અનુભવવા ? પણ આનો સાર આપણે સમજો. કે વૃત્તિ થઈ. તે એ સાકાર થાય. એ ગતિશીલ છે. સર્જનશીલ છે. એ બુદ્ધિ સ્વીકારે છે કે નહિ ? હવે આપણે આવા હોવા છતાં આપણે ચેતન થવું છે. આત્મા થવું છે.

હવે આત્મા થવું છે તો માણસે વિચારવું જોઈશે. પોતાની પ્રકૃતિનો વિચાર કરી લેવો. કે આ પ્રકૃતિનું શું ? માળા હાળા બેસને હવે માથાકૂટ શું ? હવે છીએ તે શું ખોટા છીએ ? પણ આવા બધા વિચાર આવે. આ બરાબર નહિ. સુખદુઃખ, માનહાનિ. આ ને તે બધું ક્લેશ ને કંકાસ ને મુશ્કેલીનો પાર નથી આવતો. હેરાન-હેરાન. મરી ગયા. મને આ નહિ જોઈએ.... જતો રહેશે. તો આ અંગે તો પર થવાની વાત કરી છે. હવે એનાથી પર થવું હોય આપણે તો પ્રકૃતિથી સિવાય—

પ્રકૃતિનો વિષય નહિ. પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારના વિષયમાં આપણું મનન-ચિંતવન થવું જોઈએ. આપણી સહજમેળે મનાદિકરણમાં આ બધું પ્રવૃત્તિ ચાલ્યા કરે એમ નહિ બને. મનાદિકરણ છે. એ તો કોક જ Exceptional જીવ હોય તે કરોડોમાં કોક જ હોય. પ્રહ્લાદ જેવો થયો કે નાનપણથી એને રાગ લાગ્યો. આ મારા તમારાથી એવું થશે નહિ. તો આપણે ખરેખરી જિજ્ઞાસા જાગી હોય અંદર તો વૃત્તિ જેમ સાકાર થતી હોય છે ને કે નથી થતી ? તો તમારી જો ભગવાનને મળવાની ધગશ લાગી હશે તો એ આકાર એનો ગુણધર્મ એ આકાર ન લે તો એમ સમજવું કે તમારી મંદ ગતિ છે. જિજ્ઞાસાની.

તમારી જિજ્ઞાસા હોય તો તમને ખાતરી થાય છે કે પાંચ-સાતવાર વિચાર તો આવે છે. જિજ્ઞાસા છે મારી એની ખાતરી થઈ જાય કે ન થાય ? પણ ઉત્કટ જિજ્ઞાસા જાગી કે ઉત્કટ વાસના જાગી. તો એ જેમ સાકાર થઈને ભોગવડાવે છે તેવી રીતે આ જિજ્ઞાસા. તો એ ગતિશીલ થાય, સર્જનશીલ ને ક્રિયાશીલ થાય. એ એનો સ્વભાવ. નદીનાં પાણીના પટમાં વહે એવી રીતે એનો આ સ્વભાવ.

હવે શ્રેયાર્થીને મથતાં માણસને ખરેખર રીતે જે મથે છે, એને પણ મૂળમાં તો જિજ્ઞાસા ખરી જ. એ કોઈ તો ના પાડી શકે જ નહિ. અને એ જિજ્ઞાસા જેમ જેમ કરીને અખંડ થાય તો એને કર્મમાં પણ પ્રેરાવે છે. અને બીજું એક Psychology તો હું ભણ્યો નથી. પણ જેનું મનન-ચિંતવન એકધારું, એક જ પ્રકારનું એના ક્રમમાં પણ એ જ પ્રકાર આવે. કર્મને સ્થૂળ શાથી કહ્યાં ? ત્યારે મનાદિકરણથી જ થાય છે. મનાદિકરણ વિના થતાં નથી એ વાત તો બધાંને કબૂલ કરવી પડશે. ગમે તે હોયને એને. જ્યારે એ મનાદિ છે. ત્યારે એક બાજુથી મનાદિને શ્રેયાર્થી બ્રહ્મના કે આત્માના મનન-ચિંતવનમાં રોક્યા કરે.

હવે મનન-ચિંતવન રહે એ તો કાંઈ Abstract છે. ભણેલા-કરેલા. જાણીએ નહિ. એટલે Abstract છે. તો તમારી વૃત્તિ Abstract હોય છે. તે કાંઈ દેખાતી નથી. વૃત્તિ સાકાર થાય છે. તો આ પણ તમારી હોય તો સાકાર થવાની જ. Inspite of yourself આ છૂટું

પાડી શકાય એમ નથી. જેમ શ્વાસોશ્વાસ. એને તમે ગમે તે સંજોગોમાં માંદા-સાજા ચાલુ જ. તમારે કેમ રહે છે ? કુદરતનો સ્વભાવ એનો. સહજ ગુણધર્મ એનો. એવી રીતે આનો સહજ ગુણધર્મ કે જિજ્ઞાસા થઈ એટલે એ પ્રમાણે ગતિશીલ રહેવાની.

અને બીજું કે સતત જેનો જેનો વિચાર કે કર્મ કર્મમાં પણ એ જે વિચાર છે માનસિક. મનની અંદર. એમાં ગમે એટલો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠવાળું મન હોય તોપણ એને તમે સાકાર નહિ કરો ત્યાં સુધી એ ઢીલું રહેવાનું. એટલે મનાદિકરણથી તમે Idea જેટલો સાકાર કરો એટલી મક્કમતા વધવાની. મનમાં રહેલું જે છે એને ગતિશીલ, ક્રિયાશીલ થઈને એ સાકાર થાય. ત્યારે એની મક્કમતા, દૃઢતા પાકી.

ત્યારે એવી રીતે શ્રેયાર્થી જ્યારે મથતો હોય તો એની જિજ્ઞાસા હોવાથી જ તે પ્રમાણે એનાં કર્મ થવાનાં જ. એમાં ફેરફાર નહિ. અને એના કલ્યાણમાં કર્મ નહિ થાય તો મનાદિકરણની વૃત્તિ સર્જન નહિ થાય, પણ ભાવનાને સાકાર કરવાને માટે કર્મ Essential છે.

કોઈ કહેશે તમારે માટે બહુ પ્રેમ, બહુ પ્રેમ. ઘણાં મને કહે, **મોટા**, તમારી બહુ કૃપા! ગપ્પાં મારે છે લોકો. એના મનમાં તો જરા અમસ્તા ના હોઈએ. બોલાય નહિને મારાથી. મૂઆ, મને કહેવા દેને લોકોને. ખાલી ખાલી બોલ્યા કરે છે સાહેબ. આશીર્વાદ માગે, પણ મનમાં તમારી સભાનતા એની રાખીને કરો. તો મને વાંધો નથી.

ત્યારે એ નમવાની પ્રથા પણ આપણા લોકોમાં બહુ. હું તો ખુશી થઉં કે ભઈ આ બધી પ્રથા પાડી છે. પણ લોકો હવે આ કાળ બગડ્યો છે. કોઈ સમાધાન, કોઈ સમજાવા જાય તોય કોઈને કરવું નથી. એટલે શું સમજે ? પણ **નમીએ તે વખતે સભાનતાપૂર્વક અને ખરી રીતે મારા હેતુ અને અહમ્‌ને તદ્દન મોળું પાડવું છે. અહમ્‌ને મારે સંપૂર્ણ મોળું પાડવું છે. માટે એની આ પ્રક્રિયા છે. એ રીતે નમું છું અથવા તો બીજા જે સત્‌પુરુષ છે તેના પરત્વે સભાનતાપૂર્વકની તમારામાં ભક્તિ તે વખતે પ્રગટેલી હોવી જોઈએ. એની સભાનતા હોવી જોઈએ.** કોઈ પણ કર્મ સભાનતા વિનાનું નકામું છે. સંસારવહેવારમાં કર્મ કરો છો તો એ કર્મ

પાછળની તમારી સભાનતા રહે છે. સ્વાર્થ કાંઈ આવી પડે તો એ કામ કરવાનું હોય તો એ સ્વાર્થની સભાનતા રહે છે. એવી રીતે આમાં રહેવી જોઈએ. ના રહેતી હોય તો હું એને બરાબર નહિ ગણું. રહેવી જોઈએ.

દરેક શ્રેયાર્થીને આત્માનો અનુભવ કરવાને માટે જેમ મનની અંદર જિજ્ઞાસા, એ જેમ Essential તો જો એ જિજ્ઞાસા થઈ તો એનું second પરિણામ એ સાકાર થવું જ જોઈએ. ના થાય તો જિજ્ઞાસા નહિ. જેમ વૃત્તિ થઈને સાકાર થાય છે. તો પેલું પણ સાકાર થવું જ જોઈએ. કોઈ ને કોઈ કર્મ દ્વારા એનું તમને મનન-ચિંતવન કરાવ્યા જ કરે. એનો અભ્યાસ કરાવ્યા જ કરે. નીકર નહિ પત્તો ખાય. તું મારી સાથે જોડાઈ જા. ભગવાન તો હંમેશાં જોડાયેલો છે. આપણે ભૂલી ગયાં છીએ. આપણે ભગવાનથી છૂટાં નથી. બિલકુલ છૂટાં નથી. તે આપણે એનું જે સાતત્ય છે. જે અજ્ઞાનને કારણે ભૂલ્યાં છીએ. તે અજ્ઞાનને હઠાવવાને માટે જ્ઞાનનો ઉપાય છે. જ્ઞાનરૂપી તલવાર ધારણ કરવી પડે.

તો **મોટા**, તમે contradictionની વાત કરી. બિલકુલ humbug. મેં કહ્યું. વાત સાચી ભઈ. અજ્ઞાનમાં છે તે જ્ઞાન કેવી રીતે આવે, પણ આપણી બુદ્ધિ છે એ જ્ઞાનનો ભાગ છે. બુદ્ધિથી વિચારી વિચારીને આપણે કામ કરવાનું, પણ જે કાંઈ કરીએ તેની સભાનતા પહેલી રાખવાની. સભાનતા વિનાનું કરેલું કર્મ તે એમ કહે છે કે ઊર્ધ્વ પંથમાં આગળ નથી આવતું.

**જિજ્ઞાસુ :** મારો પ્રશ્ન પછી આગળ આવે છે કે ક્યાં સુધી કર્મનો ઉપયોગ છે ? To be stop at a particular point એટલે અમુક સ્ટેજ આવ્યા પછી.

**શ્રીમોટા :** કર્મનો હવે વિચાર કરી લ્યો. અનુભવી છે સંપૂર્ણ. આટલે સુધી તમને સમજણ પડી ગઈ. કર્મ ત્યાં સુધી ખરાં. એને અનુભવવા સુધી. એમાં શંકા નથી રહીને ? ચાલો, હવે એ રહ્યું કે અનુભવ થયો. પણ એને શરીર રહ્યું કે નહિ ?

**જિજ્ઞાસુ :** ના. હું એ વાત જીવદશાવાળાની વાત પૂછું છું.

**શ્રીમોટા :** ઓહો... જીવદશાવાળા.

**જિજ્ઞાસુ :** અનુભવીની વાત નથી.

**શ્રીમોટા :** જીવદશાવાળાને તો કર્મ છે, છે ને છે જ.

**જિજ્ઞાસુ :** એટલે એ આત્માનુસંધાનના માર્ગે ગયો. એ જતાં જતાં એવી એક સ્ટેજ આવે છે કે જ્યારે કર્મ અને ઉપાસના કે જે કાંઈ કરતો હોય તેને મૂકી દેવાની અવસ્થા આવે છે.

**શ્રીમોટા :** આવે છે.

**જિજ્ઞાસુ :** એની વાત છે.

**શ્રીમોટા :** આવે છે.

**જિજ્ઞાસુ :** How far?

**શ્રીમોટા :** તે આવે ખરી અને મૂકી દે છે ખરી. પણ પછીથી એની મેળે આપમેળે Automatically ચાલુ થઈ જાય છે, પણ આવે છે ખરી ને મૂકી દે છે. એટલું જ નહિ સાહેબ. આ તો પહેલી વાર વાત કહું છું કે અનુભવી પુરુષ Master of all કહેલો છે. એને સ્વામી કહેલો છે. તે ભૂખ, તરસ ઉપરે સ્વામી. એને એવા સંજોગો મળી જાય છે, ત્યારે ૮-૧૦ દિવસ ભૂખ વગર—ખાધા સિવાય ચાલે છે. પાણી સિવાય સાહેબ મારો અનુભવ છે. છ દિવસ સુધી પાણી બિલકુલ નહિ મળે. ત્યારે ભજન-કીર્તન, આ ટટ્ટી-પેશાબ વગેરેથી મુક્તિ, પણ હંમેશને માટે નહિ. એને અનુભવ થઈ જાય કે આ વાતનો હું સ્વામી છું. જેમ આપણાં ઘર છે. આપણે સ્વામી હોઈએ તો એને તાળાંબાળાં મારી દઈએ છીએને ? ગમે ત્યારે ઉઘાડવું હોય ત્યારે ઉઘાડીએ. એવી રીતે આને અનુભવ થાય છે ખરો. સાધનાની ઉચ્ચતર કોટિમાં ભૂખ—તરસ આદિથી મુક્ત રહી શકાય છે એવો એને અનુભવ થાય છે.

**જિજ્ઞાસુ :** ભગવદ્‌ગીતામાં નૈષ્કર્મ્યસિદ્ધિ અનુભવ વાપર્યો છે કે નૈષ્કર્મ્યઅવસ્થા આવે છે. કર્મ કરતાં કરતાં ત્યારે નૈષ્કર્મ્યઅવસ્થાને જ મોક્ષાવસ્થા કહે છે.

**શ્રીમોટા :** બરોબર.

**જિજ્ઞાસુ :** એ સ્પષ્ટ રીતે કહે છે. મને કાંઈક એવું સ્ફુરેલું કે માણસ pole-jump કરે છે. પેલો પોલ લઈને દોડે છેને ? પછી અમુક સુધી આવે છે. એટલે વાંસડો મૂકી પછી કૂદી પડે છે. એમ કર્મ ને ઉપાસનામાં મારી બુદ્ધિ પ્રમાણે અમુક સુધી ઉપયોગી થતાં હોવાં જોઈએ.

**શ્રીમોટા :** છૂટી જાય છે.

**જિજ્ઞાસુ :** આ અંગેની વાત પૂછું છું.

**શ્રીમોટા :** છૂટી જાય છે. એનાં સ્થૂળ કર્મ પછી. પહેલાંનાં કર્મ તો આત્માના અનુભવ અર્થે. હવે કાંઈ એવું છે નહિ એને. એને કર્મ ફરજિયાત નથી પણ એને કર્મ છે ખરાં. એ બ્રહ્મ છે. પળેપળ સક્રિય છે. નિષ્કામની ભૂમિકા પર સકામ છે. બ્રહ્મ પણ. આત્માની વાત કરીએ તોપણ તે સ્થિતિ એની થાય છે. ત્યારે તે નિષ્કામ હોવા છતાં કામ કરે કે ન કરે તે બધું સરખું જ છે.

**જિજ્ઞાસુ :** તો એવું ખરું ?

**શ્રીમોટા :** કેટલાંક પડી રહે છે હોં. પણ સાહેબ કેટલાંક એવા હોય છે, કર્મ વિના એમ ને એમ પડ્યા રહેલા હોય છે. તેમ છતાં મહાન જ્ઞાની એવા હોય છે.

મને યાદ છે એક પ્રસંગ. આ બધાંને સમજણ પડશે. ડાકોરમાં ગોમતીને કિનારે એક બજારમાં જતાં કૂવો આવે છે. તેની પાછળ પડી રહેતા એ. તદ્દન ગાંડો જ બધા કહેતા એને. ઘણા વખત સુધી. મારા ગુરુમહારાજે મને કહ્યું, કે મગરમચ્છ પાસે લઈ જા. ત્યારે પૈસા તો મળે નહિ. પગે લાગ્યો, કે હુકમ ઉઠાવવાની તૈયારી છે. મારી પાસે પૈસા નથી. બિલકુલ નથી ? તો કે ના. તો માગી લાય. મેં કહ્યું, હું ગરીબ માણસ મને કોણ આપે ? એટલી બધી ગરીબ અવસ્થા કે મારા ઘરમાં આવો ને હું બતાવું. તો પૈસા વિના મારાથી. તો કે મફત આવું તમારી સાથે. તમે બેસો ને હુંય બેસું. તો કે નહિ. પૈસા ચઈએ. તો પૈસા મારી પાસે નથી. મારી પાસે ઘરેણુંગાંઠું નહિ કે વેચીને તમને લઈ જઉં. પૈસા ચઈએ. જગા બતાવો મને આપે એવી. પૈસા મારી પાસે નથી. સાહેબ,

તે દિવસે ૮-૧૦ માણસો આવ્યા ને છન્નું રૂપિયા થઈ ગયા. કોઈ દિવસ આવે નહિ માણસો, કારણ કે હું ને એ બે જણ એકલા જ રહેતા હતા. ગામ બહાર બંગલો રાખીને. બીજું કોઈ આવનાર નહિ. ના જ પાડેલી. કોઈને આવવા જ નહિ દેવાનું. બે જ જણ અમે. ત્યારે બીજે દિવસે માણસો આવ્યા ને છન્નું રૂપિયા મૂક્યા. લ્યો. મને કહ્યું, *'બચ્ચા, દેખો પૈસા આ ગયા. અભી તું લે ચલ.'* તો કે મગરમચ્છ જોવા લઈ જા.

વડોદરામાં કમાટીબાગમાં મોટા મગરમચ્છ છે ને ખંભાત દરિયો છે ત્યાં કદાચ હોય. ક્યાં લઈ જઉં ? એ કહે નહિ બીજું. એ તો વારંવાર બાળકની માફક સો વાર બોલ્યા હશે. હવે મને ચીડ ત્યારે ચઢેલી. બોલ્યા કરો છો પણ જગાનું નામ તો દેતા નથી ક્યાં મારે લઈ જવા ? નહિ. *બસ લે ચલો અબી.* એટલી બધી રઢ લીધી. મૂઉં. હેંડો. હવે ચાલો. સ્ટેશને આવીને આણંદ સુધીની ટિકિટ લીધી.

પછી આણંદ આવ્યું. એટલે મેં મહારાજને કહ્યું, કે અહીંથી મોટો દરિયો આવે છે. દરિયામાં તો મગરમચ્છ હોય જ. આ બાજુ મુંબઈ જાય છે. વડોદરા છે. ત્યાં મોટા મોટા પાણીના કુંડ છે. તેમાં મોટા મોટા જબરજસ્ત મગરો છે. ને આ બાજુ રણછોડજીનું મંદિર છે તે રણછોડજીને મગરમચ્છ કહેતા હોય તો એ ત્યાં છે. તોય જવાબ ના આપે. અહીં લઈ જા એમ કહે જ નહિ. એ તો બહુ મુશ્કેલ છે, આવા લોકો સાથે કામ પાડવું હોં સાહેબ.

મને તો ગુરુમહારાજે શિખવાડેલું. એવી રીતે આપણે રહીએ છીએ. એટલે વાંધો નથી આવતો. જો અસલ અમારી રીત પ્રમાણે કહું તો ઘડીભર લોક સંઘરે નહિ સાહેબ મને. બિલકુલ નહિ સંઘરે સાહેબ. સાચું કહું છું. આપણને ખબર નહિ. શેને મગરમચ્છ કહે છે, તેય મને ખબર નહિ. પછી ફરતાં ફરતાં અમે ગોમતીના કિનારા પર કૂવો છે. તેની પાસે એના પર એક માણસ મેલાઘેલા જેવો પડી રહેલો. બરાબર ત્યાં જ. વરસાદમાં, ટાઢમાં, તડકામાં ત્યાં જ રહે એ. વરસાદમાં સુધ્ધાં. તેમની સાથે મારા ગુરુમહારાજે અલકમલકની વાતો કરી.

આપણને સમજણ નહિ પડે હોં સાહેબ. કંઈ આકાશની ને એવી બધી વાતો કરે. તમે ક્યાં સૂવો છો ? મારા ગુરુમહારાજ કહે હું તો આકાશમાં સૂવું છું. કે તમે ક્યાં સૂવો છો ? કહે કે કદીક વા ઉપર, તેજ ઉપર, કદીક પૃથ્વી ઉપર, જળ ઉપર, હંમેશનું આકાશમાં સૂવાનું હજુ થયું નથી. આવી બધી વાત કરે. આજે તો હું સમજું. ત્યારે નહિ સમજું. પછી મને કહે, જો આ મગરમચ્છ છે. મેં તો કહ્યું. આ તો માણસ છે. પણ અનુભવની દૃષ્ટિથી મગરમચ્છ. હવે એને કોણ ઓળખે ? કેટલાં બધાં વર્ષ સુધી એ ડાકોરમાં હતો.

એ કર્મ કરે છે ખરો. એને પછી કહી ગયા. મારી ભલામણ કરી ગયા. આ છોકરાને એટલા માટે તમારી પાસે લાવ્યો છું કે અમારી પાસે આવી શકે એવી સ્થિતિ નથી એની. પૈસા ન મળે. અહીં ડાકોર પાસે છે. એટલે તમને પૂછવા કરવા આવે તો સીધો જવાબ દેજો. આડીતેડી ભાષામાં જવાબ ન આપશો. તો કહે આપીશ. ત્રણેક વાર ગયેલો. બહુ સરસ જવાબ આપેલા. પણ હવે એને કોણ જાણે ? આવો અનુભવી છે કોણ જાણે ? કોઈ માને આ ? ભણેલાંગણેલાંની તો બુદ્ધિની પહોંચ જ નહિ ત્યાં આગળ.

હવે એવું બધું કરતાં. પણ એ છે. એવાને કર્મ દેખીતાં નથી લાગતાં. કર્મ દેખીતાં નથી. પણ એને કર્મ છે ખરાં. એને કર્મ છે. મનાદિકરણ દ્વારા એ કર્મ કરતો હોય છે. એને અનેકની સાથે સંબંધ છે. નિમિત્તને કારણે. એટલે ભેદ રહે છે. જીવદશામાં કર્મ Essential. એમાં કોઈને ભેદ નથી. પણ અનુભવની સ્થિતિમાં categoriesમાં ફેર. કોઈ સતત કર્મમાં પરોવાયેલા હોય. કોઈ ન પણ હોય. તો કે એને એવાં જ કર્મ જોઈએ એમ પણ નહિ.

**જિજ્ઞાસુ :** અનુભવીને માટે કર્મ compulsory નથી.

**શ્રીમોટા :** કર્મ છે ખરું. પણ અમુક જ કર્મ. મનાદિકરણ આવ્યાં, નિમિત્ત આવ્યું, એટલે કર્મ આવ્યું. નિમિત્તની વાત આપણે સ્વીકારીએ એટલે કર્મ આવ્યું એને. પણ કેટલાંક માણસ દ્વારા કરતા હોય. કેટલાંક પ્રત્યક્ષ રીતે કરે. અને કેટલાંક એની મેળે કરે. સૂક્ષ્મભાવથી. માત્ર

ભાવથી થાય. મનાદિકરણ ઊડી જાય. માત્ર એક ભાવ રહે એનામાં. નિમિત્તની વ્યક્તિ રહે અને પોતાનો ભાવ એનામાં રહે. એવી રીતે પણ કરે છે કર્મ. આ અનુભવી પુરુષ. ત્યારે કર્મ રહે છે ખરું. કોઈ ને કોઈ પ્રકારે કર્મ રહે છે. પણ essential નહિ. બિલકુલ Essential નહિ. એને લૂગડાં પહેરવાં essential નહિ. એ તો પહેરે એ લૂગડાં. લોકોને પસંદ ના પડે એટલે. બાકી, એને કપડાં પહેરવાં જોઈએ એવું કાંઈ નહિ.

• • •

**ઉદ્‌ઘોષક :** પૂ. શ્રીમોટાએ અમેરિકા ખાતે ભાઈશ્રી જયરણછોડ સેવકને ટેપરૅકૉર્ડ કરીને મોકલેલો આ સંદેશો છે.

**શ્રીમોટા :** હરિઃૐ આશ્રમની શરૂશરૂમાં પ્રવૃત્તિ થઈ ત્યારે મને લાગ્યું કે આ જાતની પ્રવૃત્તિ તો ચાલ્યા જ કરે છે, તે તો મનાદિ સાથે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે સંકળાયેલી છે. ભાવનાની સાથે એને તમે સામાન્ય જનસમાજને શી રીતે સંકળાય ? સામાન્ય જનસમાજ આમાં સંકળાય એ કેવી રીતે બની શકે ?

આજકાલ લોકો ભગવાનનું નામ લે, ધૂન ચલાવે, ભજન ગાય અને એટલું બધું ચીલેચલુ થઈ ગયું છે કે એમાંથી નવા પ્રાણ સ્ફુરતા નથી. જો અત્યારે સમાજમાં આ ભજન, ધૂન, આ બધું સપ્તાહો ને બધું ચાલી રહ્યું છે, એ જો ખરેખરા એના હેતુની સભાનતા સાથે ભજનની ભાવના સાથે, જીવનના ઉઠાવના સંચાર કરવાના હેતુની સાથે જો આ બધું થતું હોત તો સમાજ ક્યારનો ઊંચો આવી ગયો હોત, પણ બધું ઘરેડની રીતે થાય છે. ચીલેચલુ રીતે થાય છે.

ત્યારે મને લાગ્યું કે આપણા દેશમાં જુવાની ખીલે અને એ જુવાનીમાં મર્દાનગી, સાહસ, હિંમત, પરાક્રમ, ધૈર્ય, સહનશક્તિ આવા બધા ગુણો ખીલે એવાં આપણે કામ લો.

તે પછીથી બીજાં પણ એવાં ઘણાં કામો કર્યાં, પણ હજુ તમારા બધાંની સાથે બોલવાથી મને આનંદ છે. તક મળી છે તેથી તમારો આભાર માનું છું.

આજે સમૃદ્ધિ કરવાની વાત ચાલે ત્યારે પણ સમૃદ્ધિ કાંઈ ભાષણથી નહિ થાય કે બોલવાથી નહિ થાય કે લખાણથી નહિ થાય. પણ **જો દેશની ખરેખરી સમૃદ્ધિ કરવી હોય તો રીસર્ચ, સંશોધનો થવાં જોઈશે. અને આવું બનેલું છે. પશ્ચિમમાં અનેક દેશોમાં આ જાપાન, રશિયા બધા દેશોમાં જે સમૃદ્ધિ થઈ છે તે આ સંશોધનોને લીધે જ. તે મારા મનને એટલું બધું સાચું લાગી ગયું છે. એટલે ભગવાનની કૃપાથી એવાં સંશોધનનાં કામ થાય એમ વિચાર્યું છે.**

**આ સાલ પણ એવા પંદર લાખનાં બધાં સંશોધનનાં જ, રીસર્ચનાં જ વિષયનાં કામ લીધાં છે. એટલે તમારા ભાઈઓને ત્યાં બધાં આપણા ભાઈઓ તેમને મારી વિનંતી કે આપણા દેશને આપણે જો સમૃદ્ધ કરવામાં ભાગ લેવો હોય. આપણે પણ દેશના એક નાગરિક છીએ અને નાગરિક તરીકે આપણો પણ એક ધર્મ છે. એ જો તમે સાચેસાચું તમારા હૃદયથી માનતા હોવ તો આવાં કામમાં મદદ કરજો.**

અમેરિકાથી પણ કેટલાંક લોકો કેટલાક વિદ્યાર્થીભાઈઓ મને મદદ કરે છે અને જયરણછોડ છે તે તો મારા ભગવાનના ભક્ત. અમારા ડાકોરમાં રણછોડરાયજીનું બહુ મોટું મંદિર. એમાં આ સેવક પણ છે. કોઈ દહાડો પરસાદ-બરસાદ આપતા નથી હોં. પણ જયરણછોડ ત્યાં છે એટલે મને આનંદ છે. ઘણી વાર જયરણછોડને હું યાદ કરું છું, કારણ કે નામ જ એવું છે કે યાદ આવે જ. યાદ આવે એવું છે. ત્યાં બિરાજ્યા છે. તમારી બધાંની વચ્ચે અમારો સંદેશો એ બધાંને કહેશે તો ખરા.

અને અમારા દેશને સમૃદ્ધ થવાને માટે આ જે અમારાથી જે કાંઈ નાનું ઘણું થોડું ઘણું યત્કિંચિત્ જે ભગવાનની કૃપાથી કામ થાય છે. **એક હિમાલય પર્વત આગળ તલ જેટલું પણ જે કામ થાય છે એમાં તમારા હૃદયની સહાનુભૂતિ, ઓથ, બળ અને નક્કર મદદ મળે એવી મારી તમને બધાંને પ્રાર્થના છે.**

એને આપણે જ્યારે પ્રાર્થના કરીએ ત્યારે ઘણી મદદ મળે. અને ન કરે તોપણ. જેમ આપણે દીકરો હોય એ માંદો પડ્યો હોય અને

જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ. એ આપણી સાથે ન રહેતો હોય. પણ કૉલેજમાં રહેલો હોય, હૉસ્ટેલમાં. પણ ખબર પડે ત્યારે તરત દોડી જઈએ છીએને! એણે કહેવડાવ્યું ના હોય તોયે. કહેવડાવનારો તો હોવો જોઈએ. એવી રીતે ત્યારે સદ્‌ગુરુ મદદ કરે છે. ખરેખર. ત્યારે એમની મદદની જરૂર.

એટલે દૈવાસુર સંગ્રામ કે બહારના Forces પણ છે. ને તે આપણા પર અસર કરે છે અને અવરોધ કરવાને માટે મથતા પણ હોય છે. એટલે અવરોધ કરવાનો હેતુ નથી હોતો પણ દા.ત., ફૂલ ખીલેલાં હોય એની સુવાસ આપમેળે જાયને ? તેવી રીતે આ બે તત્ત્વો છે. દેવ અને અસુર. તે સૌ સૌના સ્વભાવ પ્રમાણે જ વર્તતા હોય છે. આપણે પણ કેમ માની લઈએ છીએ કે અવરોધકર્તા છે ? પણ આપણામાંનું કોઈ being, આપણાં મનાદિકરણનું કોઈ તત્ત્વ એટલું હજુ શુદ્ધ થયેલું હોતું નથી કે જેથી એને એ પકડી લે છે. એને ચૂસી લે છે. આ તત્ત્વ જે હોય છેને! અને બહારના પણ આ વાતાવરણમાં એટલી બધી વૃત્તિઓ, આપણે હજુ આ આગળ જતાં science પુરવાર પણ કરશે. કે આ વાતાવરણમાં કેટલા બધા વિચારો છે ? કેટલી બધી વૃત્તિઓ છે ? આ મારા હિસાબે તો સોએ સો ટકા સાચું છે.

તે કેટલીક વખતે આપણા મગજ પર કબજો લઈ બેસે છે, પણ શરૂઆતના ગાળામાં નહિ. આગળ જતાં. ત્યારે આપણે એમ થાય માણસને, જે શ્રેયાર્થી છે એ હંમેશાં પોતાની જાતનું પૃથક્કરણ કરનારો હોવો જ જોઈએ. કે આ કેમ વૃત્તિ થઈ ? આવી વૃત્તિ થવી ના જોઈએ. એ Tendency થઈ તો વિચાર કરેને ? આવી વૃત્તિ મને થવી ના જોઈએ. માટે આ રીતે પંચાત.

એટલે ત્યારે એ ક્યાં તો પ્રાર્થના કરે. ક્યાં તો બીજો આશરો લે. ક્યાં તો ભજન-કીર્તનોમાં જાય. કારણ કે જે હોય તેનાથી ઊર્ધ્વ તરફ એ ગતિ કરે. ક્યાં તો ધ્યાન કરે. બીજી રીતે practical આવું કરે. બેસી ના રહે. પણ એ આગલી ભૂમિકાઓમાં આવા બધા આવે છે.

ઘણા લોકો તો એમ કહે કે આવા બધા હુમલા આવે છે, હુમલા આવતા નથી. એ તો વાતાવરણમાં છે જ, પણ એનાં મનાદિકરણમાં ને એની ભૂમિકાઓમાં ક્યાંક એવું કાચાપણું હોય છે. તે બધું કાચાપણું હોવાથી એને સંગ્રહી લે છે. જેમ આપણા સ્થૂળ શરીરનું સ્થૂળ ચિત્ત એ દ્વંદ્વ ને ગુણના સંસ્કારો ચૂસી લે છે. તમો ઇચ્છો કે ના ઇચ્છો એની સાથે સવાલ નથી. Inspite of yourself. જેમ આપણે શ્વાસોશ્વાસ લીધા જ કરીએ. એમાં તમારી સાથેનો સંબંધ નથી. જીવનની સાથેનો સંબંધ છે. તેવી રીતે પેલા સંસ્કારો ચુસાઈ જાય.

આ અંગે શ્રેયસાધક સાચો છે, તે હંમેશાં પૃથક્કરણ કરે. આ કેમ મને વિચાર આવ્યો ? આવવો જ ન જોઈએ. હું જે કક્ષામાં... જે ધારણ... કે અહીંથી મારે સ્ટેશન જવું છે કે આડેઅવળે રસ્તે ચડી ગયા તો કે આ તે કાંઈ રસ્તો ન હોય કે આ માણસને પૂછીને આગળ જઈએ. તે વખતે એ માણસ વધારે જાગ્રત થાય છે. Alert થાય છે અને Alert થઈને પેલાને કાઢી નાખે છે.

તે મને એકવાર થયું. ખરી રીતે તો કુદરતની કળા ને આ હેતુ છે આમાં. તે એવી રીતે તમને સામનો કરવાની તક આપી આપીને તમારામાં એનું હજુ સુષુપ્ત પડી રહેલું આત્મિક બળ એને છતું કરવું છે. એ તો બહુ મોટામાં મોટી કુદરતની કૃપા છે કે તમને આવી રીતે એનો સામનો કરવાની એક તક આપીને તમારામાં રહેલા આત્મિક બળને એ છતું કરે છે. હું તો આ રીતે લેતો હોઉં છું.

તે આ વાતાવરણમાં છે ખરું. દેવ અને અસુર બન્ને તત્ત્વો છે. અનેક પ્રકારનાં વિચારો, વૃત્તિઓ એ પણ બધું છે. એ બધું છે ખરું. પણ જે ખરેખરો મથનાર છે તેને આવે છે. સોએ સો ટકા બધું કોઈનું આ બધું શુદ્ધ થઈ ગયેલું હોતું નથી. સમર્પણ કર્યા કરે. બધું કર્યા કરે. તોપણ. જેમ આપણું શરીર છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ સુધી ચેતન ઊતરી શકે છે. પણ શરીરની અંદર નથી ઊતરી શકતું. શરીરના રોમેરોમમાં, અણુયે અણુમાં, નસેનસમાં એ નથી ઊતરી શકતું.

## જળ અને પૃથ્વીતત્ત્વમાં ચેતનનું અવતરણ થતું નથી

ત્યાં એને હવે જે બીજા લોકો કહે છે તેમ હું નથી કહેતો. અવરોધ નથી. ચેતનને અવરોધ શું ? મારી તે અક્કલ બળી છે કે નથી બળી ? ચેતનને અવરોધ શો ? હું ના કહું એને. પણ એને મન ગમતું જ્યાં નરકના પોદળા પડ્યા હોય બબ્બે ફૂટ ઊંચા ને ત્યાં બેસાડે તો ત્યાં તમને બેસવાનું મન થાય ? તો ચેતન ત્યાં કેવી રીતે બેસે! એનો અધિકાર, ભૂમિકા હોવી જોઈએ, કે શરીરનાં જળ અને પૃથ્વી તત્ત્વમાં નથી એ.

એનું બીજું પણ કારણ છે. આપણે લોકો બુદ્ધિથી બહુ વિચારતાં નથી. ભગવાનની કૃપાથી મારે ને તમારે નિમિત્ત છે. કે જળ અને પૃથ્વી તત્ત્વ એ ભોગ તત્ત્વ છે. જળ અને પૃથ્વી તત્ત્વ સિવાય કોઈ જ કશું ભોગવી નહિ શકો. Impossible. દેવને પણ મનુષ્યયોનિ જ લેવી પડે, ભોગવવાને માટે.

આ બધું શાસ્ત્રો, પુરાણો બોલ્યા કરે છે તે ખોટું છે. જળ અને પૃથ્વી તત્ત્વ સિવાય કંઈ કશું ભોગવાય નહિ. ત્યારે એ ભોગયોનિ છે. જળ અને પૃથ્વી તત્ત્વ એ ભોગ છે. તે અનેક પ્રકારના ભોગ ભોગવતા હોય છે. એક પ્રકારના નહિ. અનંતાનંત વૃત્તિઓ, અનંતાનંત કર્મો. એ બધું ભોગવ્યું હોય એ ભૂમિકા કેવી હોય ?

એ તમે ગમે તેટલી ભક્તિમાં ઊંચા હોવ પણ જળ અને પૃથ્વી તત્ત્વ બેમાંથી ખસવું બહુ અઘરું. કારણ કે એને જે પાસ લાગ્યો. કારણ કે મૂળ ધર્મ કે આકાશનો ધર્મ શબ્દ. કે એમાંથી દૂર થાય જ ના. તેજનું રૂપ દૂર થાય ના. જળમાં રસ અને પૃથ્વીમાંથી સુવાસ*. આ બે જેમ દૂર ના થાય તેવી રીતે. આ જળ અને પૃથ્વી તત્ત્વને લીધે જ તમે ભોગવી શકો. એનું બંધારણ આખું.

હવે એ બંધારણથી છૂટું થવું જોઈએ. ક્યાં તો એ બંધારણ બંધ થઈ જવું જોઈએ. એટલે એ બહુ અઘરું છે. એનું આખું Natural બંધારણ છે. એનું constitution છે. એ નેચરલ શ્વાસોશ્વાસ છે કે

---

*ગંધ. પૂ. મોટાના ઉચ્ચારણમાં સુવાસ શબ્દ હોવાથી ઉપર તે શબ્દ છે. ખરેખર ગંધ અથવા વાસ શબ્દ છે.

આપણું કુદરતી બંધારણ. હવે એ બંધ થઈ જાય કે સમાધિ અવસ્થા થઈ જાય તે વખતે થોડો વખત સમાધિ રહે બરાબરની શૂન્યાવસ્થાની સ્થિતિમાં રહે.

## યોગની ભાષામાં સંયમ

અથવા તો પ્રાણાયામમાં અમુક પ્રકારનો થાય છે. એ તો સંયમની સ્થિતિમાં. સંયમ આપણે આ ભાષા બોલીએ તેમાં નહિ ભાષામાં સંયમ બોલીએ તે નહિ. યોગની ભાષાનો સંયમ.

**જિજ્ઞાસુ :** નિરોધ જેને કહીએ.

**શ્રીમોટા :** હા. એ જુદો સંયમ એ એનો જુદો શબ્દ મને આવડતો નથી. ત્યારે આ આખો એનો આ શ્વાસોશ્વાસની પ્રક્રિયા બંધ થઈ જાય. સપૂચી. નાડી-બાડી પણ ચાલે નહિ. બિલકુલ. તે એક એવી સ્થિતિ થાય ત્યારે. પણ તે સ્થિતિમાં આવતાં આ આકાશ, તેજ ને વામાંથી પૃથ્વી ને જળ જડ છે, કારણ કે Inertia પણ છે એનામાં. જળ અને પૃથ્વીમાં ઘણું Inertia છે અને બીજું ભોગ તત્ત્વવાળાં. તે ભોગ તત્ત્વવાળાં એણે અનેક ભોગવ્યાં. તે એનો સ્વભાવ જ એ. બીજો સ્વભાવ જ નહિ. એ જ સ્વભાવ. એટલે ત્યાં આવીને એ અટક્યું. એ ઊતરતું નથી એમાં.

હવે એનો અર્થ કે નહિ નીકળે એમ નહિ કહેવાય, કારણ કે બીજાં પાંચ તત્ત્વોવાળાં એવા આપણા માણસો છે. ઘણા છે. ત્યાં આગળ ઊતરેલા છે એવા છે.

પણ મૂળ વસ્તુ આ વિરોધ કરનારાં તત્ત્વો છે. પણ શરૂઆતના ગાળામાં નહિ. શરૂઆતમાં તો તમારી મંદાગ્નિ છે. એ જ મૂળ વાત છે. ખરેખરી તમને એ ઉત્કટ અભિલાષા થઈ જ નથી. નીકર તમે ઉત્કટ અભિલાષા થઈ હોય તો એક સાધનને પકડીને તમે પોતે જ પરીક્ષા કરી લ્યો. એક સાધનને પકડીને કેટલોક વખત તમે ટકી શકો છો. તો તમે સમજી લો તમારી લાયકાત છે.

## સ્વાર્થની સભાનતાની જેમ સદ્‌ગુરુની સભાનતા દરેક કર્મમાં રાખો

અને આ બધા સદ્‌ગુરુની વાત કરે છે તે મારે ગળે ઊતરતી નથી. સદ્‌ગુરુની વાત સાચી છે. નક્કર છે. હવાની જેમ નક્કર છે. તેજની જેમ નક્કર છે. આપણી હયાતી છે એના કરતાંય નક્કર છે. પણ એનામાં દિવસમાં ચોવીસ કલાક. તે ચોવીસે કલાક આપણો અભ્યાસ ક્યાં છે ? તમને ગમે એવા સંજોગોમાં રહેવાની, રહેવાની ને રહેવાની. કે જતી રહે છે ? બોલો તમે. તમારા સંસારવહેવારમાં જુઓ તમે.

**જિજ્ઞાસુ :** રહે છે.

**શ્રીમોટા :** કે સ્વાર્થની Awareness તમને રહે છે. પણ એટલી Awareness તમારા સંસારવહેવારમાં કામ કરતાં ભગવાનની રહેતી નથી. તો તમે સમજી લો કે હજુ આના માટે આપણી પાકી ભૂમિકા નથી. માટે અભ્યાસ હજુ વધારે પાકો કર્યા કરો. કે બે કલાક રાખો, ત્રણ કલાક રાખો, સાડાત્રણ કલાક વધાર્યા કરો. એમ કરીને બરોબર એનો તો એમાં Headlong ઝંપલાવો.

હા. એનું કામકાજ કરીએ એ ઉત્તમ છે. જોકે મારી ના નહિ કહેવાય. આ તો science છે. જેમ જે હોય તે સાચી વાત કરવી, પણ એને તમે મનમાં જો રાખો. એનું કામકાજ બધું કરો. એનું કરતા હોવ પણ એ મનમાં તે વખતે પળેપળ જીવતો ના હોય કે કરેલું કામ સારું છે. હવે એની કદર પણ પેલો ત્યારે કર્યા કરે. પણ મનમાં એ જીવતો હોવો જોઈએ. અને થાય તો ઉત્તમ છે. એ ફળદાયી છે.

અને પેલું એનું કામ જે કરતાં હોઈએ તે કામ નથી પણ એના સ્મરણને આપણામાં જીવતુંજાગતું ચેતનાત્મકપણે રાખવાને માટે આ કરીએ છીએ. આપને સમજણ પડે છે. આમાં ?

## સદ્‌ગુરુનું સ્મરણ રાખવા માટેના ઉપાય

**જિજ્ઞાસુ :** હા. તદ્દન સાચી વાત છે.

**શ્રીમોટા :** આ મારા પોતાના સમર્થનને માટે નથી કહેતો ત્યારે એવું કરનારા કેટલા ?

ત્યારે શરૂઆતના ગાળામાં તો બિલકુલ માણસની મંદાગ્નિ. અને મંદાગ્નિને પછી મંદાગ્નિ હોય તેનોય વાંધો નહિ. પણ એને નિર્ણય કરીને ગમે તેમ મરી જવાય તો ભલે. કે ખાઈશ નહિ ને પાણી પણ નહિ. પણ અઢી કલાક તો કરવા. પંદર દિવસે પા કલાક ઉમેરો. એમ કરતાં કરતાં તમારી વૃત્તિને વધારી શકો છો. કે તમારે એમાં આગળ વધવું છે. એ નિશ્ચય પાકો જોઈશે. અને નિશ્ચયને અમલમાં મૂકવો પડશે તો કે આ બધું છેને. બધું ચાલે છે. કંઈ કશું અટકી પડતું હોતું નથી. હિમાલયના જંગલમાં રહીને મેં કર્યું નથી. હજુ મારાં મોટાં ભાભી છે અને જવાબદારીવાળાં કામો કરેલાં.

મારા ગુરુમહારાજ કહે આ ઠક્કરબાપાની પ્રસ્તાવના લે. મેં કહ્યું, ઠક્કરબાપાની પ્રસ્તાવના લઈને શું કરવી ?

ભગવાનને માર્ગે જતો હોય તો કર્મ કેવી રીતે કરવાં એના પર મેં કાગળો લખેલા હેમંતભાઈને, અને નંદુભાઈને. તે 'કર્મગાથા' પછી લખી. તેમણે લખ્યું હોય તે મને આજે ખપમાં લાગે છે. તે લખ્યું છે. મારા વિશે એ લોકોએ લખ્યું છે. પરીક્ષિતલાલની લીધેલી રવિશંકર મહારાજે. મને ખાસ મન નહિ થાય. પણ તે લોકોના કહેવાથી કે **મોટા** આવું કામ કરતા હતા. **ત્યારે કામનો વાંધો નથી. કામ એ નડતરૂપ નથી. એ તો તમારી કરવાની જ્યોત સળગેલી નથી.**

## નકારાત્મક વૃત્તિઓ ઊઠતાં તે વેળા પ્રાર્થના, ભજન, સ્મરણ કરો

**જિજ્ઞાસુ :** એવું ખરું કે જેને અસદ્‌વૃત્તિના હુમલા કહીએ એ આપણી જ પ્રકૃતિનું કોઈ પરિણામ હોઈ શકે ?

**શ્રીમોટા :** ના. આગળ જતાં એવું કાંઈ નથી હોતું. આગળ જતાં દા.ત., ચૌદ ભૂમિકા લઈએ કોઈ વૃત્તિ આવી પડી તો એનો દોષ

નથી. તો એના ચિત્તમાં સંસ્કારો પડ્યા કે નથી પડતા ? અને આવી વૃત્તિઓ થાય છે તેની સામે જાગ્રત રહેવાય અને એને નિવારી શકું એટલે કે એને Resist (વિરોધ) નહિ કરવું.

તે વખતે જ્યારે વૃત્તિઓ જાગે ત્યારે ક્યાં તો ભજનમાં જવું, ક્યાં તો સ્મરણ કરવું, ક્યાં તો પ્રાર્થના કરવી, ક્યાં તો ધ્યાનમાં જવું. એ રીતે આગળ વધવું. તે વખતે તમે પેલાને Resist કરશો તો તો ખોટી વાત. **કારણ કે એ તો જેટલું Resist કર્યું તમે, કારણ કે એ તો પ્રકૃતિનો વિષય છે. સંસ્કારો, વૃત્તિઓ થવી એ પ્રકૃતિ છે. ત્યારે તમે પ્રકૃતિનો સામનો પ્રકૃતિથી કરશો તે નહિ ચાલે. એનો સામનો કરવો હોય તો એનાથી ઊર્ધ્વે ચઢો.** કે તે વખતે હું પ્રાર્થના કરું. ભજન ગાવું. ધ્યાન કરવું એવાં સાધનો હું કરતો અને પછી પ્રાર્થના કરતો. તો પછી સહજ થાય. એની સાથે કરી દો. કોઈ પણ રીતે. આ જીવનની આપણી ભૂમિકા ઉપર.

## *મોટા*ને પગે લાગનારા *મોટા*નું કામ કરે તો સાચા પગે લાગ્યા

તમે કામ કરો. સારું કામ કરો તમે સાહેબ. તમે એટલું બોલ્યા કરશો તે નહિ ચાલે. હું એટલા માટે કહું છું કે મારું કામ છે, એટલા માટે નહિ હોં. દા.ત., આ મારે ઇંદુ★ને ઘેર આખો ઓરડો ભરાઈ ગયો છે. મારો વિચાર છે કે ચોપડીઓ ખપાઈ જાય. **તો પગે લાગતા હોય ને આ બધું કરતા હોય કે વેચવી. મારી મરજી ખરી. તો તમારી લાગણી છે એમ પુરવાર થશે. બાકી ખોટી વાત. આ પગે લાગો છો તે ખોટા લાગો છો. એ દંભ છે એક પ્રકારનો. હું sincerely એમ માનું છું.**

**તમે જો ખરેખર કહેતા હોવ તો એને માટે માન આદર હોય ને પગે લાગતા હોવ તો આટલું કામ કરો.** પણ એ કરતા નથી. પણ તમે જો એનો લાભ લેવા માગતા હોવ તો સક્રિયપણે એનું કામ કરો. અને

---

★ શ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસ, ટાઉન હૉલની પાછળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

કામ કરતી વખતે એની સભાનતા રહેવી જોઈએ. અને સભાનતા વખતે એનો તમારો જે હેતુ છે એ પણ સાથે જોઈએ.

તમારા સંસારવહેવારમાં કોઈ માણસ છે. તદ્દન ખરાબમાં ખરાબ. જેને જોવો ના ગમે એવો. એની સાથે સ્વાર્થ પડે તો વેગળું બધું મૂકી દો છે કે નહિ ?

## *મોટા*નું કામ *મોટા*ને પોતાનામાં જીવતા કરવા માટે કરો

કારણ કે તમારો સ્વાર્થ Predominant હોય છે. તેવી રીતે આમાં પણ જો આપણે એની પાસેથી જીવનનો ઉત્તમમાં ઉત્તમ લાભ લેવો છે. જેવો તેવો નહિ. ઉત્તમમાં ઉત્તમ લાભ જો લેવો હોય તો તે લાભ લેવાની senseને જીવતી રાખવી પડશે. એમ ને એમ નહિ ચાલે સાહેબ. અને એ જીવતી રાખીને એ હેતુની સભાનતા રાખીને... x, y, z ની કે એના સ્વરૂપની કે જે કાંઈ કલ્પના હોય તમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અંદર રહેતી હોય તેવી સભાનતા રાખો. અને એને મારામાં જીવતો કરવાને માટે આ કર્મ કરું છું. **નહિ કે મોટાને મદદ કરવાને સારુ અને તમે નહિ હોવ તોપણ મોટાને મદદ થઈ રહેશે.**

અત્યાર સુધીમાં લાખોનાં કામો થયાં. કેટલા બધા પૈસા મળ્યાને! તે બધા x, y, z એ જ મદદ કરીને! એ તો હજાર હાથવાળો ધણી કરશે. ને નહિ હશે તેનો કશો વાંધો નહિ. આ કરો છો તે તમારા પોતાના સ્વાર્થને માટે કરો છો. તમારા પોતાના કલ્યાણને માટે કરો છો. ને એને **મોટા**ને આ દ્વારા મનમાં જીવતો કરવો છે. જેવો તમારો જીવતોજાગતો ભાવ.

આ પ્રયોગાત્મક વિષય છે. તમે મણિનગરમાં મારા માટે એક પ્રાર્થના લખેલી. એ ભાવેય ખરો છે. બધુંય સરસ છે. પણ એક વખત તમારામાં Fancy કલ્પના આવી, mood આવ્યો ને તમે લખ્યું. એ નહિ ચાલે સાહેબ. આ કાંઈ મારું ખોટું નથી. મારું કહેવું સાચું છે કે નહિ ?

**જિજ્ઞાસુ :** સાચું. સાચું.

## *મોટા*નું કામ *મોટા*ની ભાવના જગાડવા કરો

**શ્રીમોટા :** અને ખોટું હોય તો મને કહો. તમે તો શાસ્ત્રો ભણેલા છો.

**જિજ્ઞાસુ :** હકીકતમાં એ સાચું જ છે. મને પોતાને prestige નું એવું નથી. ભાવ ટકાવી રાખવા છેવટે મને એ સાધન લાગે છે. કેટલીક વખતે જેમ આપ કહો છોને કાંઈક પણ કામ કરીએ જોકે કામ એ કાંઈ આપણે કોઈ ગુરુનું કે એવું કાંઈ નથી. કામ આપણા પોતાના વિકાસ માટે કરતાં હોઈ કરી દેવું જોઈએ. કે કાંઈ આપણે મેળવવું હોય તો કાંઈ પ્રયત્ન તો કર્યા જ કરવો જોઈએને ?

**શ્રીમોટા :** કરવો જ જોઈએ.

**જિજ્ઞાસુ :** વળી, આ પ્રયત્ન એ ભાવ ટકાવી રાખવાનું.

**શ્રીમોટા :** સાધન છે. એ રીતે કર્યું. એમ કહું છું. આપ કહો છો એમ જ મેં કહ્યું, કે કામ માત્ર કામ તરીકે નથી પણ આપણા ભાવને એના પરત્વેના આકર્ષણને જીવતુંજાગતું રાખવાને માટે જ છે.

**જિજ્ઞાસુ :** હવે ધારો કે કોઈ માણસ હોય ને એનું કામ કરવાને ઇચ્છે. તો એનો અર્થ એ કે એની અને આપણી વચ્ચે એક સદ્‌ભાવ ટકી રહે એ જ...

**શ્રીમોટા :** એ જ, એ જ રાખવું જોઈએ. એ જ મેં કહ્યું.

**જિજ્ઞાસુ :** એમાં પણ માણસની પ્રકૃતિની મર્યાદા હોય છે. કેટલી બધી કે કદાચ એ માર્ગે જતો નથી. પોતે એ મૂકી પણ દે છે. તો આ માર્ગમાં પણ પોતાની પ્રાકૃતિક મર્યાદાઓથી માણસ એટલો બધો બંધાયેલો હોય કે એની Sincerity હોય, અભીપ્સા પણ હોય પણ એ એના લક્ષમાં ઘણું આવતું હોય એવું લાગે છે ?

**શ્રીમોટા :** ગરજ કરીને એના પરત્વેની. એના અંગેની એ પરિસ્થિતિ આવી. તે પરિસ્થિતિને કયા હેતુથી ? કઈ સમજણથી તમે સ્વીકારો છો એના પર મોટો આધાર છે અને વિચાર તો ખરી રીતે જતા જ ના રહે. શાસ્ત્રસંમત વિચાર આપણે કરીએ, તેવી રીતે જો એને લઈએ, સ્વીકારીએ તો વિચાર જતા નથી.

## ગીતાના શ્લોકની સમજણ

**જિજ્ઞાસુ :** એ આપે ગીતામાં કહ્યું.

**શ્રીમોટા :** કેવી રીતે થાય ? કેમ થાય છે ? એના માટે આપણે મૂળ ઉપર આવવું પડે. જો વિચાર જગાડનારી વસ્તુ હોય તોપણ એ કોને જગાડે છે અને કોને નથી જગાડતો એ પાછું આપણે પૃથક્કરણ કરવું પડે. દરેકને વિચાર નહિ જગાડે. ગમે તેને નહિ જાગે. અગ્નિ હોય તો બધાંને ગરમી લાગશે. એવું આમાં નહિ થાય. એવું વિચારમાં નહિ થાય. બધાંને વિચાર નહિ જગાડે. જેનામાં એ જાતની વૃત્તિ છે. એટલે એક પ્રકારની ભૂમિકા છે, તેને એ શરૂઆત માત્ર કરાવે પણ પછી એને સક્રિય બનાવો કોઈ સાધન દ્વારા. તો એ સક્રિય થશે. માત્ર તમને વિકાસ કરાવવા જ પેદા કરાવે એટલું જ. તો વિચાર થયો તો તમને જગાડી દે એમ નહિ.

કૃષ્ણ ભગવાને અર્જુનને બોધ આપ્યો. તે વખતે અર્જુન કહે છે કે नष्टो मोहः स्मृतिर्लब्धा (૧૮/૭૩) તો અહીં આગળ સ્મૃતિ એટલે કહે છે કે Consciousness of the Divine. એ સ્મૃતિ. તમારી સ્મૃતિ નહિ અને મોહ એટલે કે પ્રકૃતિ પરત્વેનું સર્વ પ્રકારનું વલણ આપણું લય પામી જાય. ભગવાનની ભક્તિમાં. नष्टो मोहः स्मृतिर्लब्धा કે ભગવાનની સ્મૃતિ એને થાય છે ત્યારે करिष्ये वचनं तव (૧૮/૭૩) ત્યારે વચનની શરણાગતિ એનામાં આવી. શરણાગતિ જાગે ત્યારે આ થઈ જાય. એની વ્યાખ્યા આ છે. તે એની સભાનતા જાગ્યા સિવાય સંસારવહેવારમાં પણ કોઈની સાથે આપણને પ્રેમ થાય એની વાત કરું છું. આપણને કાંઈક એને માટે સારો ભાવ હોય અથવા તો આપણે એ બહુ ખપનો માણસ હોય. સંસારવહેવારમાં પણ બહુ ખપનો. તો જ એનું કામ આપણે કરીએ છીએ સાહેબ. નીકર નહિ કરો તમે.

## ભગવાન સાથે સંબંધ બાંધવા સાધન કરો

તેવી રીતે ભગવાનને પણ એમ જ છે. તે જો આપણો લાગી જાય પણ જ્યારે એના સગપણની આપણને ખબર પડે એના ખપની. કેટલો

મોટો ખપનો છે આપણને! અને જીવનનું સર્વસ્વ છે આપણું. એમ આ ગળામાંથી બોલવું તે નહિ પણ Reality આ. તત્ત્વ જ આ. એમ આપણને લાગે ત્યારે સાહેબ એની સાથેની વાતચીત. આજે જ એક ભજન લખાયું છે.

હરિનાં પદકમળકેરી બાદશાહી અરે! એ બાદશાહી પણ ખરેખર તુચ્છ છે एनी પાસે. એ ભક્ત ગાઈ શકશે, કારણ કે પરસ્પરનું એને મિલન થઈ ગયું. સગપણ થઈ ગયું. એની સાથે. એવી એની સાથેની Relationship બંધાઈ જાય, પણ એ તો કાંઈ એમ ને એમ બંધાઈ નહિ જાય સાહેબ.

એટલે કોઈ સાધન કરવું અને એ સાધન પકડીને સતત એને વળગી રહેવું. ગમે તે ઉપાય કરીને. મેં Planning કરેલું, કે રોજ અઢી કલાક શરૂઆતમાં લેવું. પછી દર પંદર દિવસે દસ દસ મિનિટ વધારવી. ખાવાનુંય નહિ ને પીવાનુંય નહિ. જે દિવસે નહિ લેવાયું તે દિવસે ખાવાનુંય નહિ ને ચાય નહિ પીવાની.

**જિજ્ઞાસુ :** સ્મરણ અને ભજન.

**શ્રીમોટા :** ના. સ્મરણ તો ખરું જ જાણે પણ...

**જિજ્ઞાસુ :** સ્મરણ અને ભજન.

**શ્રીમોટા :** ભજન પણ કર્યા કરતો. પણ એમાં ગમતું નહિ. ભજનમાં ગમતું નહિ.

• • •

**શ્રીમોટા :** મારા જીવનના ઘણા પ્રસંગો બતાવી શકું એમ છું. ખુલ્લી રીતે. ગરીબ માણસને પૈસાની તો ઘણી જ ભીડ હોય. આજે મારે ભીડ પડે તો કે આ સિંગ માગવાને માટે તો એકદમ કંઈથી માગવા માંડ્યા ? માગવાના નહિ. આ માતાએ મને શરૂઆત. એક વખત મને વીસ રૂપિયા મૂકી દીધેલા ને ત્યારે મારે જરૂર હતી. આશ્રમમાંથી કેટલીક વખતે એવા.

હવે મને એમ થયું કે મારે આરામ લેવો છે ને મારે રહેવું છે. કોડાઈકેનાલ. કોઈ આશ્રમમાં. ત્યાં આશ્રમમાં આરામ છે મને

કુંભકોણમ્‌માં. ત્યાં સાહેબ, મચ્છરો બહુ. તેથી મને ઊંઘ ન આવે રાત્રે. અનિદ્રાનો રોગ. એમ જ કહોને આપણે બીજું તો બોલાય નહિ. અનિદ્રાનો રોગ એટલે ઊંઘ ન આવે ને મચ્છરો કરડે. મને મઝા ન પડે. તે અનિદ્રાનો રોગ ને હેરાનગતિ બહુ.

ભઈ લાલાજી, લઈ જા મને કોડાઈકેનાલ. કહે કે લઈ જઈશ. પણ મેં કહ્યું ખરચ તમારું નહિ. તે શેઠિયાઓને બહુ ખબર પડે. પણ પંચાત પડેલી કોઈની. હવે એમને તો ખબર ના પડે. તો આ તો હું જ પૈસા ખરચું. પણ મને લઈ જાવ. પૈસા ખરચીને મને લઈ જાય છે. સાત દિવસના અગિયાર હજાર રૂપિયા. કોડાઈકેનાલ ભગવાન મને લઈ જવો હતો તે લઈ જાય છે. ત્યારે મારે પૈસા જોઈએને! કે તમને પાંચ સાત હજાર મદદ કરીશ. હવે તેના દશ-બાર હજાર રૂપિયા કંઈથી લાવું ? કંઈથી લાવીને આપવા ? આશ્રમમાંથી તો કે એવું તમારે શું કરવા કરવું ? હવે એ તો મારો પ્રશ્ન છે. અંગત છે સાહેબ. અને કોઈક માગતું હોય તે મારી છોકરીને મેં કહ્યું, હોય તે ખબર છે એટલે આપે છે મને. ત્યાં આગળ શંકા પડી જાય છે. માળા હાળાને કરવા દેને. એ તો કર્યા જ કરવાના. **કોઈને છોડ્યા નથી. કૃષ્ણ ભગવાનને નથી છોડ્યા ને કોઈને છોડ્યા નથી. તે છોને લોકો બોલ્યા કરતા. આપણે આપણી જાત ઉપર મક્કમ રહીએ તો બસ.**

કારણ કે અમે કશું રાખ્યું નથી. આ મારા પૈસા બધા વાપર્યા. આ સાહિત્યના બધા આપી દીધેલા છે. જો એટલા રાખ્યા હોત તો મારી પાસે જોઈએ તો મબલખ ખરચું. ગમે તેમ ખરચું. અત્યાર સુધી ખરચ્યા નથી. કહ્યું છેને ભઈ, અનેક રીતે તમે જગતમાં ગમે તેટલી સાબિતી આપો પણ તે કોઈને ભક્તિ લાગ્યા વગર એનો કાંઈ Importance નહિ લાગે. આ મુખ્ય વાત કહું. ભક્તિ લાગે તો જ એનો તમને એનો Importance, એનું મહત્ત્વ તમારા દિલમાં ઊગશે. તે સિવાય નહિ ઊગે. સોએ સો ટકા હશે તોપણ હું એમ ના કહું.

## બીજા વિશે વિચારવાનું છોડો, પોતાના વિશે વિચારો

ભજનમાં લખ્યું છે, 'અલ્યા, અમે કેવા છીએ. તમે શું કરવા ફિકર કરો છો ? તમે કેવા છો એની ફિકર કરો.'

અમે કેવા છીએ એની ફિકર લઈને શું કરવા તમે ફર્યા કરો છો ? તમે કેવા છો એ તો વિચાર કરો. તો કોઈ ના કરે વિચાર. માણસ બીજાના વિશે જ વિચાર કરે છે. માણસ જો વિચારે તો પોતા કરતાં બીજાના વિશે જ વધારેમાં વધારે વિચાર કરતો હોય છે. જો માણસ વિચાર કરે, પૃથક્કરણ કરીને જુએ તો પોતાના કરતાં બીજાને માટે જ એ વધારેમાં વધારે જ વિચાર કરતો હોય છે. તો પત્તો નહિ ખાય.

તમારે આ માર્ગે જવું હોય તો આ બધું મૂકવું જ પડશે. નહિ ચાલે. એ તો કહે નથી. તો હું તો કહું રહેવા દે ભઈ. માથાકૂટ ના કરો. ધીરે ધીરે અભ્યાસ કરો. અને આ વૈરાગ્ય એમ ને એમ નથી આવતો.

### અભ્યાસ અને વૈરાગ્ય

અભ્યાસ અને વૈરાગ્ય ગીતામાં કહ્યાં ખરાં. વૈરાગ્ય તો કોકને ફૂટી આવે. પ્રહ્લાદ જેવાને, ધ્રુવ જેવાને. આપણને મારા તમારા જેવાને નહિ આવે. અભ્યાસની નિરંતરતા થાય તો વૈરાગ્ય ફૂટે છે. તે પણ મેં લખ્યું છે. અભ્યાસની નિરંતરતામાંથી વૈરાગ્ય ફૂટે છે. પણ વૈરાગ્ય ત્યાં સુધી નહિ આવે. આ બધું મિથ્યા છે એમ નહિ સાહેબ. વૈરાગ્ય એટલે આ બધું મિથ્યા છે એમ નહિ. પણ **વૈરાગ્યનો અર્થ હું એમ કહું કે નિષ્કામ, નિર્મોહ, નિરહંકાર. આ બધું ભેગું કરીને એક સમટોટલ એક સૂક્ષ્મ એનર્જી છે.** એમાં નિષ્કામપણું સંપૂર્ણ, નિર્મોહ, નિર્લોભ, નિરહંકાર, નિરાગ્રહ આવું બધું જ એનામાં ભેગું છે. આ બધાનું સમટોટલ એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી જે એનર્જી તે વૈરાગ્ય. આ તો મારી સમજણ. તો એ જાતની વૈરાગ્યની ભાવના તો એકદમ ફૂટે નહિ એ.

**જિજ્ઞાસુ :** ગીતામાં તો એમ કહે છે કે અભ્યાસ કરવાથી વૈરાગ્ય તો સિક્કાની બીજી બાજુ છે.

**શ્રીમોટા :** હા, એમ કરતાં કરતાં થઈ જાય. એ કરતાં કરતાં આવે છે. મેં કશાકમાં લખ્યું છે ખરું.

**જિજ્ઞાસુ :** લખ્યું છે.

**શ્રીમોટા :** હા જી.

**જિજ્ઞાસુ :** આ વૈરાગ્ય એટલે જુદો કોઈ બીજો નથી, પણ અભ્યાસ કરતાં કરતાં જ આ સિક્કાની બીજી બાજુમાં તમારે વીતરાગ ધીમે છપાઈ જાય.

**શ્રીમોટા :** છપાઈ જાય.

**જિજ્ઞાસુ :** હવે એ જે અભ્યાસ ઉપર જ કહે છે.

**શ્રીમોટા :** વૈરાગ્ય આવે એટલે ભગવાનમાં આપણું ચિત્ત વધારે ને વધારે જોડાય તો જોડાયેલું રહે. આ બધું ખોટું છે એમ નહિ. આ બધું મિથ્યા છે એમ નહિ.

## સર્વારંભપરિત્યાગીનો અર્થ

**જિજ્ઞાસુ :** સર્વારંભપરિત્યાગી જે કહે છે એટલે સર્વારંભપરિત્યાગી એટલે કઈ જાતનો ત્યાગ ?

**શ્રીમોટા :** આ જે દા.ત., આપણે અહીં કામ કશું કર્યું હોય તો આપણે સંસારી આશા, ઇચ્છા વગર શરૂઆત થાય નહિ કારણ કે પેલાને જે કર્મ કરવાનું છે, તે કર્મ અને જે ભક્ત છે, જ્ઞાની છે, યોગી છે, એને તો ભગવાન સિવાય વાત જ નહિ, કર્મમાં પળેપળ જીવતોજાગતો Alert ભગવાન મોખરે છે. એને કર્મ મોખરે નથી.

જેમ આપણે આપણા ગુરુની ચેતનાની ભાવના આપણામાં સંકળાવાને માટે કર્મ છે. આપણા માટે. તેવી રીતે પેલાને જે કર્મ છે તે કર્મ તો અનુભવીને નિમિત્તને લીધે જ છે. કર્મની કોઈ સ્વતંત્ર

એના માનસમાં કોઈ વ્યાખ્યા કે સમજણ છે નહિ. નિમિત્તના કારણે– કર્મ નિમિત્તને કારણે જ છે.

તો નિમિત્ત એ આરંભ થયોને ? એમ કોઈ કહેને ? તો આપણે એના વિજ્ઞાનની વાત કરીએ સાહેબ.

કે Realization જે stage છે. એ Realizationની stage એ ચેતનની stage છે. અને એમાં આદિ નથી અને અંતયે નથી. તે આપણે જેમ કહ્યુંને ભૂમિતિ છે. એને આમ સીધી લીટી. એને Breadth નથી. પણ આપણે બોલીએ ખરાં, પણ આપણા conception માં.

**જિજ્ઞાસુ :** એવું કહ્યું એ આપણે Axtom (સ્વયં સિદ્ધ તથ્ય) તરીકે આપણે લઈ લઈએ છીએ.

**શ્રીમોટા :** હા. એવું હોય છે. આ તે કાંઈ ભગવાનની બાબતમાં એને આદિ નથી ને અંતે નથી. પણ આપણે જ્યારે કાંઈ વિચારવા બેસીએ ત્યારે આપણી પોતાની પ્રકૃતિ હોય તે જ રીતે વિચારીએને! આદિ અંત લાવ્યા વગર હોય જ નહિ.

ત્યારે પેલાનો વિચાર કરો. તમે જે ગીતામાં લખ્યું કે એને (અનુભવીને) કોઈ આરંભ નથી. અનારંભ છે તો એની જે માનસિક સ્થિતિ છે તેનો વિચાર કરો. તે વખતે એ જે Divine Consciousness ની સ્થિતિમાં છે, એને કોઈ આરંભ નથી ને અંતે નથી. એટલા માટે એણે એમ લખ્યું ત્યારે નિમિત્ત છે. નિમિત્ત એનું એક...

એ નિમિત્તનો ગુલામ પણ નથી સાહેબ. અનુભવી પુરુષ નિમિત્તનો ગુલામ નથી. નિમિત્તમાં છે તો ખરો એ. એ પરિસ્થિતિનોય ગુલામ નથી, અનુભવી. કોઈપણ પરિસ્થિતિનો એ ગુલામ નથી.

એટલે એનો જ્યારે આપણે ગીતાએ કહ્યું તેનો વિચાર જે કરીએ ત્યારે એ પરિસ્થિતિ ચેતનનો ચેતનની psychology હોય જ નહિ. સાઇકૉલૉજીની વાત કરવી એ મૂર્ખામી ગણાય. પણ આ તો આપણે જીવદશામાં એક સમજવાની દૃષ્ટિથી કહીએ છીએ કે એને આ છે. એ સ્થિતિમાં આરંભે નહિ ને અંતે નહિ કોઈ.

એટલે પછી એને જેને આરંભ જ નથી, એને અંત ક્યાંથી હોય ? સર્વારંભપરિત્યાગી. દેખાય ખરો આરંભ કરનારો માણસ જગતમાં. પણ એને કોઈ આરંભ નથી એને. કારણ એને તો આખું એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પળેપળ એકતાર લગાતાર એની સાથે જ બંધાયેલા છે. એની (અનુભવીની) Awareness (ભગવાન વિશેની) અખંડ છે. એ કોઈ કાળે તૂટે જ નહિ બિલકુલ. જેમ અત્યારે આપણા-આપણું જીવન છે, પણ એની આપણને Awareness નથી. આપણે ખાઈએ છીએ, પીએ છીએ, બધું કરીએ છીએ. કામકાજ કરીએ છીએ, પૈસા કમાઈએ છીએ, ઘરબાર, છૈયાં છોકરાં, બધું ચલાવીએ છીએ, પણ એ જીવનને લીધે. પણ એ જીવનની એની કોઈ Awareness આપણને છે નહિ. એક ગાડરિયા પ્રવાહની પેઠે જ્ઞાનની વાતો ભલેને બધા કરતા હોઈએ. આની (જીવનની) કોઈ જાતની Awareness નથી હોતી. જ્યારે પેલાને (અનુભવીને) એવું નથી.

**જિજ્ઞાસુ :** નિષ્ક્રિય જવાનો કોઈ નથી એ.

**શ્રીમોટા :** ના.

**જિજ્ઞાસુ :** તે વસ્તુનો આરંભ જ ન કરવો જોઈએ એટલે.

**શ્રીમોટા :** એ તો બને જ નહિ, કારણ કે ચેતન જ પળેપળ સક્રિય છે.

## ગીતાના શ્લોકનો અર્થ

**જિજ્ઞાસુ :** मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव (૧૬/૫)

હવે ચિત્તશુદ્ધિ વગર તો મોહ, આસક્તિ વગેરે હોય ત્યાં સુધી ચિત્તશુદ્ધિ થયેલી કહેવાય નહિ. ત્યારે સોળમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ એમ કહે છે કે તું શોક કરીશ નહિ. તું દૈવી સંપત્તિ લઈને આવ્યો છું. તો દૈવી સંપત્તિનો અર્જુનને તે વખતે ક્યાંથી ઉદય થયો ?

**શ્રીમોટા :** એનું કારણ છે આપણે બધાં જીવદશામાં છીએ. આ જે શ્રીકૃષ્ણ ભગવાન સંબંધમાં વાત કરે છે તે વાત કરી છે. આપણે બધાં

જીવદશામાં હોઈએ એમાં પણ કોક વખતે તમે જો વિચારો કેટલા સુંદર ભાવનાના વિચાર આપણને આવે છે!

**જિજ્ઞાસુ :** હા.હા.

**શ્રીમોટા :** સુંદર. તે વખતે તમે એકાગ્ર પણ થઈ જાવ છો. ભલે થોડી પળો હોય, પણ એ આખા જીવનમાં કોઈને કોક જ વાર ભાગ્યે એવું બનતું હોય, પણ બનતું હોય છે. દરેકના.

**જિજ્ઞાસુ :** હા. હા. હા.

**શ્રીમોટા :** દરેકના જીવનમાં. અને મૂળ આપણે જોઈએ તો આપણે મૂળમાં તો છીએ. એમાં તો ચેતન જ છીએ. અને કેમ આવાં આવાં કેમ દેખાતાં નથી એ બીજો સવાલ છે પાછો.

**જિજ્ઞાસુ :** હા. એ બીજો.

**શ્રીમોટા :** એ તો પછી પણ મૂળમાં તો એક છીએ જ. એટલે પેલું જે આને લીધે પંચાત થવાની જરૂર નથી ભઈ. દૈવી સંપત્તિ લઈને જ આવેલો છે એટલે આપણે પણ. આપણને જ કહે છે એ. ભગવાન આપણને કહેતા હોય છે, કે આ બધાંમાં તું. કંઈ મોહ પામ્યો ? આ બધાંમાં કંઈ તું પડ્યો ? જાણી જોઈને જ તું જાતે દુઃખી થાય છે.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમેરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો! તુજ નામ પ્રિય હૈયે વસો.... ૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની.... ૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.... ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ, એવો હું સાવ નાદાન છું..... ૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ — શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | | |
|---|---|---|
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

૮. ચિદાકાશ ૨૦૦૦
૯. પ્રાર્થના પોથી ૨૦૧૦
૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ ૨૦૧૪
૧૧. શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ ૨૦૧૬
૧૨. શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) ૨૦૧૮
૧૩. બધું આપણામાં જ છે ૨૦૧૮
૧૪. સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા ૨૦૧૮


●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट


| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**


| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |


●

હું કાંઈ પૈસાનો પૂજારી નથી. હું ભગવાનનો પૂજારી છું. તો મારા ભગવાનને માટે મેં કર્યું છે. આવો તણખલા જેવો હતો, પણ મારાથી થયું તેવું બધું કર્યું છે. મેં કોઈ આળસ પ્રમાદ સેવ્યાં નથી. અને માંદો હોવા છતાં બેઠો બેઠો હું મારા ભગવાનનું નામ લખ્યા કરું છું. ભગવાનનું ભજન બેઠાં બેઠાં પણ કરું છું. મરતાં મરતાં પણ આવી માંદગીમાં પણ મેં ભગવાનને છોડ્યો નથી. લખ્યા કરું છું. એટલું બધું પ્રત્યક્ષ છે કે એને મારે સાબિત કરવાની જરૂર નથી.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૫-૬', ત્રીજી આ., પૃ. ૩૨*

કિંમત : રૂ. ૧૦/-